શ્રી ગોકુલનાથજીનું જીવન-ચરિત્ર

ચરિત્ર ૧ લું

પ્રાગટ્ય

પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોમાં ભાગ્યે જ એવો કોઈ વૈષ્ણવ હશે કે જેણે શ્રીગોકુલનાથજીનું નામ કે તેમનું જીવન ન જાણ્યું હોય ! શ્રીગોકુલનાથજીનો સમગ્ર વૈષ્ણવ સૃષ્ટિ ઉપર મહાન ઉપકાર છે અને એમનું પ્રાગટ્ય ના થયું હોત તો અત્યારે આ વૈષ્ણવ સંપ્રદાય ટકી રહ્યો છે તે કદાચ ના હોત અને આપણી શી દશા હોત તેની કલ્પના પણ આવવી મુશ્કેલ છે. ખરેખર આવા પરમકૃપાળુ, વૈષ્ણવ ધર્મના રક્ષક, મહોદાર, મહાન પરોપકારી અને દૈવીજીવોને શરણે લઇ ઉદ્ધાર કરનાર એવા શ્રીગોકુલનાથજીના ગુણગાન ગાવા એ સૌ કોઈની ફરજ છે અને એ હેતુથી અત્રે હું આપ સૌ વૈષ્ણવોની સમક્ષ આપશ્રીના જીવનના અગત્યના પ્રસંગો નમ્રભાવે પ્રભુકૃપાથી રજુ કરૂં છું.

આપ સૌ જાણો છો કે શ્રી મહાપ્રભુજીએ પુષ્ટિવૃક્ષનું બી વાવ્યું અને શ્રીગુસાંઈજીએ તેને સીંચન કરી વીકસાવ્યું ંતુ તે પુષ્ટિવૃક્ષ પડી ન જાય કે કોઈ તેને કાપી ન નાંખે ાં માટે તે વૃક્ષનું રક્ષણ કર્યું હોય તો તે શ્રીગોકુલનાથજી. ીમહાપ્રભુજીએ વૈષ્ણવો માટે આ ભવસાગર તરવા માટે

એક પુષ્ટિજહાજ તયાર કર્યું અને શ્રીગુસાઇજીએ જહાજને અનેક જગ્યાએ ફેરવીને ઘણા વૈષ્ણવોને તા પરંતુ એ પુષ્ટિજહાજ અથડાઇને તૂટી ના જાય કે ડૂબી જાય એની તકેદારી શ્રીગોકુલનાથજીએ રાખી અને સમ પુષ્ટિજહાજને ડુબતા બચાવ્યું. આવા મહાન ધર્મપ્રવર્તક અ ધર્મરક્ષક એવા શ્રીગોકુલનાથજીનું જીવન–ચરિત્ર આપણે વિસ્તાર જોઇએ.

પ્રાગટયનું કારણ

આ ભૂતળ ઉપર અનેક દૈવી જીવો આમતેમ ભટકતા હતા તેમના ઉદ્ધારનો એક પણ માર્ગ રહ્યો નહોતો. એ વખતે સૌ જપ, તપ, દાન ધ્યાન, સંન્યાસ વગેરેથી હીન બની ગયા હતા અ બધા જીવો વર્ણ, ધર્મ, આચારવિચાર કાંઇ જાણતા નહોતા અ દંભ, પાખંડ, ચોરી, વ્યભિચાર, અહંકાર વગેરે અનેક દુર્ગુણોથ ભરેલા હતા. આવા દોષોથી ભરેલા જીવોનો ઉદ્ધાર કરવ માટે જ શ્રીગોકુલનાથજી ભૂતલ ઉપર સર્વ સેવોપયોગ સામગ્રી સાથે પધાર્યા. આ ઉપરાંત આપશ્રીના પ્રાગટયનું બીજુ પણ કારણ છે અને તે પ્રભુ—રસમય પ્રભુ જ્યારે ગોલોકમ શ્રીસ્વામિનીજી સહીત આનંદ વિહાર કરતા હતા તે વખતે ભૂતલમ પણ તેવો જ વિહાર કરવા તેમણે ઇચ્છા કરી. એટલે પ્ર ભૂતલમાં રમણ કરવાની ઇચ્છા એ પણ આપશ્રીના પ્રા ટયનું બીજુ કારણ છે.

શ્રી ગોકુલનાથજીનું પ્રાગટય

શ્રી ગુસાંઈજીને શ્રી રૂક્િમણી વહુજીથી શ્રી ગીરધરજી, શ્રી ગોવિંદ રાયજી અને શ્રી બાલકૃષ્ણજી એમ ત્રણ પુત્રો થયા અને ત્યારબાદ સંવંત ૧૬૦૮ (ઈ. સ. ૧૫૫૨) ના માગસર સુદ ૭ ને ગુરૂવારના રોજ શ્રી ગોકુલનાથજીનું પ્રાગટય થયું અને આ પ્રાગટયના સમાચાર ચારે બાજુ ફેલાતા શ્રી ગુસાંઈજીના કુટુંબમાં અને સમસ્ત વૈષ્ણવ સમાજમાં એક ઓર જાતનો દિવ્ય, અલૌકિક આનંદ આનંદ છવાઈ ગયો. તરત જ વધાઇના માનમાં વાજીંત્ર વાગવા માંડયા. અનેક વ્રજ ભક્તો દર્શને આવ્યા અને દરેકને પ્રાગટયના લીલાસહિત બરાબર દર્શન થયા અને એ દર્શનથી સૌ કોઇ આનંદ પામ્યા. જેમ જેમ આ પ્રાગટયની ખબર પડતી ગઇ તેમતેમ અનેક વ્રજભક્તોના જૂથ મંદિરમાં આવવા લાગ્યા. દરેક પોત પોતાના કામકાજ છોડી પ્રભુના દર્શન માટે આર્તિપૂર્વક દોડવા માંડયા.

" જીરે જુવતિના જુથ ટોળે મળ્યા;
ગોપીએ સજીયારે નવસત શૃંગાર,
સાહેલી રે [1]શ્રીજીને નિરખવા.

ગોપીએ કંચન થાળ કરે ગ્રહ્યા,
માહી ભરીયારે મુક્તાફળ સાર
સાહેલી રે શ્રીજીને નિરખવા "

---

[1] શ્રી ગોકુલનાથજી. આપશ્રીના અનન્ય સેવકો તેમને શ્રીજી થવા શ્રી મહાપ્રભુજીના નામથી સંબોધે છે.

આ પ્રમાણે અનેક ભક્તજન વિવિધ પ્રકારની સામગ્રી લ શ્રીમુખ જોવાને દોડી આવ્યા. યુવતીઓના ટોળેટોળા વિવિધ પ્રકારન શૃંગાર સજી, માથે સોનાના માંગલિક કળશ અને તેમાં શ્રીફળ ધરી ગાતા ગાતા મંદિરના દ્વાર આગળ આવી પહોંચ્યા. લાંબા સમયન વિયોગ બાદ શ્રીમુખના દર્શન કરીને સૌ કોઈ વિરહ દુઃખમાંથ મુક્ત થયા. દર્શન માત્રથી સર્વે વૈષ્ણવો આનંદમગ્ન બની ગયા આ દિવસે તો શ્રી ગુસાઇજીના આંગણે શ્રી ગોકુલનાથજીનું પ્રાગટ્ય થયું હોવાથી નગારા અને ઝાંઝ વાગવા માંડયા અને સરણાઇ વીણા, તંબુરો, સારંગી વગેરેના સુમધુર શૂરોથી આખુયે વાતાવરણ આનંદમય બની ગયું હતું.

આવી રીતે આખાએ નગરમાં આ પ્રાગટયના સમાચારથી દરે જગ્યાએ આનંદ થઈ રહ્યો હતો તે વખતે ભક્તો સિવાય માગણ બંદીજન, ગંધર્વ વગેરે અનેક લોકો કંઈક મેળવવાની આશાએ શ્રી ગુસાઈજીના આંગણે આવ્યા અને પ્રભુનો જશ ગાવા લાગ્યા આ ઉપરાંત બ્રાહ્મણો પણ ત્યાં આવ્યા તેમણે વેદના મંત્રોચ્ચા સાથે વિવિ પ્રમાણે આશિર્વાદ આપ્યા. આ બ્રાહ્મણોને ખુશ કર માટે શ્રી શોભાબેટીજીએ અનેક ગાયો દાનમાં આપી અને માગ, સુત, બંદીજન, ગંધર્વ વગેરેને મોં માગ્યા દાન આપ્યા અન તેમને સંતુષ્ટ કર્યા.

હવે આ જે પ્રાગટય થયું તે વખતે શ્રીગુસાઈજી શ્રી ગિરિરા મ બીરાજતા હતા. આથી આ સમાચાર શ્રીગુસાઈજીને સંદેશા દ્વાર

મોકલાવ્યા. આ સમાચાર સાંભળતા જ શ્રીગુસાઈજીને અનહદ આનંદ થયો અને ત્યારબાદ તેમને શ્રીગોકુલનાથજીના દર્શન માટે અતિતાપ થવા લાગ્યો અને ક્યારે અડેલ જઇને એ શ્રીમુખના દર્શન કરૂં એવી તાલાવેલી લાગી. આથી શ્રીગુસાઈજી શ્રીગોવર્ધનનાથજી પાસેથી રજા મેળવીને અડેલ તરફ જવા માટે તૈયાર થયા. અડેલ આવીને શ્રીગુસાઇજીએ જ્યારે શ્રીગોકુલનાથજીના દર્શન કર્યા ત્યારે તેઓને ખૂબ જ સંતોષ અને આનંદ થયા.

નામકરણ

જ્યારે આપશ્રીના નામ વિશે અનેક વૈષ્ણવો પૂછવા લાગ્યા કે "આ બાળકનું નામ શું પાડયું" ત્યારે શ્રીગુસાઈજીએ આપશ્રીના નામકરણ માટે એક દિવસ નક્કી કર્યો અને જ્યારે તે દિવસ આવ્યો ત્યારે એક મોટો મંડપ રચાવ્યો અને તેની વચ્ચે એક સુંદર વેદી તૈયાર કરાવી. આ વેદી પાસે શ્રીગુસાઈજી અને શ્રીરૂક્મિણીજી શ્રીગોકુલનાથજીને ગોદમાં લઇને બેઠા. ત્યારબાદ શ્રીગુસાઈજીએ પોતાના બાળકના કંઠમાં તુલશીની માળા પહેરાવી. પછી પુન્યાહવાચન કરીને એક સુંદર થાળ મંગાવ્યો. તેમાં ચોખા ભર્યા અને ત્યારબાદ શ્રીગુસા- જીએ આપશ્રી માટે "શ્રીવલ્લભ" એવું શુભ નામ લખ્યું. એટલે આપશ્રીનું નામ "શ્રીવલ્લભ" જ નક્કી થયું. વલ્લભ એટલે પ્રિય અને ખરેખર શ્રીગુસાઈજીને પોતાના સર્વ પુત્રોમાં આ પુત્ર અધિક પ્રિય હતાં. આપણે સૌ વૈષ્ણવોતો આ શ્રીપ્રભુને શ્રીગોકુલનાથજીના ામથી જ જાણીએ છીએ તો આ નામ આપશ્રીનું કેવી રીતે પડયું

તે જરા જોઈએ. જ્યારે આપશ્રીનું પ્રાગટ્ય થયું તે વખતે શ્રી ગુસાઇજીના મહાન કૃપાપાત્ર, અંતરંગ ભકત "કૃષ્ણદાસી" તરત જ બોલી ઉઠયા કે, "મેરા ગોકુલનાથ આયાજી." ત્યાર પછી તેમનું આ નાંમ પ્રચલિત બન્યું અને તેથી મોટાભાગના વૈષ્ણવો આપશ્રીને આ નામથી વધારે ઓળખે છે.

'શ્રી વલ્લભ' એટલે જગત માત્રને પ્રિય અને આપશ્રી સૌને પ્રિય હતા જ. આ વલ્લભ નામમાં ત્રણ અક્ષર છે અને તે ત્રણ અક્ષર દ્વારા તામસ, રાજસ અને સાત્વિક જીવોનું સૂચન થાય છે. આ ત્રણ પ્રકારના જીવોના ઉધ્ધાર માટે જ આપશ્રીનું પ્રાગટ્ય છે એ આ ઉપરથી સમજાય છે.

આ ઉપરાંત આપશ્રીનું એક ત્રીજુ નામ પણ છે. અને તે "શ્રી કૃષ્ણ" શ્રી ગુસાઈજીએ આપશ્રીનું વ્યવહાર નામ તો શ્રીવલ્લભ પાડયું પરંતુ માસ નામ તો કૃષ્ણ આપ્યું. શ્રીકૃષ્ણ ભગવાનની માફક જ વ્રજભક્તોના મનોરથ પૂર્ણ કરી, પોતાની નિષ્કામ લીલાઓ દ્વારા પ્રમેય બળ દ્વારા તેમનો ઉધ્ધાર કરવા માટે જ આ પ્રાગટ્ય છે.

આ રીતે આપશ્રી માટે શ્રીગુસાઇજીએ ભકત નામ "શ્રી ગોકુલનાથજી" વ્યવહાર નામ "શ્રીવલ્લભ" તથા માસ નામ "શ્રીકૃષ્ણ" એમ ત્રણ નામ પ્રગટ કર્યા. શ્રીગોકુલનાથજી પોતે પોતાના ગ્રંથોમાં પોતાનું નામ "શ્રીવલ્લભ" જણાવે છે.

જન્મોતરી

નામકરણ વિધિ થયા બાદ શ્રીગુસાઈજીએ પોતાના કુળના ગોર ામા જોષીને બોલાવ્યો અને શ્રીગોકુલનાથજીની જન્મકુંડળી બનાવાનું જણાવ્યું. આથી સોમા જોષીએ આપશ્રીની જન્મકુંડળી બનાવી અને વાચીને જણાવ્યું કે આપશ્રી માટે દરેક ગ્રહોના સ્થાન તથા ફલ ણા જ સારા છે. આ પછી સોમા જોષીએ જન્મ પત્રીકા હાથમાં ીધી અને તેનું પૂજન કર્યા બાદ વાંચવા માંડી. આ જન્મોતરીનો ાર એ છે કે શ્રીગોકુલનાથજીનું પ્રાગટ્ય એ કોઇ ખરેખર દિવ્ય અલૌકિક પ્રાગટ્ય છે. આપશ્રીનો યશ ચારે દિશામાં લાશે અને ભૂતલપરના ભકતોના ભાગ્ય વિસ્તરશે. આ ાળક પોતાના પિતા પિતામહ વગેરે કુળના સર્વે વડીલોની ીર્તિને વધારશે. સ્વરૂપમાં કોટીકંદર્પને લજવશે. તે ભકતોના ોહીનો નાશ કરશે અને પાખંડનું ખંડન કરશે. સર્વ શાસ્ત્રોનું ક્ષણ કરી વેદાર્થ પ્રતિપાદન કરશે. જે કોઈ ભક્ત પોતાની ાસે આવશે તેને અપરાધો દૂર કરીને શરણે લેશે અને તેના ર્વ મનોરથ પૂર્ણ કરશે.

આ પ્રમાણે સોમા જોષીએ જન્મોતરી વાંચી લીધી એટલે શ્રીગુઇજી આ સાંભળીને ખૂબ પ્રસન્ન થયા અને પછી શ્રીગુસાઈજીએ તે ષીનું દાન દક્ષિણાથી સારી રીતે સન્માન કર્યું અને પછી વિદાય ાપી.

ચરિત્ર ૨ જું

બાલ્યાવસ્થા અને કુમારઅવસ્થા

હવે શ્રી ગુસાઈજી અને શ્રી રૂકિમણીજી પોતાના બાળકને અનેક પ્રકારના લાડ લડાવવા લાગ્યા. દર મહિનાની સાતમે આપશ્રીનો જન્મોત્સવ મનાવવામાં આવતો અને એ વખતે અનેક વ્રજભક્તો ત્યાં આવતા અને પોતે અનેક પ્રકારના સેવાના મનોરથ સિદ્ધ કરી જન્મને સફળ બનાવતા. આ બધાય વ્રજભક્તો આવતી વખતે પોતાની સાથે પ્રભુને આરોગાવા માટે તેમજ ખેલવા માટે અનેક પ્રકારની સુંદર વસ્તુઓ લાવતા.

મનનું વલણ

એક દિવસ શ્રી ગોકુલનાથજીના મનનું વલણ કઈ બાબતો તર અથવા ક્યા વિચારો તરફ છે તે જાણવા માટે એક કસોટી ઊભી કરી. શ્રી ગુસાઈજીએ પોતાના બાળકનું તાત્પર્ય જાણવા માટે તેમની આગળ કેટલીક જુદી જુદી વસ્તુઓ મૂકીને તેમાંથી તેમને જે પસં હોય તે વસ્તુઓ લેવા જણાવ્યું. હવે શ્રી ગોકુલનાથજીએ એ બધી વસ્તુઓમાંથી શ્રી ભાગવતની પોથી અને તુલશીની માળા આ બે વસ્તુઓ જ લીધી. અને આ જોઇને શ્રી ગુસાઇજી, શ્રી રૂકિમણીજી તેમ જ આજુબાજુ ઊભેલા વૈષ્ણવોને ખાત્રી થઈ ગઈ કે આપશ્રીનું વલણ ખરેખર અલૌકિક પદાર્થો તરફ જ છે અને વળી આ ઉપરથી એ

પણ સાબિત થાય છે કે માળાના રક્ષણ અર્થે જ આપશ્રીનું પ્રાગટ્ય છે. આથી સૌ કોઇ ખૂબ જ આનંદ પામ્યા.

ત્યારબાદ આપશ્રીને માટે કર્ણવેધનનું મુહુર્ત આવ્યું. જે દિવસે આપશ્રીના કાન વિંધવાના હતા તે દિવસે એક મોટો ઉત્સવ મનાયો અને આસપાસ વાજીંત્ર વાગવા લાગ્યાં. આપશ્રીના કાન વિંધાયા પછી શ્રી રૂકિમણીજીએ પોતાના પુત્રની રાય લુણ ઉતારી આરતી કરી.

શ્રી રૂકિમણીજીનો શ્રી ગોકુલનાથજી ઉપર સૌથી અધિક પ્રેમ

શ્રી રૂકિમણીજી શ્રી ગોકુલનાથજીને એક ક્ષણ પણ પોતાની પાસેથી દૂર રાખતા નહિ. હવે કેટલાક સમય પછી શ્રી રૂકિમણીજીને ગર્ભ રહ્યો. આથી શ્રી રૂકિમણીવહુજીને ચિંતા થવા લાગી કે આપશ્રીની સંભાળ કોણ લેશે. શ્રી ગુસાઈજીએ આપશ્રી માટે ધાવ રાખવાનો વિચાર જણાવ્યો પરંતુ આ વાત સૌ પ્રથમ તો શ્રી રૂકિમણીજીને પસંદ પડી નહિ પરંતુ સંજોગો જોતાં એમને એ વાત સ્વીકારવી પડી. હવે શ્રી ગુસાઇજીએ 'બહોરી' નામની એક ધાવને બોલાવી અને તેને આપશ્રીની સંભાળ રાખવાનું તેમજ આપશ્રીને સ્તનપાન કરાવવાનું કામ સોંપ્યું. આપશ્રી પ્રત્યે અધિક વાત્સલ્ય હોવાને કારણે શ્રી રૂકિમણીજીએ ધાવને પોતાની પાસે જ રહેવાનું જણાવ્યું હતું કે જેથી શ્રી રૂકિમણીજી જોઇ શકે કે તે આપશ્રીની

બરાબર સંભાળ લે છે કે નહિ. આ પ્રમાણે સૂચના કરીને શ્રી રૂકિમણીજીએ આપશ્રીને ધાવને સોંપ્યા. પરંતુ ધાવે તેમાં કપટ કર્યું અને શ્રી ગોકુલનાથજી કરતાં પોતાનાં બાળકની વધારે સંભાળ લેતી. પોતાના બાળકને પ્રથમ સ્તનપાન કરાવે અને પછી આપશ્રીને સ્તનપાન કરાવે. આ કારણથી આપશ્રીને પૂરતુ પોષણ નહિ મળવાથી તેઓશ્રીનું અંગ દિવસે દિવસે દુર્બળ થવા માંડયું અને આ જાણીને શ્રી રૂકિમણીજીને ઘણી ચિંતા થવા લાગી પણ તેમાં તેઓ નિરુપાય હતા જ્યારે શ્રી રૂકિમણીજીને પુત્રીનો જન્મ થયો એટલે તે પુત્રી શ્રી રૂકિમણીજીએ ધાવને સોંપી દીધી અને તરતજ શ્રીગોકુલનાથજીને પોતાની ગોદમાં લીધા અને આપશ્રીને સ્તનપાન કરાવવા લાગ્યા. પછી શ્રી રૂકિમણીજી આપશ્રીની ખૂબ સારી રીતે સંભાળ રાખવા માંડયા. આ ઉપરથી સમજી શકાય છે કે શ્રી રૂકિમણીજીને પોતાના સર્વ બાળકો કરતાં શ્રી ગોકુલનાથજી ઉપર અધિક સ્નેહ રાખતા.

હવે ધીરે ધીરે શ્રી ગોકુલનાથજી ચાલતાં અને બોલતા શીખ્યા એટલે ધીમે ધીમે રમતો પણ રમવા લાગ્યા. સરખે સરખા બાળકો સાથે આપશ્રી જુદી જુદી રમતો રમતા પોતાના સાથીઓમાંથી કોઇ એકને ઘોડો બનાવતા અને તેના ઉપર બેસતા અને રમતા રમતા જ્યારે આપશ્રીની નજર ગાય તરફ પડતી ત્યારે તેઓ ખૂબ ખુશ થતા અને તે ગાયને પકડવા તેની પાછળ દોડતા કારણ કે આપશ્રીને ગાય ખૂબ જ વ્હાલી હતી. આવી રીતે આપશ્રી અનેક બાલચરિત્રો કરતા અને સૌને ખુશ કરતા.

હવે જયારે શ્રી ગુસાઈજીએ આપશ્રીને મુંડન કરાવવાનો વિચાર કર્યો. મુંડન વિધિના દિવસે જ્ઞાતિજનો અને વ્રજ ભક્તોને બોલાવ્યા અને ખૂબ જ ધામધૂમપુર્વક એ પ્રસંગમાં એક હજામે આપશ્રીને મુંડન કર્યું. મુંડન થઈ રહ્યા પછી તે હજામને કેશથી ચાર ગણા મોતી અને આઠ સોનાની તથા રૂપાની ગાય આપીને તેનું સન્માન કર્યું. ત્યારબાદ આપશ્રીને કેશર સ્નાન કરાવી નવા વસ્ત્રો, પહેરાવ્યા. પછી શ્રી શોભાબેટીજીએ શ્રી ગોકુલનાથજીની આરતી ઉતારી અને આપશ્રીને આશિર્વાદ આપ્યા.

શ્રી ગુસાઇજીનો શ્રી ગોકુલનાથજી તરફનો ઉચ્ચ પ્રેમ

એક વખત શ્રી ગોકુલનાથજી ભોજનથી પરવારી જયાં શ્રી ગુસાઈજીની ગાદી હતી તે ગાદી ઉપર જઈને તેના ઉપર ખેલવા લાગ્યા. આ વખતે ત્યાં ઉભેલા ખવાસે આ જોયું અને આપશ્રીને ઠપકો આપતો હોય તે રીતે કહ્યું, "આ સજ્યા તો શ્રી ગુસાઇજીની છે અને આપ આ રીતે એના ઉપર ખેલો છો તેથી તે ગાદી બગડી જશે" આ સાંભળીને આપશ્રીને ઘણું ખોટુ લાગ્યું અને એક બાળકની માફક રીસાઇને એક બાજુએ જઇ ઉભા રહ્યા. કોઈની સાથે બોલે નહિ કે ચાલે નહિ. જ્યારે શ્રી ગુસાઈજીએ આ વાત જાણી કે ખવાસના વચન સાંભળીને આપશ્રી અપ્રસન્ન થયા છે, એ વખતે શ્રી ગુસાઈજીએ ખાવાસને ઠપકો આપ્યો અને તે સજ્યા ફાડીને ફેંકી દીધી. ત્યાર પછી શ્રી ગુસાઈજીએ બીજી સુંદર ગાદી

મંગાવી અને તેમાં એઓશ્રી શ્રી ગોકુલનાથજી સાથે પોઢ્યા. આ આખાએ પ્રસંગમાં આપણે જોઈ શકીએ છીએ કે શ્રી ગુસાઇજીને શ્રી ગોકુલનાથજી પ્રત્યે કેટલો ઉચ્ચ અને શુદ્ધ પ્રેમ હતો.

ચરિત્ર ૩ જું

વિદ્યાભ્યાસ

શ્રી ગોકુલનાથજી જ્યારે પાંચ વર્ષના થયા ત્યારે તેમણે અભ્યાસની શરૂઆત કરી. શરૂઆતના થોડાંક સમયમાં આપશ્રીએ બાલ રામાયણ, અમરકોશ તથા અનેક પ્રકારના કાવ્યો શીખી લીધા. આપશ્રીને નાનપણથી જ વિદ્યા પ્રત્યે ખૂબ જ પ્રીતિ હતી અને પોતાના મીત્રોની સાથે આપશ્રી હંમેશા ગુરૂને ત્યાં ભણવા જતા. ગુરૂજી જે કાંઈ શીખવાડે તે બધું જ શ્રી ગોકુલનાથજીને તે વખતે યાદ રહી જતું. ગુરૂએ શીખવાડેલી એક પણ વાત તેઓ કદી ભૂલતા નહિ.

આ ઉપરાંત શ્રી ગોકુલનાથજી પોતાના મિત્રોની સાથે અંગને સશક્ત અને મજબૂત બનાવવા માટે કસરત કરવા અખાડામાં પણ જતા હતા. ત્યાં આગળ આપશ્રી અનેક પ્રકારની રમતો પણ રમતા હતા. જ્યારે આપશ્રી રાજ ખેલની રમત રમતા તે વખતે આપશ્રી મહારાજાધિરાજ બનીને એક ભવ્ય રાજ્ય દરબાર બનાવ્યો હોય તેમાં બેસતા. અને પછી બધાને ન્યાય આપતા. આ રમતમાં આપશ્રીનો ઠાઠમાઠ ખૂબ જ મોટો રહેતો. આ સિવાય શ્રી ગોકુલનાથજી ચોપાટ, પાના, શેત્રંજ, તથા પાસાની જુદી જુદી અનેક રમતોમાં ખૂબ જ કુશળ હતા. આ ઉપરાંત આપશ્રીને ઘોડે સ્વારીનો ખૂબ જ શોખ હતો અને હાથીની સ્વારીના પણ જાણકાર હતા.

ઉપનયન સંસ્કાર

શાસ્ત્રમાં એવો નિયમ છે કે બ્રાહ્મણના છોકરાને આઠમે વર્ષે ઉપનયન સંસ્કાર કરવો જોઈએ. આ ઉપનયન સંસ્કાર પછી જ તે ખરો બ્રાહ્મણ બને છે અને ત્યારબાદ જ તે વેદ તથા ગાયત્રી મંત્ર ભણવાનો આધિકારી થાય છે. આથી શ્રી ગોકુલનાથજી જ્યારે આઠ વર્ષના થયા ત્યારે શ્રી ગુસાઈજીએ આપશ્રીને જનોઈ આપવાનો વિચાર કર્યો. સોમા જોષી પાસે જનોઈનું મુહુર્ત જોવડાવ્યું અને સંવંત ૧૬૧૫ ના ચૈત્ર સુદ ૬ ને શુક્રવારનો દિવસ નક્કી થયો. આ દિવસે અનેક જ્ઞાતિજનો અને વ્રજભક્તોને બોલાવ્યા. આ ઉત્સવની તૈયારી ખૂબ જ મોટા પાયા પર થઈ હતી એથી ચારે બાજુ ખૂબ જ ધામધુમ અને આનંદ આનંદ જણાતા હતા. દ્વાર ઉપર કદલીના સ્તંભ રોપાયા હતા તથા મંદિરને સુશોભિત રંગથી ધોળવામાં આવ્યું હતું. વિશાળ મંડપ બાંધવામાં આવ્યો હતો અને એ મંડપમાં મખમલના ઉત્તમ ગાલીચા પાથર્યા હતા. આંગણે સુંદર મજાના આશોપાલવના તોરણો શોભી રહ્યા હતા.

આ ઉત્સવમાં તો દૂર દૂર દેશમાંથી અનેક પંડિત, કવિ, ભાટ,

ગુણીજન, માગણ, તથા અનેક વ્રજભક્તો આવ્યા હતા. આ બધાયનું શ્રી ગુસાઇજીએ ખૂબ જ સારી રીતે સન્માન કર્યું હતું.

આપશ્રીનો વરઘોડો

આ જનોઈના પ્રસ્તાવમાં શ્રી ગોકુલનાથજીનો વરઘોડો ખૂબ જ દબદબા પૂર્વક કાઢવામાં આવ્યો. અનેક પ્રકારના વાજીંત્રોના અવાજ સાથે તેમજ વ્રજભક્તોના ધોળ–કીર્તનો સાથે આપશ્રીનો વરઘોડો નીકળ્યો. આપશ્રી પાલખીમાં બીરાજ્યા હતા અને એ પાલખીની આજુબાજુ અનેક ભક્તો ચમર ઢોળતા હતા. આગળ પાછળ સુંદર મજાની અંબાડીવાળા અને રત્નજડીત સાજથી શણગારેલા હાથીઓ ચાલતા હતા. આ ઉપરાંત અનેક ઘોડેસ્વારો પણ હતા. આ વરઘોડામાં સાજન ખૂમ મોટા પ્રમાણમાં હતું. આ સર્વ સાજનના મોખરે આતશબાજી પણ છોડવામાં આવતી હતી.

આ ખૂબ જ લાંબો અને ભવ્ય વરઘોડો વાજતે ગાજતે શહેરના જુદા જુદા ભાગમાં ફર્યો અને તેને જોવાને શેરીએ શેરીએ કોઈ બારીમાંથી તો વળી કોઈ અટારીએથી અથવા ઓશરી અને ઓટલા ઉપર નાનામોટાં સૌ કોઈ ઉભા રહ્યા હતા. આ પ્રમાણે એક માસ સુધી આ વરઘોડો નીકળ્યો હતો.

ત્યારબાદ આપશ્રીને બ્રહ્મચારીનો પોશાક શ્રી અંગ પર પહેરાવીને મંડપમાં પધરાવ્યા. આ વખતે સૌ પ્રથમ શ્રી ગોકુલનાથજીએ શ્રી ગુસાઈજીને નમન કર્યું. ત્યારબાદ પુન્યાહ વાચન થયું અને પછી

હજામે આપશ્રીના વાળ ઉતારી નાંખ્યા ત્યાર પછી આપશ્રીને સ્નાન કરાવવામાં આવ્યું. સ્નાન બાદ શ્રી ગુસાઈજીએ વેદના મંત્રો બોલીને ત્રણ તાર વાળી જનોઈ આપશ્રીને પહેરાવી. આ વખતે બ્રાહ્મણો મોટેથી વેદ મંત્રો બોલવા લાગ્યાં અને આવેલા ભક્તજનોએ જય જયકારના અવાજથી આખો મંડપ ગજાવી મુકયો. બધી વિધિ પતી ગયા બાદ શ્રી શોભા બેટીજી અને શ્રી યમુના બેટીજીએ આવીને આપશ્રીની આરતી કરી, આ પછી શ્રી ગુસાઈજી આંગણે આવેલા સૌ કોઇનું સમાધાન કરવા લાગ્યા, દરેકને ચાર દિવસ સુધી ભોજન કરાવ્યું અને પછી સૌને દાન દક્ષિણા આપી વિદાય કર્યા આ રીતે આ ઉપનયન સંસ્કારનો ઉત્સવ કોઇ પણ જાતના વિઘ્ન વગર ખૂબ ધામધૂમથી ઉજવાયો.

હવે આપશ્રીને ઉપનયન સંસ્કાર થયા પછી શ્રી ગુસાઈજીએ તેમને વેદનો અભ્યાસ કરાવવાનો વિચાર કર્યો. શ્રી ગુસાઈજીએ કર્ણાટકના મહાન વિદ્વાન પંડિત શ્રી નારાયણદાસને પોતાને ઘેર તેડાવ્યા અને આપશ્રીને ભણાવવાનું કહ્યું. ત્યારબાદ શ્રી ગોકુલનાથજી તે ગુરૂને ઘેર ભણવા માટે રોજ જવા લાગ્યા. આપશ્રી ભણવામાં ખૂબ જ હોશિયાર હતા અને ગુરૂએ એક વાર શીખવાડેલી કોઇ પણ વાત તેઓ કંઠાગ્ર કરી લેતા. અરે ઘણીવાર તો ગુરૂએ શીખવાડેલા પાઠ ઉપર તો આપશ્રી તેના અર્થ અને રહસ્ય ઉપર ખુબ જ સુંદર વિવેચન કરતા. આ વખતે તે ગુરૂને ખૂબ જ નવાઈ લાગતી કે આટલી નાની વયમાં

'આ બાળકને આ બધું જ્ઞાન ક્યાંથી મળ્યું ! આ રીતે આપશ્રી ખુબ જ બુદ્ધિશાળી અને જ્ઞાની હોવાથી થોડાક જ સમયમાં શ્રુતિ, સ્મૃતિ, શાસ્ત્ર, પુરાણુ તથા ઉપનિષદ્દ, ન્યાય, ઇતિહાસ વગેરે ગ્રંથોનો અભ્યાસ કરી લીધો. શ્રીમદ્દ ભાગવત, શ્રી સુબોધિનીજી તથા ષોડશ ગ્રંથોનો પણ સારી રીતે અભ્યાસ કર્યો હતો.

આ રીતે અભ્યાસ પુરો કર્યા બાદ શ્રી ગોકુલનાથજીએ અનેક જુદા જુદા ધાર્મિક ગ્રંથો ઉપર ટીકા લખવા માંડી અને એ રીતે આપશ્રીએ મોટા મોટા પંડિતોને પોતાના જ્ઞાન પ્રકાશથી મુગ્ધ કરી દીધા. આપશ્રીએ શ્રી સુબોધિનીજી ઉપર સ્વતંત્ર ટીકા અને ષોડશ ગ્રંથ ઉપર પરચુરણુ ટીકા લખી છે. આ ઉપરાંત ગદ્ય મંત્ર ઉપર, શ્રી સર્વોત્તમજી ઉપર પણ આપશ્રીએ સુંદર ટીકા લખી છે. આ સિવાય વેણુગીત, શ્રી વલ્લભાષ્ટક વગેરે જુદા જુદા ગ્રંથો ઉપર આપશ્રીની ટીકા ખુબ જાણીતી છે. આ રીતે આપણે જાણી શકીએ છીએ કે શ્રી મહાપ્રભુજી અને શ્રી ગુસાઈજીએ પોતાના ગ્રંથોમાં જે ગૂઢ અર્થ ભર્યા છે તેને સરળ રીતે વિસ્તાર કરીને જો કોઈએ સમજાવ્યા હોય તો તે શ્રી ગોકુલ-નાથજી, આ ઉપરાંત શ્રી ગોકુલનાથજી પોતાના ભક્તજનોને અનેક જુદા જુદા વચનામૃતો દ્વારા ઉપદેશ આપતા અને વૈષ્ણવોનો મુખ્ય ધર્મ શું છે, વૈષ્ણવોએ કેવી રીતે વર્તવું જોઇએ, સાચો વૈષ્ણવ કેવો હોવો જોઈએ વગેરે બાબતો આપશ્રી સુંદર વચનામૃતો દ્વારા સમજા-

વતા હતા. શ્રી ગોકુલનાથજી પોતે આનંદી અને રમુજી સ્વભાવના હતા. આથી આપશ્રી સુંદર મજાના નાના હાસ્ય પ્રસંગો દ્વારા સૌ કોઇના મનરંજન કરતા અને એ આનંદની સાથે સૌને ઉપદેશ આપતી. આવા પ્રસંગો તો 'શ્રી ગોકુલનાથજીના હાંસી પ્રસંગો' ના નામે ખૂબ જાણીતા છે.

ચરિત્ર ૪ થું

ગઢામાં રાણી દુર્ગાવતી તરફ પ્રયાણુ

જ્યારે શ્રીગોકુલનાથજી દસ વર્ષના થયા ત્યારે આપશ્રીએ અડેલથી ગઢામાં રાણી દુર્ગાવતી પાસે જવાનો વિચાર કર્યો. આ રાણી આપશ્રીની મહાન કૃપાપાત્ર હતી અને લીલાની અધિકારી હતી· આ રાણી પાસે આપશ્રી સામેથી પધારે એ ખરેખર રાણીના ભાગ્યની મહાન વાત કહેવાય !

હવે એક વખત એવું બન્યું કે તે વખતનો દિલ્હી સમ્રાટ અકબરનું લશ્કર અડેલ ઉપર ચઢી આવ્યું અને ગામમાં ત્રાસ ફેલાવીને ગામ લૂટવા માંડયું આથી ગામના લોકો ત્યાંથી ભાગી નીકળ્યા. આ બનાવ બનશે એવું ભવિષ્ય શ્રીગુસાઈજીએ અગાઉથી ભાખ્યું હતું અને તેથી આપશ્રીએ જ્યારે આ તોફાન જોયું એટલે અડેલ છોડવાનો નિશ્ચય કર્યો. આપશ્રી પોતાની સાથે શ્રીબાલકૃષ્ણજી અને શ્રીરઘુનાથજીને લઇને શ્રીરૂકિમણીજી અને શ્રીગુસાઈજી સાથે ચાલી

નીકળ્યા. શ્રીબાલકૃષ્ણજીનું અંગ ઘણું કોમળ હતું અને શ્રીરઘુનાથજી ઘણા નાના હતા આથી આ બન્ને ભાઈઓ આપશ્રી સાથે ચાલતા ચાલતા થાકી જતા. શ્રીબાલકૃષ્ણજી પાસે જોડા નહોતા. આથી તેઓ ઉઘાડા પગે ચાલતા હતા અને જ્યારે તડકો આવે ત્યારે તેમના પગ એ તાપની અગ્નિથી દાઝતા અને દુઃખી થતા કારણ તેઓ ખૂબ જ કોમળ હોવાને લીધે તેમનામાં સહનશક્તિ નહોતી. આ જોઇ શ્રીગોકુલનાથજીને પોતાના ભાઇ પ્રત્યેનો ભાતૃભાવ જાગ્યો અને તરતજ આપશ્રીએ પોતાના જોડા શ્રીબાલકૃષ્ણને આપી દીધા અને પોતે ઉઘાડા પગે ચાલવા લાગ્યા. **જાણે પૃથ્વી આપશ્રીના ચરણના સ્પર્શ માટે રાહ જોઇને બેઠી હોય તે રીતે આપશ્રીએ પૃથ્વીને પોતાના ખુલ્લા ચરણના સ્પર્શથી પૃથ્વીના તાપ દૂર કર્યા. પૃથ્વીના ખરેખર અહોભાગ્ય કે જેના ઉપર આપશ્રીના ચરણ પડયા. !**

આ રીતે ચાલતા ચાલતા આપશ્રી અને તેના કુટુંબીજનો એક નદી પાસે આવી પહોંચ્યા. આ નદી ખૂબ પૂરજોસમાં વહેતી હતી અને એ નદી જોઇને જ સૌ કોઇને બીક લાગે તો પછી અંદર પડી સામે પાર જવાની વાત તો બાજુએ રહી. આવી ભયંકર નદીમાં આપશ્રી અને તેમના કુટુંબીજનો તરીને સામે પાર ગયા. અહીયાં આપણને આપશ્રીનું કૃપાબળ મુખ્ય જોવા મળે છે.

ત્યારબાદ શ્રીગોકુલનાથજી 'ટીકડી' નામના એક ગામમાં આવી પહોંચ્યા. આ ગામ પણ ભયંકર હતું. કોઇ પણ પ્રવાસી કે મુસાફર ત્યાં રાતવાસો રહી શકતા નહિ કારણ કે ત્યાંના લોકો ખૂબ જ દુષ્ટ અને દુરાચારી હતા. **પરંતુ આવા ભયંકર સ્થળમાં આપશ્રી સ્હેજ પણ બીક રાખ્યા વગર હિંમતથી રહ્યા. અરે આપશ્રીના દર્શન કરીને તો ત્યાંના દુષ્ટ લોકોના મન એકાએક ફરી ગયા અને એ લોકો તો એમ ઇચ્છવા લાગ્યા કે આપશ્રી અહીં વધુ વખત બીરાજે તો સારૂ. પ્રભુના દર્શનથી કોના મન ન ફરે ! ભલભલા તાકાતવાળા અને અભિમાની દુષ્ટ પુરુષો એકવાર પ્રભુના દર્શન કરે તો તેમના મન આપોઆપ પલટાય છે.** અહીં આપશ્રી એક દિવસ રહ્યા અને પછી આગળ ચાલ્યા.

ગઢામાં આગમન

આ રીતે પંથ કાપતા અનેક ગામોની મુલાકાત લેતા લેતા આપશ્રી સંવંત ૧૬૧૯માં ગઢે આવી પહોંચ્યા. શ્રીગુસાંઈજીએ રાણીને વધાઈ મોકલી. આ વધાઇ સાંભળતા જ રાણીના આનંદનો પાર રહ્યો નહિ અને તેણે એક ક્ષણ પણ ગુમાવ્યા વીના તરત, જ આપશ્રીને સામે જઈ પધરાવી લાવવાની તૈયારી કરવા માંડી.

આ દુર્ગાવતી રાણી પોતાની સાથે હાથી, ઘોડા, રથ, પાલખી વગેરે લઈને દરબારના મોટા મોટા ઉમરાવો તથા શહેરના અગ્રણી પ્રતિષ્ઠીત વ્યક્તિઓને લઈને, અનેક ભક્તોના સાજન સાથે વાજતે ગાજતે આપશ્રીનું સ્વાગત કરવા સામે ગઈ. શ્રીગોકુલનાથજીના દર્શન

કરી રાણી ખૂબ જ પ્રસન્ન થઇ અને પછી આપશ્રીને પાલખીમાં બેસાડીને વાજતે ગાજતે ગામમાં ફેરવ્યા. આ વરઘોડો જોઈને ગામના લોકો ખૂબ પ્રસન્ન થયા.

ત્યારબાદ ગામ બહાર એક સુંદર જમનીઆ નામના તળાવ ઉપર શ્રીગુસાઈજીએ આપશ્રી સાથે મુકામ કર્યો. અહીયાં આપશ્રી માટે રાણીએ એક સુંદર મજાનું મંદિર કરાવી આપ્યું હતું. રાણી રોજ ત્યાં દર્શન કરવા જતી હતી. કોઇ કોઈ વાર તો શ્રીગોકુલનાથજી રાણીનાં મહેલમાં પધારતા અને ત્યાં રાણીના મનોરથ પૂર્ણ કરતા. રાણી પોતાના રાજ્યનો સઘળો કારભાર એક વિશ્વાસુ પ્રધાનને સોંપીને હમેશા આપશ્રીની સેવામાં જ તત્પર રહેતી.

રથયાત્રાનો ઉત્સવ

જ્યારે રથયાત્રાનો દિવસ આવ્યો ત્યારે રાણીએ આપશ્રીને રથમાં પધરાવી ખૂબ જ ધામધૂમપૂર્વક વરઘોડો કાઢવાનો વિચાર કર્યો. સોળ પૈડાનો એક ભવ્ય રથ તૈયાર કરાવ્યો અને એ રથને ઉત્તમોત્તમ ઘોડા જોડયાં. પછી શ્રી ગુસાઈજીએ આપશ્રીને રથમાં પધરાવ્યા અને તે રથ અનેક ભક્તોના ટોળેટોળા સાથે વાજતે ગાજતે ગામમાં આગળ વધ્યો. શ્રી ગુસાઇજી અને રાણી રથની આગળ ચાલતા હતા. આ રીતે રથ આગળ ને આગળ ગામમાં ચાલ્યો જતો હતો તે થોડા સમય બાદ રાણીને શ્રી ગોકુલનાથજીના દર્શન કરવા માટે ઘણી આર્તિ થઇ પરંતુ તે તો શ્રી ગુસાઇજીની સાથે રથની આગળ ચાલતા હતા. આથી તેઓ (રાણી) પાછા ફરી શકયા નહિ અને આમ દર્શન માટે તેમને

તીવ્ર વેદના થવા લાગી. ભક્તના મનને જાણનાર, ભકતવત્સલ શ્રી ગોકુલનાથજી સમજી ગયા કે "રાણી મારા દર્શન વીના પીડાય છે." આથી ભકતના મનોરથ પૂર્ણ કરનાર એવા આપશ્રીએ જાણી જોઇને રથને અટકાવ્યો. આ વખતે રથ શાથી અટકયો છે તે જોવા માટે શ્રી ગુસાઇજી રથ પાસે આવ્યા અને જોયું તો એક ખાડામાં રથનું પૈડું ભરાઈ ગયું હતું. આ કેવળ આપશ્રીએ પોતાના ભક્તોને દર્શન આપવા માટે જ આ રીતે રથ અટકાવ્યો હતો. હવે એક બાજુ આ રથના પૈડાને તે ખાડામાંથી બહાર કાઢવાના પ્રયત્નો થવા માંડયા અને બીજી બાજુ રાણીએ રથ આગળ ઉભા રહીને પોતાનો દર્શનનો મનોરથ પૂર્ણ કર્યો. ત્યાર પછી રથ આગળ ચાલ્યો. અને આખા નગરમાં ફરીને પછી મંદિરે આવ્યો.

હવે જેમના કુખે પૂર્ણ પુરુષોત્તમ શ્રી ગોકુલનાથજીનું પ્રાગટય થયું હતું તે અને આપશ્રીના માતુશ્રી શ્રી રૂકિમણીજી આ ભૂતળ ઉપરથી અંતરધ્યાન થયાં. આથી આપશ્રી માથે એક મહાન દુઃખ આવી પડયું. આ સમાચાર જ્યારે રાણીએ જાણ્યા ત્યારે તેમણે શ્રી ગુસાઈજીને બીજીવાર લગ્ન કરવા માટે જણાવ્યું પણ શ્રી ગુસાઈજીએ માન્યું નહિ. આથી રાણીએ શ્રી ગીરધરજી મારફત કહેવડાવ્યું અને પછી શ્રી ગીરધરજીના સખત આગ્રહથી શ્રી ગુસાઇજીએ બીજીવાર લગ્ન કરવાનો વિચાર કર્યો. સંવંત ૧૬૨૦ ના વૈશાખ સુદ ત્રીજના દિવસે શ્રી ગુસાઈજીએ શ્રી પદ્માવતીજી સાથે બીજુ લગ્ન કર્યું.

શ્રી ગુસાઈજીના લગ્ન પછી ગઢામાં બિરાજે લગભગ ત્રણ વર્ષ

થયા પછી આપશ્રીએ ત્યાંથી વિદાય લેવાનો વિચાર કર્યો પરંતુ ભક્તના જાણનાર એવા શ્રી ગોકુલેશપ્રભુ જાણતા હતા કે રાણી એ માટે તૈયાર નહિ થાય કારણ કે તે પોતાનો વિરહ સહન કરી શકે તેમ નથી. આથી કોઈ પણ હિસાબે યુક્તિ યોજીને, કોઇ બાનુ ઉપજાવીને અહીંથી વિદાય લેવા માટે વિચાર કર્યો.

સર્વ કાંઈ પ્રભુની ઈચ્છાથી જ થાય છે એ ન્યાયે એક દિવસ અકબર બાદશાહ અને રાણી વચ્ચે રાણીના હાથીની બાબતમાં ઝગડો ઉભો થયો આથી અકબરનું લશ્કર રાણીના રાજ્ય ઉપર ચઢી આવ્યું અને ગામમાં તોફાન, લૂંટ કરવા લાગ્યું. આ ઉત્પાત જોઇ શ્રી ગુસાઇજીએ વિચાર કર્યો કે "હવે અહીં રહેવું યોગ્ય નથી." આ પ્રસંગને નિમિત્ત બનાવી શ્રી ગુસાઇજીએ રાણી પાસે રજા માંગી એટલે રાણીએ જણાવ્યું કે, "આપ શા માટે ચિંતા કરો છો. આપને માટે તો હું સર્વકાંઇ વ્યવસ્થા કરી શકું છું." આમ છતાં શ્રી ગુસાઈજીએ જવાનો આગ્રહ રાખ્યો અને રાણીએ અંતરના વિરહતાપ સાથે, ભારે હૃદયે આપશ્રીને ના છૂટકે વિદાય આપી.

ત્યારબાદ થોડા સમય બાદ ફરી એ ગઢા ઉપર પાદશાહનું લશ્કર ચઢી આવ્યું અને આ વખતે તો રાજ્ય અને પ્રજાનું રક્ષણ કરવા માટે રાણી પોતે લડવા ગઈ અને એ લડાઈમાં લડતા લડતા તેનો દેહ પડયો અને પછી શ્રી ગોકુલેશ પ્રભુનું સ્મરણ કરી તેણે દેહ છોડયો. જયારે આ સમાચાર શ્રી ગુસાઇજીએ અને આપશ્રીએ જાણ્યા ત્યારે તેમને અનહદ દુઃખ થયું.

ચરિત્ર ૫ મું

ગઢાથી મથુરા તરફ પ્રયાણ.
રસ્તામાં ભૂલા પડવાનું મિષ.

હવે આપશ્રી ગઢામાંથી વિદાય લીધા બાદ ધીરે ધીરે પોતાના કુટુંબીજનો સાથે મથુરા તરફ જવા લાગ્યા જતા જતા રસ્તામાં આપશ્રી શ્રીગુસાઈજીથી જૂદા પડી ગયા અને ભૂલા પડયા. તે વખતે ઠંડીના દિવસો હોવાથી શ્રીગુસાઈજીને ઘણી ચિંતા થવા લાગી કે આપશ્રીનું શું થશે. થોડીવારમાં શ્રીગુસાદંજી આપશ્રીને શોધવા નીકળ્યા અને પછી શોધતા શોધતા આપશ્રી પાસે આવી પહોંચ્યા આથી શ્રીગુસાઈજીને ઘણો જ સંતોષ થયો. જ્યારે આપશ્રીના સેવકોએ તેમને ભૂલા પડવાનું કારણ પૂછ્યું તે વખતે આપશ્રીએ જણાવ્યું કે, "ખરેખર હું ભૂલો પડયો જ નહોતો. શ્રી ગુસાઇજી તો સીધે રસ્તે ચાલ્યા જતા હતા પરંતુ જે જીવો આડે અવળે માર્ગે રખડતા હોય, માર્ગ ભૂલ્યા હોય એવા જીવોનો ઉદ્ધાર જો સીધેસીધા ચાલ્યા જઇએ તો કઈ રીતે થાય! એ જીવો દૈવી હતા અને એમનો ઉદ્ધાર કરવા માટે જ હું શ્રી ગુસાઇજીથી જુદો પડી ગયો હતો." આ સાંભળી આપશ્રીના સ્વકીય જનો ખૂબ પ્રસન્ન થયા અને વિચારવા લાગ્યા કે ખરેખર આ રીતે શ્રી ગુસાઇજીથી જુદા પડીને ભયંકર માર્ગમાં ભૂખ, ઠંડી વગેરે અનેક પ્રકારના દુઃખ સહન કરીને આપશ્રી પોતાના પ્રાગટયનો હેતુ સિદ્ધ કરે છે.

ત્યાર પછી આપશ્રી આગળને આગળ ચાલવા લાગ્યા અને આ રીતે ચાલતા ચાલતા અનેક વન, ઉપવન, ગામ અને શહેરોને પાવન કરતા કરતા આપશ્રી અકબરપુર પધાર્યા. અહીંથી શ્રી ગોકુલનાથજીએ શ્રી ગોકુલ પધારવાની ઈચ્છા કરી. શ્રી ગોકુલ પાસે આવતા મહાવનના કેટલાક વૈષ્ણવો સામા આવ્યા. તેઓએ દંડવત્ કરીને આપશ્રીના દર્શન કર્યા. પછી આ બધા વૈષ્ણવોએ શ્રી ગોકુલ-નાથજીના સામૈયા કર્યા અને વાજતે ગાજતે ગામમાં ફેરવીને શ્રી ગોકુલમાં પધરાવ્યા.

શ્રી ગોકુળમાં મુકામ

હવે આ ગોકુળમાં પોતાના નિવાસ માટે તથા સેવા માટે શ્રી ગુસાઈજીએ જુદી જુદી જગ્યાએ અનેક મંદિર તૈયાર કરાવ્યા તથા ગાય, ભેંસને રહેવા માટે વિશાળ ગૌશાળાં બનાવી. આ રીતે આપશ્રીએ ગોકુળને એક અલૌકિક, પૂણ્યશાળી અને પવિત્ર ધામ બનાવી દીધુ. શ્રી ગોકુલનાથજી શ્રી ગોકુલમાં પધાર્યા છે એ સમાચાર આજુબાજુના ગામોમાં ફેલાવા માંડયા આથી તે ગામના વૈષ્ણવો દૂર દૂરથી ચાલીને આપશ્રીના દર્શન માટે આવવા લાગ્યા આ વૈષ્ણવો આપશ્રીના દર્શન કરીને પોતાની જાતને ધન્ય માનવા લાગ્યા. પાટણ, વીરપુર, ભરૂચ, ખંભાત, કપડવંજ અને રાજનગરથી અનેક વૈષ્ણવોના ટોળે ટોળા આપશ્રીના દર્શન માટે ગોકુળ તરફ ઉમટયા અને એ બધા આપશ્રીના દર્શન કરી કૃતાર્થ થયા.

ગોકુળમાં આપશ્રી ઘણા જ દિવસ બીરાજ્યા અને અનેક જીવોને શરણુ લીધા. આપશ્રી અનેક જીવોને પોતાના સુંદર, મનનિય વચનામૃતો દ્વારા સંપ્રદાયના સિદ્ધાંતો સમજાવતા હતા. આ રીતે ગોકુળમાં બીરાજીને આપશ્રીએ અનેક દૈવી જીવોને અલૌકિક રસનું દાન કર્યું. અહીંથી શ્રી ગુસાઈજીએ મથુરા જવાનો વિચાર કર્યો

મથુરા પધારતા પહેલાં એક દિવસ અગાઉ શ્રી ગુસાઇજીએ પોતાના અધિકારી ચાંપાભાઈને વ્યવસ્થા કરવા માટે મથુરા મોકલ્યા અને ચાંપાભાઈએ મથુરા જઈને સૌને સમાચાર આપ્યા કે શ્રી ગુસાઇજી આપશ્રી સાથે અહીં પધારે છે. આથી મથુરાવાસીઓ ખુબ જ પ્રસન્ન થયા અને આપશ્રીના ભવ્ય સ્વાગત માટે સૌ કોઇ તૈયારી કરવા માંડયા. આ બાજુ ચાંપાભાઈને જોઈતી તમામ સગવડો કરી આપી. આપશ્રીના ઉતારા માટે એક સુંદર મજાની હવેલી સાફ કરાવી તેને ધ્વજા પતાકાથી શણગારીને ચાંપાભાઈને સોંપી દીધી આ હવેલીમાં ચાંપાભાઇએ આપશ્રી માટે જોઇતી તમામ તૈયારી કરી રાખી.

મથુરામાં આપશ્રીનું સ્વાગત

બીજા દિવસે આપશ્રી શ્રી ગુસાઇજી સાથે શ્રી ગોકુલથી મથુરા પાસે આવી પહોંચ્યા. ગામના બધા જ વૈષ્ણવો સાજ—સામાન સાથે વાજતે ગાજતે આપશ્રીનું ભવ્ય સ્વાગત કરવા માટે સામે ગયા. આપશ્રીને એક સુંદર રીતે શણગારેલા ઘોડા ઉપર પધરાવ્યા અને

પછી ખુબ જ ધામધૂમથી આપશ્રીને ગામમાં ફેરવ્યા અને પછી એ આખોએ વરઘોડો પેલી હવેલીએ ઉતર્યો. આ વખતે આપશ્રીના દર્શન માટે આખું ગામ ઉમટયું હતું અને એ રીતે મથુરાનું આખુયે વાતાવરણ અલૌકિક બની ગયું હતું. બધા વૈષ્ણવો દર્શન કરીને વીખરાયા એટલે શ્રી ગુસાઇજી અને આપશ્રી પોતાનો નિત્યક્રમ પતાવીને સર્વ બાલકો સાથે ભોજન કરવા બેઠા અને ભોજન કર્યા બાદ તેમણે વિશ્રામ લીધો.

આપશ્રીનો આગળ અભ્યાસ

હવે અહીં મથુરામાં શ્રીગુસાઈજીએ આપશ્રીને આગળ અભ્યાસ કરાવવાનો વિચાર કર્યો અને એથી શ્રીગુસાઈજીએ એક મહાન વિદ્વાન પંડિત શ્રીશિવદત્તભટ્ટને ત્યાં શાસ્ત્ર ભણવા મોકલ્યા. આ પંડિતજી આપશ્રીને ખૂબ જ પ્રેમપૂર્વક અને આદરપૂર્વક શાસ્ત્રના સિદ્ધાંતો ભણાવતા પરંતુ આપશ્રીને આ શાસ્ત્રો ઉપર પ્રીતિ નહોતી. જો કે આપશ્રી તો સર્વજ્ઞ હતા અને એથી આપશ્રીને ભણવાની જરૂર શી હોય! આ તો કેવળ લોકોને દેખાડવા માટે જ પોતાનું જીવન લોકવત્ બનાવી ગુરૂને ઘેર ભણવા જતા. ગુરૂ જે કોઈ પાઠ ઘેર વાંચવાનું કહે તે વખતે આપશ્રી શીખવેલા પાઠ ઘેર વાંચતા નહિ પરંતુ તેને બદલે શ્રીમદ્ભાગવત્, શ્રી સુબોધિનીજી, શ્રી સર્વોત્તમસ્તોત્ર વગેરેનું બારીક અવલોકન કરતા. આપશ્રીનું આવું વર્તન જોઈ તેમની સાથે ભણનારા મિત્રોએ ગુરૂ આગળ ફરિયાદ કરી :-

"આપનું ભણાવ્યું ભણતા નથી તે લગારજી;
અન્ય ગ્રંથો વાંચે છે પોતે ભવન મોજારજી."

આ સાંભળી એક દિવસ આપશ્રીની કસોટી કરવા માટે ગુરૂજીએ ઘેર વાંચવા આપેલા પાઠો બોલી જવાનું આપશ્રીને જણાવ્યું અને ન બોલી શકે તો શ્રીગુસાઈજીને એ બાબત ધ્યાન ઉપર લાવી ઠપકો આપવાનું કહ્યું. આથી આપશ્રી તો શીખવેલા પાઠ કડકડાટ મોઢે બોલી ગયા. આથી ગુરૂજીને ખૂબ જ નવાઈ લાગી. અને પેલા ફરિયાદ કરનાર વિદ્યાર્થીઓ તો સાવ ઝાંખા પડી ગયા.

શ્રી ગોવર્ધનનાથજીને ખેલ ખેલાવ્યા

એક દિવસ શ્રીગુસાઇજી એકલાએ દ્વારકા જવાનો વિચાર કર્યો. આથી સંવંત ૧૬૨૩માં શ્રીગુસાઇજી સેવાનો તમામ કારભાર આપશ્રીને સોંપીને દ્વારકા પધાર્યા. આ વખતે ફાગણ વદ ૭ના રોજ શ્રી ગોવર્ધનનાથજી આપશ્રીની પાસે ઓચિંતા પધાર્યા. આથી શ્રીગોવર્ધનનાથજીને જોઇને આપશ્રી ખૂબ જ પ્રસન્ન થયા. આ વખતે ખેલના દિવસો હતા અને એથી આપશ્રીએ શ્રીગોવર્ધનનાથજીને પોતાના સેવ્યસ્વરૂપની સાથે પધરાવીને ખેલાવવાનો વિચાર કર્યો પરંતુ માર્ગની પ્રણાલીકા પ્રમાણે તો રાજભોગ સર્યા પછી જ ખેલાવી શકાય. હવે એ વખતે રાજભોગની વાર હતી અને રખેને વાર થવાથી શ્રીગોવર્ધનનાથજી પાછા પધારી જાય એ બીકે આપશ્રીએ રાજભોગ ધર્યા પહેલા શ્રીગોવર્ધનનાથજીને ખેલમાં પધરાવ્યા અને ખૂબ આનંદપૂર્વક પ્રેમથી ખેલાવ્યા. ખેલાવી રહ્યા

પછી આપશ્રીએ રાજભોગ ધર્યો. આ રીતે શ્રીમહાપ્રભુજીએ નક્કી કરેલી પ્રણાલિકા દૂર કરી કેવળ અત્યંત શુદ્ધ પ્રેમદ્વારા શ્રીગોવર્ધનનાથજીની સેવા કરી પ્રમેયમાર્ગનું જોર વધારે બતાવ્યું **પ્રેમના પૂર્ણ આવેશમાં આચારવિચાર કે પ્રણાલિકાનું ભાન રહેતું નથી.** આ સમાચાર જ્યારે શ્રીગુસાઈજીને મળ્યા ત્યારે તેઓ ખૂબ જ પ્રસન્ન થયા અને આપશ્રીને પત્ર લખીને જણાવ્યું કે શ્રીગોવર્ધનનાથજીને ખૂબ લાડ લડાવજો અને એ પ્રભુની સેવામાં કોઈપણ જાતનો સંકોચ રાખશો નહિ. આ પ્રમાણે આપશ્રીએ શ્રીગોવર્ધનનાથજીની જાતે ખુબ જ સુંદર રીતે સેવા કરી. પોતાના સેવકોને સેવકધર્મનું રહસ્ય બતાવ્યું. આ રીતે શ્રીગોવર્ધનનાથજી ૨ માસ અને ૨૧ દિવસ સુધી મથુરામાં બિરાજયા અને આપશ્રીની અસાધારણ સેવાનો અંગીકાર કરી સંવત ૧૬૨૩ના વૈશાખ વદ ૧૪ના રોજ શ્રી ગિરિરાજ ઉપર પધાર્યા.

ચરિત્ર ૬ ઠું

શ્રી ગોકુલનાથજીનો લગ્નોત્સવ

જ્યારે શ્રી ગોકુલનાથજી સોળ વર્ષના થયા ત્યારે શ્રી ગુસાઈજીએ આપશ્રીનું લગ્ન કરવાનો વિચાર કર્યો. જો કે આપશ્રી માટે ન્યાતમાંથી તો ઘણાં માગા આવતા પરંતુ જ્યાંસુધી યોગ્ય કન્યા ના મળે ત્યાંસુધી શ્રી ગુસાઈજીએ રાહ જોઇ.

ચારેબાજું તપાસ કરતા શ્રી ગુસાઇજીને માલુમ પડયું કે પોતાની જ્ઞાતીના વેણાભટ નામના એક સદ્ગ્રહસ્થને ત્યાં ખૂબ રૂપાળી, સંસ્કારી અને શુશીલ કન્યા હતી. એ કન્યાનું નામ પાર્વતી હતું. શ્રી ગુસાઇજીએ જ્યાર આ કન્યા જોઈ ત્યારે તેઓશ્રી અને ઘરના સર્વે ખૂબ પ્રસન્ન થયા અને તે કન્યાના પિતા જો તૈયાર હોય તો આપશ્રીના વિવાહ તેની સાથે નક્કી કરવા એમ વિચારવા લાગ્યા.

હવે બીજીબાજુ આ કન્યાના પિતા પણ પોતાની પુત્રી માટે યોગ્ય વરની શોધમાં હતા'અને જ્યારે એમણે આપશ્રીને જોયા તે વખતે જોતાની સાથે જ એમ લાગી ગયું કે **પોતાની દેવરૂપ કન્યા માટે જો કોઈ યોગ્ય પતિ હોય તો તે આ જ છે. અને તેથી પોતાની કન્યાનો વિવાહ આપશ્રી સાથે જ કરવો એમ નિશ્ચય કર્યો.** આથી આ કન્યાના પિતા વેણાભટે આપશ્રીના મામા ગોવિંદભટ્ટને પોતાને ઘેર બોલાવ્યા અને આપશ્રી સાથે પોતાની કન્યાનો વીવાહ કરવા માટે જણાવ્યું. આથી ગોવિંદભટ્ટે આ વાત શ્રી ગુસાઇજીને જણાવી અને શ્રી ગુસાઈજી તો આ વાતની રાહ જ જોતા હતા અને આ રીતે કન્યાના પિતા જ્યારે તૈયાર છે પછી એમાં રાહ જોવાની જ ન હોય. એટલે શ્રી ગુસાઈજીએ એમા પોતાની સંમતી બતાવી દીધી. ત્યારબાદ આપશ્રી અને તે કન્યાની જન્મ પત્રીકા રઘુનાથ પંડયા નામના જાણીતા જોષીને બતાવી અને તે જોષીએ બન્નેની જન્મ પત્રીકા જોઇને જણાવ્યું કે **બન્નેના ગ્રહોનો મેળાપ ખુબ જ સુંદર છે. ખરેખર ગ્રહોનો આવો સંજોગ**

હોવા તે મહાભાગ્યની વાત છે. આ સાંભળી શ્રી ગુસાઈજી તથા અન્ય કુટુંબીજનો ખૂબ જ પ્રસન્ન થયા અને નક્કી કર્યું કે આ જોડી ખૂબ સુંદર થશે. ત્યારબાદ યોગ્ય મુહુર્ત જોઈ નક્કી કરી આપશ્રીના તે કન્યા સાથે વિવાહ કરી દીધા.

લગ્નનો દિવસ અને મુહૂર્ત

હવે વિવાહ નક્કી થયા પછી થોડા સમય બાદ લગ્નનો દિવસ નક્કી કરવા માટે શ્રી ગુસાઈજીએ જોષીને બોલાવ્યા અને જોષીને લગ્નનો દિવસ અને મહુર્ત કાઢી આપવા જણાવ્યું. જોશીએ વરકન્યાની જન્મ પત્રીકાઓ અને પંચાગ વગેરે જોઇને મુહુર્ત કાઢી આપ્યું. સંવંત ૧૬૨૪ ના અશાડ વદ ૨ ને ગુરૂવારે દિવસ ઉગતાં ઘડી એક લગ્ન થવું જોઈએ એમ જોષીએ જણાવ્યું. ત્યારપછી કુમકુમ તથા અક્ષત નાંખી મુહુર્તનો કાગળ જોષીએ શ્રી ગુસાઈજીને આપ્યો. અને પછી તે કાગળ વેણાભટ્ટને ઘેર મોકલવા માટે શ્રી ગુસાઇજીએ ગોવિંદભટ્ટને જણાવ્યું. ગોવિંદભટ્ટ તરત જ વેણાભટ્ટને આ લગ્નનું મહુર્ત વંચાવીને શ્રી ગુસાઈજી પાસે આવી ગયા. આ રીતે લગ્નનું મુહુર્ત નક્કી થયા પછી હવે બન્ને પક્ષે લગ્નની ખૂબ જ ધામધુમથી તૈયારીઓ થવા માંડી.

લગ્નની તૈયારી

સૌ પ્રથમ તો કુળદેવની સ્થાપના કરી અને પછી શ્રીગુસાઇજીએ પોતાના ખાસ આધિકારી ચાંપાભાઈને લગ્નનો તમામ સાજ તથા તે અંગેની તમામ સામગ્રી તૈયાર કરવાનું જણાવ્યું. આથી ચાંપાભાઇએ

મોટા પાયા ઉપર તૈયારી કરવા માંડી. આ લગ્ન માટે ચાંપાભાઈએ અનેક જાતના કિંમતી હીરા, મોતી, માણેક તેમજ જરજવેરાત, સોનુ, રૂપું વગેરે ખરીદ કર્યા. આ બધામાંથી સુંદર મજાના દાગીના બનાવવા માટે ચાંપાભાઈએ ઉત્તમ કારીગરોને બોલાવ્યા. બીજી બાજુએ ભક્તજનો લગ્નોત્સવમાં આવે તે માટે તે બધાનું સારી રીતે સન્માન થાય તે માટે ચાંપાભાઇએ ઘી, તેલ, ખાંડ, ચુન(લોટ) વગેરેના ભંડાર ભરાવી દીધા. આ ઉપરાંત વસ્ત્રો માટે ઉત્તમમાં ઉત્તમ કાપડના તાકેતાકા જાણીતા ગામોમાંથી ખરીદવામાં આવ્યા. આ રીતે આ લગ્નની તૈયારી માટે ચાંપાભાઈએ કોઈપણ પ્રકારનો સંકોચ રાખ્યા વગર બધી જ વ્યવસ્થા કરી દીધી અને આ બધું જોઇને શ્રીગુસાઈજી ખૂબ પ્રસન્ન થયા.

આ બાજુ ચાંપાભાઈએ બધી જ તૈયારી કરી રાખી હતી ત્યારે બીજી બાજુ શ્રીગુસાઇજીએ પોતાની ખવાસણીને કન્યાના દાગીના માટે તેનું માપ લેવા વેણાભટ્ટને ત્યાં મોકલી. આ ખવાસણી ત્યાં જઈને માપ લઈ આવી અને પછી કન્યા માટે અનેક જુદી જુદી જાતના દાગીના ઉત્તમ કારીગરોને ઘડવા માટે આપ્યા.

આ બધામાંથી પરવારીને હવે શ્રીગુસાઈજીએ આ લગ્નની કંકોતરી છપાવી એને દેશ પરદેશ પોતાના સગાવહાલા તેમજ ભક્તજનો અને પોતાના અનન્ય સેવકોને તે કંકોતરીઓ મોકલી પધારવા જણાવ્યું.

આપશ્રીનો વરઘોડો

આ પછી જ્યારે લગ્નનો દિવસ આવી પહોંચ્યો ત્યારે એક મજાનો શણગારીને તૈયાર કરેલા મંડપમાં અનેક વ્રજભક્તો અને શ્રી ગુસાઈજીના સગાસ્નેહીયો આવવા માંડયા. ન્યાતના રીવાજ મુજબ વિવાહની શરૂઆતની તમામ ક્રિયા પતી ગયા બાદ આપશ્રીના વરઘોડાનો સમય થયો એટલે વરઘોડાની તૈયારીઓ થવા માંડી જ્યારે બીજી બાજુ આ વરઘોડાનું સ્વાગત કરવા. વેણાભટ અને તેમના કુટુંબીજનો રાહ જોતા બેઠા હતા.

હવે આપશ્રીને સુંદર મજાના કિંમતી વસ્ત્રો અને આભુષણો પહેરાવી ખૂબ જ સારી રીતે શણગારીને એક ઘોડા ઉપર પધરાવ્યા. આપશ્રીના મસ્તક ઉપર છત્ર ધરવા માટે શ્રીગુસાઈજીએ પોતાના સેવક માધવદાસને જણાવ્યું. બીજા વૈષ્ણવોને આપશ્રીની આજુબાજુ ચાલતા ચાલતા ચમ્મર ઢોળવાનું જણાવ્યું. આ રીતે તમામ પ્રકારનો રાજઠાઠ તૈયાર થયા બાદ આ આપશ્રીનો વરઘોડો ગામમાં વાજતે ગાજતે ફર્યો અને જ્યારે ચારઘડી રાત રહી તે વખતે આપશ્રીનો વરઘોડો વેણાભટને ત્યાં આવી પહોંચ્યો. આ વખતે જ્ઞાતીના રીવાજ પ્રમાણે આપશ્રીનો ભવ્ય સત્કાર થયો અને વેણાભટ્ટજી તથા તેમના માણસોએ શ્રીગુસાઈજી તથા જાનમાં આવેલા સૌ કોઇનું સારી રીતે સ્વાગત કર્યું અને એ બધાને યોગ્ય આસન ઉપર બેસાડયા.

લગ્નની વિધિ

ત્યારબાદ વર અને કન્યાને સામસામા પધરાવવામાં આવ્યા, પરંતુ તેમની વચ્ચે અંતરપટ રાખવામાં આવ્યું હતું. ઉપાધ્યાયો વિધિ પ્રમાણે મંત્ર બોલતા હતા. પછીથી કન્યા પાસે પાણી ગ્રહણનો સંકલ્પ કરાવ્યો અને વર પાસે ગૌ સંકલ્પ કરાવ્યો. આ સંકલ્પ પછી શ્રી ગોકુલનાથજીએ એ કન્યાનો પાણી ગ્રહણ કર્યો પરંતુ પેલો અંતરપટ તો હજુ એમ ને એમ તેમની વચ્ચે જ હતો. કારણ કે હજુ લગ્નનું મુહુર્ત આવ્યું નહોતું તે મુહુર્તને જરા વાર હતી. ઉપાધ્યાયો અને જોષીઓ લગ્નના મુહુર્તની આતુરતાથી રાહ જોતા હતા અને મંત્રો બોલતા હતા. આમ કરતા કરતા જ્યારે લગ્નનું નક્કી કરેલું મુહુર્ત આવ્યું તે વખતે બહાર વાજીંત્ર વાગવા માંડયા અને સૌ કોઈ ખૂબ જ આનંદમાં આવી ગયા. આ વખતે વર કન્યા વચ્ચે રહેલું અંતરપટ દૂર કરવામાં આવ્યું. અને તરત જ ખૂબ આનંદમાં આવી જઈ સુંદરીઓ ગાવા લાગી.

"સૌ જોવા આવ્યું જોડને, મન મનોરથ પ્રગટયો કોડને,
અહીં ગોકુલપતિ અતિ ગુણનિધિ,
અહીં પાર્વતી વહુ મહાનિધિ;
કહે જુઓ લાડી મુખ વરતણું,
મહાસુંદર પરમ સોહામણું,
જોતાં દૃષ્ટિ મા અલગી કરશો,
જોઈ જોઈ મનમાંહે અતિ રાચશો."

ત્યારબાદ વરકન્યાને મુદ્રિકા પહેરાવીને અભિષેક કરી ગૌરી સ્થાપન આગળ લાવવામાં આવ્યા. ત્યાં આગળ કુળની રીત પ્રમાણે ગૌરીપૂજન કર્યું. ત્યારબાદ જે જે ક્રિયાઓ રીવાજ પ્રમાણે થવાની હતી તે બધી પૂર્ણ થયા બાદ વર કન્યાને ચોરીમાં લાવવામાં આવ્યા. અહીંયા ઉપાધ્યાય અને બ્રાહ્મણોએ મંત્રોચ્ચાર વચ્ચે વરકન્યાને ચાર મંગલફેરા ફેરવ્યા. આ રીતે લગ્નની વિધી સમાપ્ત થતા શ્રી ગુસાંઈજી તથા તેમના કુટુંબીજનો વરકન્યાને લઇને પોતાના મુકામ ઉપર આવ્યા.

હલદી ખેલ અને નમન

હવે હલદી ખેલ માટે વરકન્યાને વેણાભટના મંડપમા પધરાવવામાં આવ્યા અને આ વખતે કન્યાની સખીઓ વાજતે ગાજતે મંગલ ગીતો ગાતી ગાતી ત્યાં આવી પહોંચી. આ ઉપરાંત વરપક્ષના કુટુંબીઓ પણ ત્યાં આવી પહોંચ્યા. હવે આ હલદી ખેલ પહેલા રીવાજ પ્રમાણે વરકન્યાને એક બીજાને પગે લાગવું પડે છે પરંતુ પહેલાં કોણ કોને પગે લાગે એ પ્રશ્ન ઉભો થયો. **વરવાળા કહેવા લાગ્યા કે પ્રથમ કન્યા પગે લાગે અને કન્યા વાળા કહેવા લાગ્યા કે પ્રથમ વર પગે લાગે.** આમ અંદરો અંદર ચર્ચા ચાલતી હતી તે વખતે શ્રી શોભાબેટીજીએ આપશ્રીને કન્યાને પગે લાગવા માટે સમજાવ્યા અને જણાવ્યું કે

"કહ્યું બાબા એ તો તમને નિત્ય નમશે કરી પ્રીત,
પણ હમણાં તો તમો નમો એવી આપણી રીત."

આ પ્રમાણે મોટાંએને સમજાવ્યા એટલે આપશ્રી કન્યાને પગે લાગવા માટે ઉભા થયા પરંતુ વહુજી શરમને લીધે આપશ્રીને પગે લાગવા દે નહિ. આથી ત્યાં ઉભેલા સર્વેએ વહુજીને કહ્યું કે આજે તો વર પગે લાગે જ પછી આખી જીંદગીમાં તો તમારે જ પગે લાગવાનું છે. આમ વહુજીને ઘણું સમજાવ્યા છતા શરમ અને સંકોચને કારણે તે પોતાના ચરણ સંતાડવા માંડયા. છેવટે મહામુશ્કેલીએ આપશ્રીએ વહુજીના ચર્ણ પકડી લીધા અને પગે લાગ્યા. ત્યારબાદ વહુજી આપશ્રીને પગે લાગ્યા. આ રીતે આ નમનનું કાર્ય પતી ગયા બાદ વરકન્યાના હાથમાં હલદી આપવામાં આવી. આ હલદી બધાને લગાડવા માટે વરકન્યા ઉભા થયા અને વહુજીએ સૌ પ્રથમ પોતાના સાસુ અને શ્વસુર પક્ષના વડીલ સૌભાગ્યવતી સ્ત્રીઓને હલદી લગાવી ત્યારબાદ પોતાના દીયેર, જેઠ વગેરે વરપક્ષના કુટુંબીજનોને હલદી લગાવી. બીજી બાજુ આપશ્રી પોતાના સસરા વેણાભટ તેમજ તે તરફના સ્ત્રીપુરુષોને હલદી લગાવતા હતા. આ વખતે બન્ને પક્ષની સુંદરીઓ ખુબ જ આનંદમાં આવીને હાંસી, મશ્કરી વાળા ગીતો ગાતી હતી. ત્યારબાદ કન્યાપક્ષવાળાની સુંદરીઓએ આપશ્રીની ગમ્મતમાં મશ્કરી કરતા કરતા વરકન્યા વચ્ચેની ગાંઠ છોડવા માટે આપશ્રીને જણાવ્યું. આથી આનંદ અને હાંસીનો પુરેપુરો રંગ જમાવવા માટે આપશ્રીએ એ ગાંઠ છોડવામાં વિલંબ કર્યો અને પછી એકદમ તે ગાંઠ છોડી નાંખી. ત્યાર પછી રીતરીવાજ પ્રમાણે જે જે વિધિ થવાની

હતી તે તમામ પુરી થયા બાદ શ્રી ગુસાઇંજીએ સામાપક્ષવાળા પાસેથી વિદાય લેવા માટે વિચાર્યું.

પઠવણી

લગ્નની તમામ વિધિ પુરી થયા બાદ અષાડ વદ છઠ્ઠને દિવસે જાન વળાવવાનું મુહુર્ત નક્કી થયું. તે માટે બધી જ તૈયારીઓ થઇ ગઈ. એ દિવસે એક સુંદર મજાના સણગારેલા ઘોડા ઉપર આપશ્રી અને વહુજી બન્નેને પધરાવવામાં આવ્યા. આ વખતે આપશ્રીના હસ્તમાં શ્રીફળ અને વહુજીના હસ્તમાં કંકાવટી તથા લાડુ મુકવામાં આવ્યા હતા. ત્યારબાદ વેણાભટ્ટે જાનમાં આવેલા સૌનું સારી રીતે સન્માન કર્યું અને સૌને વિદાય આપવા માટે તૈયાર થયા. આ જાન વળાવતી વખતે વેણાભટને પુત્રી વિયોગને લીધે આંખમાં આસુ આવી ગયા પરંતુ પોતાની પુત્રીને એક સર્વશ્રેષ્ઠ વર પ્રાપ્ત થયો છે એ વિચારે તેમણે એ દુઃખ ભૂલી જવા પ્રત્યન કર્યો. આ વિદાય વખતે કન્યાપક્ષની સખીજનો વરની માતાને ગાતા ગાતા કહેવા લાગી,

"આજ લગી અહીં ખેલતી, ચિંતામુકત બની તે;
આજ જાય વલ્લભ પાસ તે, સુંદરી સોહાગી તે.
અમ સખી સોંપીએ તમને, જાળવજો જતન કરી;
દુભવશો મા એક ઘડી, રાખજો એને પ્રેમ ધરી.
ખીજશો મા કદી તમે, વિનતી કરીએ પાય લાગી;
સુવચનો ને શિખામણ દઈ, કરજો એને બડભાગી."

આ પ્રમાણે સખીજનોએ વિનંતી કર્યા બાદ જાન આગળ ચાલવા માંડી અને પછી ધીરે ધીરે જાન ઘેર આવી પહોંચી. ઘેર આવ્યા બાદ વરકન્યાનો મંગલ કલશથી સત્કાર કરવામાં આવ્યો. બ્રાહ્મણોએ અભિષેક કર્યો અને વરમાતાએ બન્નેની આરતી ઉતારી. ત્યારબાદ વરકન્યાએ ગૃહપ્રવેશ કર્યો. આ રીતે આપશ્રીનો લગ્નોત્સવ ખુબ જ ઠાઠમાઠથી, અનેક જાતના વૈભવો સહિત, ઘણી જ ધામધુમથી ઉજવાયો.

ચરિત્ર ૭ મું

આપશ્રીનો ગૃહસ્થાશ્રમ

લગ્ન બાદ આપશ્રી હંમેશાં સેવામાં જ મગ્ન રહેતા અને વહુજી પણ તેમની સાથે સેવામાં મદદમાં રહેતા. થોડા સમયમાં તો વહુજીએ પોતાના સ્વભાવથી અને કામકાજથી સૌ કોઈના મન જીતી લીધાં, અને ઘરમાં બધાની પ્રીતિ પ્રાપ્ત કરી. શ્રીગુસાઈજી અને શ્રીશોભાબેટીજી વહુજીના ખુબજ વખાણ કરવા માંડયા, પરંતુ આપશ્રીને પ્રજોત્પત્તી નહિ થઈ હોવાથી શ્રાગુસાઈજીને ચિંતા થવા લાગી. આ બાબતમાં આપશ્રીની ઈચ્છા બીલકુલ નહોતી પરંતુ એ માટે શ્રીગુસાઈજી બિલ્કુલ તૈયાર નહોતા અને એથી શ્રીગુસાઇજીએ આપશ્રીને બીજીવાર લગ્ન માટે જણાવ્યું પરંતુ આપશ્રીએ એ માટે ચોકખી ના પાડી દીધી. આથી શ્રીગુસાઇજીએ એ વિચાર માંડી વાળ્યો.

ત્યારબાદ શ્રીગુસાઈજી જે ઈચ્છતા હતા તે પ્રમાણે જ થયું અને સંવત ૧૬૩૭ના શ્રાવણ માસમાં પાર્વતી વહુજીને ગર્ભ રહ્યો આ વખતે વહુજીને બેટીજીનું પ્રાગટય થયું. ત્યારપછી તો સંવંત ૧૬૩૯ના ફાગણ માસમાં બીજી બેટીજી અને સંવત ૧૬૪૧માં ત્રીજી બેટીજીનું પ્રાગટય થયું. આ રીતે ઉપરા ઉપરી વહુજીને ત્રણ બેટીઓનું પ્રાગટય થયું. આ સમાચાર જ્યારે શ્રીબાલકૃષ્ણજીએ શ્રીગુસાઇજીને જણાવ્યા ત્યારે શ્રીગુસાઇજીએ જણાવ્યું કે, “ આપશ્રીને પુત્ર જરૂર થશે, પણ તે મારી હાજરીમાં નહિ, પરોક્ષમાં.” આ રીતે શ્રીગુસાઇજીએ જાહેરમાં કહ્યું પરંતુ પોતાના હૃદયમાં તો પોતાને આપશ્રીને ત્યાં પુત્રરૂપે પ્રગટ થવાની ઇચ્છા હતી અને એટલા માટે જ શ્રીગુસાઇજી લીલામાં પધાર્યા પછી આપશ્રીને ત્યાં પુત્રનું પ્રાગટય થયું. આ માટે તો એક વખત શ્રીગુસાઈજીએ પોતાના ખાસ અંતરંગ ભગવદી શ્રીહરિવંશને પોતાના મનની વાત જણાવી હતી કે :—

“ ખેલેંગે એકવાર હમ, શ્રીવલ્લભકી ગોદ. ”

આ ઉપરાંત શ્રી ગુસાઈજીના કૃપાપાત્ર સેવક વિષ્ણુદાસ જોષીને શ્રી ગુસાઈજીના દર્શન માટે ખૂબ જ આર્તી થઈ પરંતુ શું થાય ! એ વખતે શ્રી ગુસાઇજી તો ભૂતળ ઉપર બીરાજતા ન હતા. જ્યારે વિષ્ણુદાસ જોષીનું દુઃખ વધી ગયું ત્યારે તેમને સ્વપ્નમાં જણાવ્યું કે “ આટલું દુઃખ તું શા માટે વેઠે છે.

“ જો હે સો શ્રી વલ્લભ હી હૈ, અરૂ મેરો દરસન ચાહે;
શ્રી વલ્લભકે ઘેર બેટા ભયો, તાકો દેખન જાહે ”

આ ઉપરથી જણાય છે કે આપશ્રીને ત્યાં પ્રથમ પુત્ર તરીકે શ્રી ગુસાઇજી પોતે જ પ્રગટયા છે અને તેથી આપશ્રીના પ્રથમ પુત્ર શ્રી ગોપાલજી સાક્ષાત્ શ્રી ગુસાઇજીનું જ પ્રાગટય છે.

શ્રી ગુસાઇજીની આસુર વ્યાહ મોહલીલાની તૈયારી અને આપશ્રીને ઉપદેશ

ત્યારબાદ યોગ્ય સમય થતા શ્રી ગુસાઈજીએ આસુરવ્યાહ મોહલીલા કરવાનો વિચાર કર્યો અને આ વિચાર શ્રી ગુસાઈજીએ સો પ્રથમ આપશ્રીને જણાવ્યો. આથી આપશ્રીને ઘણું દુઃખ થયું. આ જોઈ શ્રી ગુસાઈજીએ આપશ્રીને પોતાનાથી દૂર રાખવા માટે વિચાર કર્યો. ત્યાર પછી શ્રી ગુસાઈજીએ પોતાના બધા બાળકો આપશ્રીને સોંપ્યા અને મોટા પુત્ર શ્રી ગીરધરજી અને શ્રી શોભાબેટીજીને સાથે લીધા અને પછી શ્રીજીદ્વાર પધાર્યા. આ પ્રમાણે આપશ્રી પોતે શ્રી ગુસાઈજી વગર રહી શકે તેની તાલીમ આપવા માટે જ શ્રી ગુસાઈજી આપશ્રીથી જુદા પડયા. શ્રીજીદ્વાર શ્રી ગુસાઈજી ઘણો સમય બીરાજ્યા અને પ્રેમપૂર્વક શ્રી નાથજીની સેવા કરી પરંતુ હવે જ્યારે શ્રી ગુસાઈજીને લીલામાં પધારવાનો યોગ્ય સમય આવી ગયો તે વખતે શ્રી ગુસાઈજીએ આપશ્રીને માર્ગની થોડી સલાહ સૂચનો આપવાનો વિચાર કર્યો અને એથી આપશ્રીને શ્રીજીદ્વાર બોલાવવામાં આવ્યા.

આપશ્રી શ્રીજીદ્વાર પધાર્યા એટલે શ્રી ગુસાઇજીએ બધાં બાળકોની યોગ્ય સંભાળ લેવા જણાવ્યું અને કુટુંબીજનો સાથે સુખ શાંતિથી રહેવા જણાવ્યું. ત્યારબાદ શ્રીનાથજી આપશ્રીને સોંપીને જણાવ્યું કે, "આ તમારૂં સર્વસ્વ છે અને તેની યોગ્ય સંભાળપૂર્વક, સારી રીતે, પ્રેમપૂર્વક સેવા કરજો. ગમે તેવી પરિસ્થીતિ આવે છતાં આ પ્રભુ સેવા ન ભૂલશો." જેવી રીતે શ્રી ગુસાઇજીએ આ બધું અને માર્ગનું જ્ઞાન શ્રીગુસાઇજીને સોંપ્યા હતા તેવી રીતે શ્રી ગુસાઇજીએ તે બધુંય આપશ્રીને સોંપ્યું અને ખાસ શ્રી મહાપ્રભુજીની મેડમર્યાદા પ્રમાણે સેવા પ્રકાર ચાલું રાખવા જણાવ્યું.

ત્યાર પછી શ્રી ગુસાઈજીએ પોતાના કંઠમાથી માલા કાઢીને જાણે આપશ્રીને આશિર્વાદ આપતા હોય તે રીતે આપશ્રીના કંઠમાં પહેરાવી. આ ઉપરાંત શ્રી ગુસાઇજીએ પોતાની પાઘ પણ આપશ્રીને માથે ધરી અને એ રીતે પોતાનું બધું જ જે કામ હતું તે આપશ્રીને સોંપ્યું.

હવે છેલ્લા સમયે આપશ્રીને પોતાની પાસે રાખવાનું યોગ્ય નહિ જણાતા શ્રીગુસાઈજીએ મુકુંદદાસ નામના એક ભગવદી સાથે આપશ્રીને શ્રીગોકુલ મોકલી આપ્યા. ત્યારપછી શ્રીગુસાઈજીએ પોતાના મોટા પુત્ર શ્રીગીરધરજીને જણાવ્યું કે, "હવે આ વર્ષમાં જ શ્રીવલ્લભને (આપશ્રીને) જરૂર પુત્ર થશે અને તેનું નામ શ્રીગોપાલ રાખજો" આ પ્રમાણે આપશ્રીને પુત્ર થશે એ પ્રમાણે ભવિષ્ય ભાખીને હવે શ્રીગુસાઈજી પોતાના બાળકોને ઉપયોગી થાય તે માટે

શીખામણવાળા પત્રો લખવા બેઠા. શ્રીગુસાઈજીએ આવા બે પત્રો લખ્યા. એકમાં આપશ્રીની મોટાઇ બતાવીને સર્વ બાલકોએ કઇ રીતે વર્તવું તે અંગેની શિક્ષા લખી હતી. તે શિક્ષા નીચે પ્રમાણે હતી :—

"લૌકિક અલૌકિક જે કરો, કરજો સૌ સુખમાની;
શ્રીવલ્લભકુ પૂછીકે, કીજો રૂચી પહેચાની.
શ્રીવલ્લભકુ ભાઈ, કરો યહ તુમ જાનો સત્ય;
શ્રીવલ્લભ કહે સો કીજીયો, માની લેજો સત્ય."

આ પ્રમાણે પ્રથમપત્રમાં તો શ્રીગુસાઈજીએ આપશ્રીનું મહત્વ વધારી સૌ કોઇને આપશ્રીની આજ્ઞા પ્રમાણે વર્તવાનું જણાવ્યું બીજા પત્રમાં ગમે તેવો ભયંકર સમય આવે છતાં એ સમયમાં ન મુંઝાતા કેવી રીતે રસ્તો કાઢવો તે અંગે લખ્યું હતું.

હવે શ્રીગુસાઇજીએ આ રીતે તમામ કામકાજ પતાવ્યા બાદ લીલામાં પધારવાનો છેવટનો નિર્ણય કરી દીધો અને એક સંધ્યા સમયે શ્રીગુસાઇજીએ પોતાના ભૌતિક દેહનો અંત આણ્યો. આથી શ્રીગીરધરજી અને શ્રીશોભાબેટીજી જે બંને ત્યાં હાજર હતા. તેઓ ખુબ જ દુઃખી થયા અને હવે શું કરવું તે માટે મુંઝવણમાં પડી ગયા. જ્યારે એમની મુંઝવણ વધી ગઈ અને કંઇ સૂજ ન પડતા શ્રીશોભાબેટીજીએ શ્રીગીરધરજીને જણાવ્યું કે, "છેલ્લી વખતે શ્રીગુસાઈજી કાંઈક

પત્ર લખતા હતા તો તે પત્રની તપાસ કરીએ.'' આ ઉપરથી એ પત્રની શોધ કરતા શ્રી ગુસાઈજીની ગાદી નીચેથી પેલા બે પત્રો મળ્યા. તેમાંનો પ્રથમ પત્ર કે જેમાં શ્રી ગોકુલનાથજીની જ મહત્તા શ્રીગુસાઇજીએ જણાવી હતી તે પત્ર શ્રી ગીરધરજીએ ફાડી નાંખ્યો અને બીજો પત્ર કે જેમાં ગમે તેવા પ્રસંગો ઉપર કેવી રીતે વર્તવું અને મુંઝાવું નહિ તેનો યોગ્ય ખુલાસો હોવાથી તે પત્ર શ્રીગીરધરજીએ રહેવા દીધો અને તે પત્રમાંથી પોતે યોગ્ય માર્ગ કાઢી લીધો.

હવે જે વખતે શ્રીગુસાઈજીએ આસુર વ્યહ મોહલીલા કરી તે વખતે આપશ્રી તો ત્યાં હાજર નહોતા. કારણ કે શ્રી ગુસાઇજીએ જાણી જોઈને જ આપશ્રીને ગોકુલ મોકલી દીધા હતા. જ્યારે આ સમાચાર આપશ્રીએ જાણ્યા તે વખતે આપશ્રીને ઘણું જ દુઃખ થયું પરંતુ ધીરજ રાખી તે સહન કર્યું.

આપશ્રીને ત્યાં પુત્ર પ્રાગટય

હવે બીજી બાજુ જે પ્રમાણે શ્રી ગુસાઇજીએ ભવિષ્ય ભાખ્યું હતું તે પ્રમાણે જ આપશ્રીને ત્યાં સંવત ૧૬૪૨ ના પોષ સુદ ૧૪ ના રોજ એક પુત્રનું પ્રાગટય થયું અને શ્રી ગુસાઈજીના કહ્યા મુજબ તે પુત્રનું નામ શ્રી ગોપાલજી રાખવામાં આવ્યું. ત્યાર પછી સંવત ૧૬૪૫ ના ફાગણ વદ ૧૩ ના રોજ આપશ્રીને ત્યાં બીજા પુત્રનું પ્રાગટય થયું જેનું નામ શ્રી વિઠ્ઠલરાયજી પાડવામાં આવ્યું અને તે પછી સંવત ૧૬૫૦ ના વૈશાખ વદ ૮ ના રોજ ત્રીજા પુત્રનું પ્રાગટય થયું જેનું નામ શ્રી વ્રજરત્નજી રાખવામાં આવ્યું. આ પ્રમાણે

શ્રી ગુસાઈજી લીલામાં પધાર્યા બાદ આપશ્રીને ત્યાં પુત્ર રત્નોનું પ્રાગટય થયું અને એ રીતે આપશ્રીનો ગૃહસ્થાશ્રમ સારી રીતે ચાલ્યો.

ચરિત્ર ૮ મું

આપશ્રીના કુટુંબમાં અવ્યવસ્થા

શ્રી ગુસાઈજી લીલામાં પધાર્યા એટલે કુટુંબના વડીલ તરીકે મોટા પુત્ર શ્રી ગીરધરજીએ સ્થાન લીધું પરંતુ શ્રી ગુસાઇજીના સમયથી જ આપશ્રીનો પ્રતાપ બીજા બધા ભાઈઓ કરતાં વિશેષ જણાતો હતો. વળી આ બાબત શ્રી ગુસાઈજીએ પોતાના વચનામૃતો અને કાર્યોથી સિદ્ધ કરી હતી, અને એ માટે તો શ્રી ગુસાઇજીએ લીલામાં પધારતા પહેલાં વિચાર કર્યો હતો કે આ માર્ગનું રક્ષણ કરવા માટે બધા ભાઇઓમાં આપશ્રી જ શ્રેષ્ઠ છે અને એ ઉપરાંત આપશ્રી બહુ જ બુદ્ધિશાળી, વિદ્વાન અને વ્યવહારકુશળ છે. આ કારણથી જ શ્રી ગુસાઈજીએ બધા બાળકોને આપશ્રીની ઈચ્છા પ્રમાણે વર્તવા પત્રમાં જણાવ્યું હતું પરંતુ તે પત્ર તો શ્રી ગીરધરજીએ ફાડી નાખ્યો હતો. આમ છતાં આપશ્રીનો પ્રતાપ છાનો રહી શક્યો નહિ. દિન પ્રતિ દિન આપશ્રીનો ઉત્કર્ષ વધવા લાગ્યો અને અનેક ભક્તોના ટોળેટોળા આપશ્રી પાસે આવવા લાગ્યા અને એ રીતે આપશ્રીનો વૈભવ ખૂબ વધી ગયો. આ બધુ શ્રી ગીરધરજીથી સહન થઈ શક્યું નહિ આથી તેમણે બધા ભાઇઓને જુદા થવાનું અને

જુદા રહેવાનું જણાવ્યું પરંતુ આપશ્રી તો જાણતા હતા કે કુટુંબનું હિત જુદા થવામાં નથી પરંતુ ભેગા રહેવામાં છે, જુદા થવામાં તો બધા નિર્બળ થઇ જશે અને બીજા કોઈ દુશ્મનો ફાવી જશે. આથી આપશ્રીએ શ્રી ગીરધરજીને જુદા થવાનો વિચાર માંડી વાળવા જણાવ્યું પરંતુ શ્રી ગીરધરજી તો આપશ્રીને તો ખાસ જુદા કરવા માંગતા હતા અને એથી તો શ્રી ગીરધરજીએ આપશ્રી ઉપર અનેક આક્ષેપો કરી આપશ્રીને જુદા થવા માટે ફરજ પાડી.

હવે આપશ્રીએ શ્રી ગીરધરજીથી જુદા રહેવા નક્કી કર્યું અને આપશ્રીએ શ્રી ગીરધરજી પાસે પોતાના શ્રી ઠાકોરજી (શ્રીનાથજી) માંગ્યા પરંતુ શ્રી ગીરધરજીએ તે સ્વરૂપ સોંપવાની ના પાડી. ઘણી જ માથાકુટ પછી શ્રી ગીરધરજીએ આપશ્રીને પોતાના ઠાકોરજી આપ્યા અને શ્રી ગુસાઈજીની બેઠકમાં રહેવા જણાવ્યું. આ રીતે આપશ્રીને શ્રીગુસાઇજીની બેઠકમાં રહેવા માટે કબજો મળ્યો. આપશ્રીના નાના ભાઇ શ્રી ઘનશ્યામજી અને મોટા ભાઈ શ્રી ગોવિંદરાયજીના પુત્ર શ્રી કલ્યાણરાયજીની સંભાળ રાખવાની જવાબદારી આપશ્રીને શીરે આવી.

જ્યારે આપશ્રી આ રીતે જુદા થયા તે વખતે શ્રી ગીરધરજીએ આપશ્રીને કંઈ પણ સાધન સામગ્રી આપી નહિ અને આપશ્રીએ તેની માંગણી પણ કરી નહિ. પ્રભુની ઈચ્છા આ પ્રમાણે હશે એમ માની આપશ્રી બીલકુલ ચુપ રહ્યા.

આપશ્રીનું અદ્‌ભૂત આકર્ષણ

હવે આપશ્રીના છૂટા થવાની સાથે જ આપશ્રીના સ્વરૂપ બળથી આકર્ષાઈને ભંડારી, ભીતરીયા, જલધરીયા, ગાડીવાન, ચોકીદાર વગેરે સૌ કોઇ શ્રી ગીરધરજી પાસેથી છૂટા થઈ આપશ્રીની સાથે ગયા. આખો વૈષ્ણવ સમાજ પણ આપશ્રીની સાથે જ ગયો. આથી શ્રી ગીરધરજીને ઘણી મુશ્કેલીઓ પડશે એ ચિંતાથી આપશ્રીએ કેટલાકને ત્યાં રહેવાનું જણાવ્યું, પણ કોઈ ત્યાં રહેવા માટે તૈયાર થયું નહિ.

આપશ્રીના પ્રભાવ અને વ્યક્તિત્વથી આકર્ષાઇને સમસ્ત વૈષ્ણવ સમાજ આપશ્રી પાસે આવ્યો એટલું જ નહિ પરંતુ આપશ્રીના અન્ય ભાઇઓ અને બેનો તેમજ સર્વ કુટુંબીજનો પણ આપશ્રી તરફ આકર્ષાયા. શ્રી બાલકૃષ્ણજી, શ્રી યદુનાથજી, તથા શોભાબેટીજી અને સત્યાજી આપશ્રી પાસે રહ્યા અને આપશ્રીએ એ બધાંને ખૂબ જ સારી રીતે પોતાની પાસે રાખ્યા. આ પ્રમાણે જો કે શ્રી ગીરધરજીએ બધા ભાઇઓને જુદા રહેવા જણાવ્યું પરંતુ હકીકતમાં શ્રી ગીરધરજી જ બધાથી જુદા થયા.

આપશ્રી ભલે વડીલ બંધુ શ્રી ગીરધરજીથી છુટા થયા પરંતુ આપશ્રીને શ્રી ગીરધરજી માટે હૃદયમાં તો અનહદ માન અને લાગણી હતા અને એ કારણથી શ્રી ગુસાઇજીના સેવ્ય સ્વરૂપના દર્શન કરવા અને વડિલ બંધુની ખબર કાઢવા માટે

આપશ્રી શ્રી ગીરધરજીને ત્યાં ઘણીવાર જતાં. આ રીતે આપશ્રી પોતે મહા ઉદાર હતા.

હવે આપશ્રીની પાસે જુદા જુદા ગામના વૈષ્ણવો આવવા લાગ્યા અને આપશ્રીને પોતાના ગામે પધારવા માટે વિનંતી કરવા માડયા. આ વખતે ગુજરાતના અનેક વૈષ્ણવો આપશ્રીના દર્શને આવ્યા અને તેમણે આપશ્રીને ગુજરાત પધારવા માટે ખાસ ભારપૂર્વક અને પ્રેમપૂર્વક વિનંતી કરી. આથી આપશ્રીએ ગુજરાતના દૈવીજીવોને શરણ લેવાની ઇચ્છા કરી.

ચરિત્ર ૯ મું

આપશ્રીનો ગુજરાતનો પ્રવાસ

શ્રી ગોકુલનાથજી શ્રી ગોકુલમાં લગભગ ૧૮ વર્ષ સુધી બીરાજ્યા અને અનેક જીવોને શરણે લઈ તેમને સેવા–રસ અને લીલાનો અનુભવ કરાવ્યો. આ રીતે આપશ્રીએ પોતાના પ્રતાપ બળથી આખા ગોકુળને એક મહાન, પવિત્ર, અલૌકિક ધામ બનાવી દીધું હતું. હવે આપશ્રીની કૃપા દૃષ્ટિ ગુજરાત તરફ ખેંચાઇ અને ગુજરાતના દૈવી જીવોનો ઉદ્ધાર કરવા એ બાજુ પધારવા વિચાર કર્યો. આ રીતે **ગુજરાત પ્રદેશ ખરેખર ભાગ્યશાળી નીવડયો કહેવાય. આ ઉપરાંત બીજે કોઇ દેશ નહિ પરંતુ ગુજરાત પધારવાની આપશ્રીની ખાસ ઇચ્છા થઇ તે ગુજરાત પ્રત્યે આપશ્રીની વિશેષ પ્રીતિ સૂચવે છે.**

હવે રાજનગરના વૈષ્ણવો પણ ખુબ અધીરા બની ગયા હતા કે ક્યારે આપશ્રી પધારે અને સૌને ભક્તિ રસનું દાન કરે. રાજનગરના એક મહાનુભવી પરમ ભગવદી હરિવંશભાઈએ આપશ્રીના મનની વાત જાણી લીધી કે આપશ્રીને ગુજરાત પધારવાનો વિચાર થયો છે. આથી હરિવંશભાઇએ ગુજરાતનું પરમ ભાગ્ય માની આપને પધરાવવા માટે શ્રી ગોકુલ એક વિનંતી પત્ર મોકલ્યો. આ પત્ર વાંચી આપશ્રી હર્ષ પામ્યા અને સંવંત ૧૬૪૬ ના ચૈત્ર સુદ ૯ (રામનવમી) ના રોજ ગુજરાત બાજુ પ્રયાણ કરવાનો નિશ્ચય કર્યો.

ત્યારબાદ આપશ્રીએ આ વિચાર પોતાના કુટુંબીજનો અને પોતાના સેવકોને જણાવ્યો અને તે માટે રજા આપવાનું તે બધાને આપશ્રીએ જણાવ્યું, પણ આપશ્રીનો આ વિચાર જાણતાની સાથે જ તે બધા ખુબ જ નિરાશ થઈ ગયા અને આપશ્રી વગર તેઓ દુઃખી થશે એની ચિંતામાં સૌ કોઇ પડી ગયા. આ જોઈ આપશ્રીનું હૃદય કરૂણાથી ભરાઈ આવ્યું અને તે બધાને પોતાની સ્નેહ દૃષ્ટિ દ્વારા શાંત કર્યા.

છેવટે જ્યારે બધા કુટુંબીજનોએ અને વૈષ્ણવોએ આપશ્રીને જવા માટે રજા આપી ત્યારે આપશ્રી ભારે હૃદયે જવા તૈયાર થયા. ત્યારબાદ શુભ મુહુર્ત જોઈને સૌની વચ્ચેથી ભાવભરી વિદાય લઈને, ચાંભાભાઇએ તૈયાર રાખેલા ઘોડા ઉપર બીરાજીને આપશ્રીએ ગુજરાત તરફ પ્રયાણ કર્યું. ઘોડા ઉપર બેસીને આપશ્રી શ્રી યમુનાજીના

કિનારે આવ્યા અને પછી નાવમાં બીરાજીને સામે પાર ગયા. ત્યાંથી આપશ્રી પરાસોલી થઈ આન્યોર પધાર્યા અને ત્યાં શ્રી ગોવર્ધનનાથજીને મળ્યા. અહીંયા મુખીયાજીએ આપશ્રીને શ્રી ઠાકોરજીની પ્રસાદી, માળા તથા બીડા આપ્યા અને આપશ્રીને વિજય તિલ કર્યા બાદ દંડવત્ પ્રણામ કર્યા. પછીથી આપશ્રીએ શ્રી ગોવર્ધનનાથજીને નમન કરીને રજા માંગી અને ત્યાંથી વિદાય થયા.

આન્યોરથી નીકળીને સીકરી રાત્નાબાઇને ત્યાં થઇ રણથંભોર લાડબાઇને ત્યાં પધાર્યા. ત્યારબાદ આપશ્રી ઉદેપુર પધાર્યા અને ત્યાં કેટલોક સમય બીરાજીને અનેક દૈવી જીવોને શરણે લીધા. આ પછી આપશ્રી પાનોડ ગામમાં શ્રી ગુસાઇજીના સેવક હરપાલ ભીલને ત્યાં પધાર્યા. આપશ્રીને પોતાના આંગણે પધારેલા જોઇ હરપાલ ભીલ ખુબ જ પ્રસન્ન થયો અને પછી તેણે આપશ્રીનું ખુબ સારી રીતે સન્માન કરી દશ હજાર રૂપિયા ભેટ ધર્યા. ત્યાંથી આપશ્રી ઇડર થઇ વીજાપુર પધાર્યા. વીજાપુરના રાજા વિરમદેવને તથા તેની સોળ રાણીઓને આપશ્રીએ નામ આપી ઉદ્ધાર કર્યો. ત્યાંથી આપશ્રી અનેક નાના નાના ગામડાઓનો પ્રવાસ કરતા કરતા મોડાસે આવી પહોંચ્યા. મોડાસેથી સાવલી અને ત્યાંથી આપશ્રી ખેરાલુ પધાર્યા. આપશ્રીને જોઈને ખેરાલુના વૈષ્ણવો ખુબ જ પ્રસન્ન થયા અને આપશ્રી ત્યાં કેટલોક સમય બીરાજીને ઘણા જીવોને શરણે લીધા. આ રીતે **આપશ્રી જે જે ગામમાં જતા તે તમામ ગામના જીવોને આપશ્રી શરણે લેતા અને ઉદ્ધાર કરતા.**

ખેરાલુથી આપશ્રી વડનગર પધાર્યા. વડનગરમાં શ્રી ગુસાઇજીના સેવક દેવજી મહેતા રહેતા હતા તેમને ઘેર આપશ્રી પધાર્યા અને અનેક દૈવી જીવોને બ્રહ્મસંબંધ આપી શરણે લીધા. ત્યાંથી આપશ્રી વીસનગર, વસો, વગેરે ગામમાં ફરી, જીવોને શરણે લઈ રાજનગર તરફ આવવા માટે યાર થયા રાજનગરથી વૈષ્ણવોનો મોટો સમુદાય આપશ્રીને પધરાવવા સામો ગયો અને આપશ્રીને ખુબ જ વૈભવથી અને દમદબાથી શહેરમાં લાવવામાં આવ્યા.

રાજનગરમાં આપશ્રી અસારવામાં આવેલા ભાઈલાલ કોઠારીને ઘેર પધાર્યા અને ત્યાં આપશ્રીને પધારેલાં જાણી રાજનગરના ઘણા જ વૈષ્ણવો દર્શને આવ્યા અને આપશ્રીને મોટી મોટી ભેટો ધરી. અહીંયા પણ આપશ્રીએ ઘણા જીવોનો નામ તેમજ બ્રહ્મસંબંધ દ્વારા ઉદ્ધાર કર્યો ઉદ્ધાર કરવામાં આપશ્રીએ કોઇપણ જાતના ભેદભાવ રાખ્યા નહિ. માધવદાસ અને વૃંદાવન નામના બે ભાઇઓ નીચ જાતના હતા અને તેઓ બન્ને આપશ્રીની પાસે આવ્યા. આ બન્ને ભાઇઓને પણ કોઇ જાતનો ભેદ રાખ્યા વીના નામ આપીને શરણે લીધા. આપશ્રી સુંદર વચનામૃતો દ્વારા જણાવતા હતા કે, “ આ **માર્ગમાં સૌ કોઈ એક સરખા છે અને સર્વને સરખો અધિકાર છે. ઊંચ કે નીચ સર્વ પ્રકારનાં જીવોનો અંગીકાર આ માર્ગમાં થઇ શકે છે. વૈષ્ણવ થવા માટે વર્ણભેદ કે જાતીભેદ આડે આવતો નથી. શાસ્ત્રોમાં તો બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર આમ ચાર વર્ણો બતાવી છે, પરંતુ શ્રીમદ્**

વલ્લભાચાર્યજીએ તો 'વૈષ્ણવ' નામનો પાંચમો સર્વથી જુદો એવો વર્ણ સ્થાપિત કર્યો." આ વર્ણમાં ગમે તે જાતિનો સમાવેશ થઇ શકે છે. આજ કારણથી હિંદુ, મુસલમાન, નીચ, ગમે તેવી હલકી જાતીનો હોય તે બધા જો દૈવી હોય તો આ માર્ગમાં આવી શકે છે. આ જગત–ધર્મ તરીકેનું એક લક્ષણ સુચવે છે." આ રીતે આપશ્રી વૈષ્ણવોને પોતાના વચનામૃતો દ્વારા માર્ગ વિશે સુંદર મજાનો ઉપદેશ કરતા હતા.

રાજનગરથી ચાલીને આપશ્રી શંકરપુર પધાર્યા. અહીંના પરમ ભગવદી શ્રી વિઠલદાસભાઈએ આપશ્રીનું સ્વાગત કરી પોતાના વિશાળ ઘરમાં પધરાવ્યા. આ વખતે હિંડોળાનો સમય હોવાથી વિઠલદાસભાઇએ આપશ્રીને હિંડોળે ઝુલાવ્યા. ત્યારબાદ આપશ્રીએ જન્માષ્ટમીનો ઉત્સવ પણ અહીં જ સારી રીતે ઉજવ્યો અને પછી ત્યાંથી આપશ્રી સરખેજ, સાણંદ થઇને વીરમગામમાં પધાર્યા.

આપશ્રીનું પ્રતાપબળ

વિરમગામથી આપશ્રી અનેક ગામોમાં ફરતા ફરતા ડાંગદરા આવી પહોંચ્યા. અહીં આપશ્રીના માણસોને પાણી માટે ઘણી મુશ્કેલી ઉભી થઈ. રસોઈ માટે પાણી મેળવવા માટે કુવા તળાવની ઘણી શોધ કરી પરંતુ ક્યાંય પાણી મળ્યું નહિ. આથી બધા મુંઝાયા અને આપશ્રી પાસે જઇને વાત કરી કે "આ ગામમાં રસોઈ માટે પાણી મળતું નથી તો શું કરવું ?" આ સાંભળી કહ્યું કે, "અરે ગામની પાસે તળાવ છે તેમાંથી પાણી લઈ આવોને" આથી બધા

વાએ જવાબ આપ્યો કે, "જે ત્યાં તળાવ તો છે પરંતુ તેમાં ી બીલકુલ નથી." આ સાંભળી આપશ્રીએ સૌને ધીરજ વા જણાવ્યું અને સૌને આજ્ઞા કરી, "તમે હવે એ તળાવ ે જાઓ અને જુઓ કે તે તળાવ જલથી ભરેલું છે" આથી ાને નવાઇ લાગી કે હમણાં અમે તો તળાવને ખાલી જોયેલું અને ટલી જ વારમાં તળાવમાં જળ ક્યાંથી આવ્યું હોય ! આમ છતાં પશ્રીના વચનમાં વિશ્વાસ રાખી બધા એ તળાવ પાસે ગયા. અને ું તો તે તળાવ આખું જળથી ભરેલું હતું. આ જોયા પછી બધાને પશ્રીના પ્રતાપબળનો અનુભવ થયો.

ડાંગદરાથી આપશ્રી કાઠીયાવાડમાં પંચાસર અને છીકારી થઈ કા પધાર્યા. દ્વારકાના ગુગલી લોકોએ શ્રીરણછોડરાયજીના મંદિરમાં ક ગોટાળો કર્યો હતો અને આપશ્રીએ એ ગોટાળો દૂર કર્યો અને દિરમાં બરાબર વ્યવસ્થા સ્થાપી. શ્રીરણછોડરાયજીનો ભોગનો નેક રે નક્કી કરી નિયમિત મત બાંધ્યો અને વિધિસર સેવા ચાલુ કરી. રીતે આપશ્રીએ દ્વારકામાં ૧૧ દિવસ બિરાજીને તે સ્થળનો હિમા વધાર્યો.

દ્વારકાથી આપશ્રી ખડખંભાલીયા, રાજકોટ, નવાનગર થઈને ંગાપર્વત પાસે આવેલ કુડેગામમાં પધાર્યા. અહીં જંબોજી નામના ક શુદ્ધ અંતઃકરણવાળા બ્રાહ્મણની સામગ્રીનો આપશ્રીએ અંગીકાર ર્યો અને પછી આપશ્રી પાટણ પધાર્યા. અહીં આપશ્રીએ ઘણા વોને શરણે લીધા. પાટણના પટોળા ખૂબ સુંદર રીતે વણાયેલા

હોય છે અને એથી તો તે વખણાય છે. આથી આ પટોળાં કેવી
તૈયાર થાય છે, કેવી રીતે વખણાય છે તે તમામ હકીકત આપશ્ર
ત્યાંના સાળવી પાસેથી જાણી. સાળવી પાસે આ પટોળા વણવ
રીત સાંભળીને આપશ્રી ખૂબ જ પ્રસન્ન થયા. પાટણથી આ
સિદ્ધપુર પધાર્યા. અહીં આપશ્રીએ સરસ્વતી નદીમાં સ્નાન કરી
નદીનો મહિમા વધાર્યો. ત્યાંથી આપશ્રી મહેસાણા પધાર્યા. મહે
ણામાં તે વખતે માટીના વાસણો ખૂબ મજાના, સુંદર કોતરણીવ
થતા હતા. આથી ઘણા વૈષ્ણવોએ તે માટીના વાસણો આપશ્ર
સમર્પ્યા. આ વાસણોની કારીગરી જોઈને આપશ્રી ખૂબ જ પ્રસન્ન થ

હવે મહેસાણાથી આપશ્રી જુદા જુદા ગામે અનેક જીવોને શ
લેતા લેતા કંઠાય નામના ગામમાં આવી પહોંચ્યા. અહીંથી રાજન
પાસે હોવાથી રાજનગરનો વૈષ્ણસમાજ આ ખબર મળતા જ આ
શ્રીના દર્શન કરવા માટે સામો ગયો અને ત્યાંથી આપશ્રીને રાજનગ
પરમ ભગવદી શ્રીવિઠ્ઠલદાસને ત્યાં પધરાવી લાવ્યા. આપશ્રીએ દિવ
તથા અન્નકુટના ઉત્સવ અહીં જ કર્યા.

આપશ્રી રાજનગર બીરાજતા હતા તે વખતે બારભટ ના
એક બ્રાહ્મણે એક નવીન મત પ્રગટ કર્યો હતો અને બીજા
મતોનું તે ખંડન કરતો હતો. તે દરેક મતના અગ્રણીઓ સાથે
વિવાદ કરતો અને તેમને હરાવી પોતાનો મત મજબુત બનાવ
પ્રયત્ન કરતો. તેણે આપશ્રી પધાર્યાની વાત જાણી તે વખતે આ
શ્રીની સાથે પણ વાદવિવાદ કરીને, જીત મેળવીને પોતાનો યશ

વા પ્રયત્ન કરવા લાગ્યો. તે આપશ્રી પાસે ગયો અને પોતાનો વાદ
રૂ કર્યો. સૌ પ્રથમ તો આપશ્રી મૌન ધારણ કરી તે બધું સાંભળી
ષા અને પછી જ્યારે તે કહી રહ્યો ત્યારબાદ આપશ્રી તો વેદ, સ્મૃતિ
થા શ્રીમદ્ ભાગવતના સચોટ પ્રમાણો આપી તેના એક એક
ઓને તોડી નાખ્યા. વાદવિવાદમાં આપશ્રીની સામે તે ટકી શક્યો
હિ. તેથી બારભટ્ટ નામના બ્રાહ્મણે આપશ્રીની સામે હાર સ્વીકારી
ને પછી તે આપશ્રીને દંડવત કરી ત્યાંથી ચાલ્યો ગયો.

રાજનગરથી આપશ્રી કપડવંજ પધાર્યા અને કપડવંજથી વીરપુર,
ંમડી થઇને આંબલીઆરે પધાર્યા. અહીંયા આપશ્રીને ભોજન
રતી વખતે એટલો બધો સ્વાદ પડયો કે તે ગામનું નામ આપશ્રીએ
કરીયું પાડયું. ત્યાંથી આપશ્રી ગોધરા અને ગોધરેથી વડોદરા
ધાર્યા. પછી નડીયાદ અને સોજીત્રામાં પધાર્યા. અહીંયા રામજી
ટલ નામના એક ભગવદીયે આપશ્રીને પોતાનું ઘર સમર્પવાનું
ણાવ્યું. આથી આપશ્રીએ તે ઘર સ્વીકારવાની ના પાડી અને
ણાવ્યું કે, "આમ કરવાની શી જરૂર છે! તમારૂં સર્વ અમારૂં જ
ને. અમારે તો આપ સૌનો ભાવ જ જોઈએ." આ ઉપરથી
ાપણે જોઈ શકીશું કે આપશ્રી તો કેવળ ભાવના ભૂખ્યા છે. તેમને
ાવી બધી વસ્તુઓની કંઈ પડી હોતી નથી. આમાં આપણે આપ-
ીનો સ્વજનો પ્રત્યેનો પ્રેમ તેમજ દ્રવ્ય પ્રત્યેની અનાસક્તિ જોઈ
ાકીએ છીએ.

સોજીત્રાથી આપશ્રી ખંભાતમાં પધાર્યા. અહીંયા આપશ્રીએ

પોતાનો જન્મદિવસ ખૂબ જ ધામધુમથી ઉજવ્યો અને પોત
કૃપાપાત્ર ભગવદી માધવદાસ તથા જીવાબાઇના મનોરથ પૂર્ણ ક
ખંભાતમાં આપશ્રી ૨૧ દિવસ બિરાજ્યા અને અનેક જીવોને શ
લીધા.

ત્યારબાદ આપશ્રી અંકલેશ્વર અને અંકલેશ્વરથી સુરત પધા
અહીંયા હરિકાકા નામનો એક નાગર બ્રાહ્મણ આપશ્રીની સાથે વ
વિવાદમાં ઉતર્યો પરંતુ આપશ્રીએ તો તેને એક જ વચનથી નિરૂ
કરી દીધો. સુરતથી આપશ્રી વ્યારા પધાર્યા.

હવે આપશ્રી જે વખતે વ્યારા બીરાજતા હતા તે વખતે વ
ગામથી અંતદાસ નામના એક ભગવદી આપશ્રીને પોતાને ગા
પધરાવવા માટે વ્યારા આવ્યો. આથી આપશ્રીએ તેનો ભાવ જો
માટે કહ્યું, "તું સેવા છોડીને કેમ આવ્યો? હું મારી ઇચ્છા
તારા ગામે આવવાનો જ હતો." ત્યારે તે ભગવદીએ જણાવ્
"ઘેર તો રોજ દર્શન કરીએ છીએ પરંતુ આજ તો પ્રગ
પધાર્યા છો એથી મનના મનોરથ પૂર્ણ કરવા માટે આપ
પાસે આવ્યો છું. ઘેર તો ભાવનાથી આરોગો છો પર
આજ જ્યારે સાક્ષાત્ સુખ દેવા પધાર્યા છો એટલે તાપ
શાંતિ કરવા માટે જ આપની પાસે આવ્યો છું." આ
સાંભળી આપશ્રી ઘણા જ પ્રસન્ન થયા અને પછી વડાગામ પધાર્
તેમને ત્યાં ૩૫ દિવસ સુધી રહ્યા અને તેમના સઘળા મનોરથ પૂ
કર્યા. ત્યાંથી આપશ્રી નંદરબાર પધાર્યા. ત્યાંથી આપશ્રી તાતી

પધાર્યા અને પછી જ્યારે તાતીપુરથી ઉજ્જૈન જવા માટે રવાના થયા તે વખતે રસ્તામાં એક ચોરન નામનું રણ આવ્યું. હવે આ ચોરન રણના મહેવાસી લોકો ચોર અને ડાકુ હતા અને તે આ રસ્તે આવતા જતા લોકોને લુંટતા અને મારતા. હવે આ રસ્તે જ્યારે આપશ્રી પધાર્યા તે વખતે આપશ્રીને જોતાં જ તે મહેવાસી લોકો નાસી ગયા. પછી લુંટવાની વાત તો ક્યાં રહી! આ ઉપરથી આપશ્રીના સ્વરૂપનો પ્રભાવ કેવો વજનદાર હતો તે સમજી શકાય છે.

આ રીતે આપશ્રી કોઈ પણ જાતનો ભય રાખ્યા વીના અનેક ગામોના જીવને શરણે લઇ આગળને આગળ પધારતા હતા. આ વખતે આપશ્રીની સાથેનો એક વૈષ્ણવ પાછળ પડી ગયો અને આપશ્રી ઘણા આગળ નીકળી ગયા. આથી આપશ્રીએ એ વૈષ્ણવની રાહ જોવા માટે પોતાનો ઘોડો થોભાવ્યો. અને પછી જ્યારે પેલો વૈષ્ણવ આવી પહોંચ્યો ત્યારે જ આપશ્રીએ આગળ ચાલવા માંડ્યું. આપશ્રી આપશ્રી: જેનો સંગ પકડે તેને કેમ છોડે! માર્ગમાં ચાલતા ચાલતા એક ભયંકર રસ્તો આવ્યો અને એ વખતે આપશ્રીના સાથે રહેલા ગોપીનાથદાસ નામના એક વૈષ્ણવે આપશ્રીને હથીયાર સાથે રાખવા કહ્યું પરંતુ આપશ્રી તો બીલકુલ નીડર હતા. એમને વળી કોનો ભય હોય। જેમને જોઇને ભલભલા ચોર ડાકુ નાશી જાય પછી આવા ભયવાળા રસ્તાથી આપશ્રીને શાને ડરવાનું હોય। આથી આપશ્રીએ પાસે હથીયાર રાખવા માટે ના જણાવી દીધી.

પછી આપશ્રી ઉજ્જેન પધાર્યા. અહીં આપશ્રીએ કથા કરી અનેક જીવોને સુખ આપી શરણે લીધા. ત્યાંથી આપશ્રી સુનેરા તલાવ પાસે પધાર્યાં. અહીં આપશ્રીએ ગોકુલથી આવેલા એક વૈષ્ણવને જોયો. આથી આપશ્રીએ તે વૈષ્ણવને પોતાના મોટાભાઈ શ્રી ગીરધરજીના સમાચાર પૂછ્યા. જોયું ને! આપશ્રીને પોતાના મોટાભાઈ પ્રત્યે કેટલી અનહદ લાગણી હતી!

હવે આપશ્રી આ સુનેરા તલાવ પાસેથી સારંગપુર થઇ ગ્વાલીયરથી ત્રણ ગાઉ દૂર આપશ્રીએ મુકામ કર્યો. આ સમાચાર ગઢાના રાજાને ખબર પડવાથી તે આપશ્રીને પધરાવવા સામો ગયો અને પછી આપશ્રી ગઢે પધાર્યા. અહીંથી આપશ્રી ગોરખઘાટ તથા ધોલપુર થઈને આગ્રા આવ્યા અને ત્યાં રામદાસના બાગમાં મુકામ કર્યો. હવે આપશ્રીની ઇચ્છા ગોકુલ પધારવા માટે થઇ હતી અને એ માટે ગોકુલથી થોડા ઘણા વૈષ્ણવો પણ આપશ્રીને પધરાવવા માટે આવ્યા હતા. શુભ મુહુર્ત જોઈ સંવંત ૧૬૪૭ ના વૈશાખ સુદ ૨ ના રોજ આપશ્રી પાછા ગોકુલ પધાર્યા. આ રીતે ગુજરાતમાં અનેક નાનામોટા ગામોમાં પધારીને અનેક જીવોને શરણે લઇને આપશ્રીએ ગુજરાત ઉપર એક મહાન ઉપકાર કર્યો છે એમાં કોઈ પણ જાતની શંકા નથી.

ચરિત્ર ૧૦ મું

પિતૃ ઋણ

ગુજરાતનો પ્રવાસ પુરો કર્યા બાદ આપશ્રીએ બીજા કોઇ પરદેશમાં નહિ જવાનું નક્કી કર્યું હતું અને તેથી આપશ્રી ગુજરાતમાં પણ ફરી પધાર્યા નથી. આ ઉપરથી આપણે જોઈ શકીશું કે ગુજરાત ખરેખર ભાગ્યશાળી કહેવાય કે તેના પ્રવાસ બાદ આપશ્રીએ આવો નિયમ સ્વીકાર્યો. હવે આપશ્રી ગોકુલમાં જ રહેતા હતા.

જ્યારે શ્રી ગુસાઈજી લીલામાં પધાર્યા ત્યારે તેમને માથે ઘણું મોટું દેવું થયું હતું. અને હવે આ દેવું ભરપાઈ કરવાની જવાબદારી શ્રી ગીરધરજી ઉપર આવી પડી હતી, પરંતુ શ્રી ગીરધરજીએ તો કરજદારોને જણાવી દીધુ હતું કે જો તેમને લેણી નીકળતી રકમ જોઇતી હોય તો તે બધાએ આપશ્રી પાસે જવું કારણ કે આપશ્રી ગુજરાતથી સારી એવી સમૃદ્ધિ લઈને પધાર્યા છે. વળી શ્રીગીરધરજીએ કરજદારોને એમ પણ જણાવ્યું કે પોતે તો સંન્યાસી થવાના છે. આ વખતે શ્રી ગીરધરજી તો પૂર્વ દેશમાં પધાર્યા હતા અને છેવટે શ્રી ગીરધરજીએ પોતાના બાળકો ઉપર પત્ર લખીને જણાવ્યું કે "જો આપશ્રી શ્રી ગુસાંઇજીએ વધારેલું ઋણ કરજદારોને જ્યાં સુધી નહિ આપે ત્યાં સુધી હું ગોકુળમાં આવીશ નહિ."

હવે આ બધી બાબતો જ્યારે આપશ્રીએ જાણી ત્યારે આપશ્રીને થોડો ખેદ થયો પરંતુ તરત જ મોટાભાઇએ લીધેલી પ્રતિજ્ઞાનો

વિચાર કર્યો અને મોટાભાઈ કરજદારોને લેણી નીકળતી રકમ ના આપે તો કરજદારોને ભયંકર અન્યાય કર્યો ગણાય. વળી પિતાનું ઋણ જે કાંઇ હોય તે તમામ તેના પુત્રે પુરૂ કરવું જોઇએ. આથી આપશ્રીએ બધા કરજદારોને પોતાની પાસે બોલાવ્યા. અને તે તમામ કરજદારોને આપશ્રીએ જણાવ્યું કે "તમારા સૌનું ઋણ ચૂકવ્યા બાદ જ હું ભોજન કરીશ."

આ રીતે આપશ્રીએ તો પિતાનું ઋણ ચૂકવવા માટે અનશન વ્રત લીધું અને આ વાત ધીરે ધીરે આખા ગામમાં ફેલાઈ ગઈ. આથી આખા ગોકુલમાં હાહાકાર મચી ગયો આપશ્રીને આ રીતે ભૂખ્યા રહેલા જોઈ ગોકુળના વષ્ણવોને ખૂબ ચિંતા થવા લાગી. આપશ્રીના મહાન કૃપા પાત્ર ભગવદી શ્રી લાડબાઈએ જ્યારે આ સમાચાર સાંભળ્યા ત્યારે તેઓ એકદમ આપશ્રી પાસે દોડી ગયા અને આપશ્રીને જણાવી દીધું કે પોતે તમામ કરજદારોને નીકળતા પૈસા આપી દેશે પરંતુ આપશ્રીએ તો ઋ ણચૂકવ્યા બાદ જ ભોજન કરવાની પ્રતિજ્ઞા લીધી હતી. આથી લાડબાઇએ તરત જ આપશ્રીને પોતાને ઘે પધરાવ્યા અને રૂા. ૩૨૦૦૦ આપશ્રીને ભેટ ધર્યા કારણ કે કરજની રકમ રૂા. ૩૨૦૦૦ની હતી. હવે આ રકમમાંથી આપશ્રીએ દરે કરજદારને વારાફરતી બોલાવીને તેમની નીકળતી રકમ ભરપાઈ કરી દીધી. આ વખતે કેટલાક વૈષ્ણવો જે આપશ્રીની પાસે ઉભા હતા તેમણે આપશ્રીને જણાવ્યું કે, "શ્રી ગુસાંઈજીએ આવડું મોટું ઋ નથી કર્યું. શ્રી ગુસાંઇજીના બાદ શ્રી ગીરધરજીએ તે કરજમાં વધાર

કર્યો છે અને વળી આપણા ભાગનું જે ઋણ હોય તેજ આપણે આપવું જોઇએ. તેમણે કરેલું કરજ આપણે શા માટે આપવું જોઈએ?" આથી આપશ્રીએ તે વૈષ્ણવોને જણાવ્યું કે, "ભાઇ કે પિતાનું કરજ આપવું તે આપણો ધર્મ છે, અને વળી શ્રી ગીરધરજીએ કરેલું ઋણ તો શ્રી ગુસાંઇજીના નામથી જ ઓળખાય છે ને. આથી આમાં હું કંઇ નવાઈ કરતો નથી પરંતુ મારો ધર્મ જ બજાવું છું." આ ઉપરથી આપશ્રીને પોતાના મોટાભાઈ પ્રત્યે કેટલો સ્નેહ અને વાત્સલ્ય ભાવ હતો તે જોઈ શકાય છે.

બનાવટી ખતનું ફળ

આપશ્રીએ બધા કરજદારોને બોલાવી બોલાવીને બાકી નીકળતું તમામ ઋણ ભરપાઈ કરીને પિતૃઋણ અદા કર્યું. હવે છેવટે આપશ્રીએ જાહેરાત કરી કે "હજુ પણ શ્રી ગુસાંઈજી પાસે જેનું જે કાંઈ લેણું નીકળતું હોય તે આવીને લઈ જાય" આ સાંભળી મથુરાના ચંદ ચોબાએ એક રૂા. ૫૦૦) નું શ્રી ગુસાઈજીના નામનું જુઠું ખત બનાવીને લાવ્યો અને આપશ્રીની પાસે રજુ કરીને તેના પૈસા માગ્યા. આપશ્રી તો પૂર્ણ પુરષોત્તમ છે, અંતર્યામી છે એટલે આપશ્રી આ બધુ તો સમજી ગયા પરંતુ તે દુષ્ટને શિક્ષા આપવા માટે જ આપશ્રીએ તે ચોબાને તેના બનાવટી ખત પ્રમાણે બાકીના નીકળતા પૈસા આપી દીધા. તે ચોબાએ હિમ્મતભેર તે પૈસા લઈ લીધા અને પછી પોતાને ઘેર ગયો. ઘેર જઇને તેણે જોયું તો પોતાનું ઘર બળી

ગયું હતું અને એમાં પોતાના સાચા ખત પણ બળી ગયા હતા. આ પ્રમાણે તે ચોબાને બનાવટી ખત ઉભુ કરવા ભયંકર નુકશાન થયું. તે ચોબાને કેવળ શીક્ષા આપવા માટે જ આપશ્રીએ પોતાનો ચમત્કાર દેખાડયો કે જીવનમાં કોઇ પણ દિવસ કોઇ પણ જાતનું ખોટું કરવું નહિ અને હંમેશાં સત્ય, નીતિ, પ્રમાણિકતા, વગેરે સિદ્ધાંતો જીવનમાં ઉતારવા જોઇએ. આનાથી અવળે માર્ગે ચાલનારને થોડો લાભ લેતા જતા વધારે નુકશાન થાય છે.

હવે આપણામાંથી કોઈ શંકા કરે કે શ્રી ગુસાંઈજી તો પૂર્ણ પુરુષોત્તમ છે અતે એમના ચરણમાં તો લક્ષ્મી નિરંતર વાસ કરે છે, અરે લક્ષ્મી તો શ્રી ગુસાંઈજીની દાસી ગણાય તો આ ઉપરાંત શ્રી ગુસાંઈજી તો અષ્ટસિદ્ધિ અને નવનિધિના સ્વામી છે અને એમને ત્યાં તો અનેક જાતના સુખ વૈભવ છે. તો પછી શ્રી ગુસાઈજીને માથે આટલું બધુ દેવું સાથી ચઢી ગયું અને તે એટલે સુધી કે તેમના પુત્રો એ ઋણને લીધે તો ઘણી મુશ્કેલીમાં મુકાઈ ગયા ! શું શ્રી ગુસાઇજીને ત્યાં પૈસા નહોતા ! જે પ્રભુ સ્વતંત્ર અને સર્વ સામર્થ્યયુક્ત તેમજ લક્ષ્મીના પતિ હોય તેમને માથે કદાપિ ઋણ હોઈ શકે જ નહિ પરંતુ આ તો પોતાના સેવકોને શિક્ષા આપવા માટે જ લોકવત્ ક્રીડા કરે છે. આ ઋણની ક્રીડા દ્વારા આપશ્રી જણાવે છે કે વૈષ્ણવોએ કોઈ દિવસ ઋણ કરવું જોઇએ નહિ. કારણ કે તેનાથી મન હંમેશાં વ્યાકુળ રહે છે.

અને પ્રભુસેવામાં ચિત્ત ચોટતું નથી. આ રીતે જેના માથે ઋણ હોય તેનાથી સેવા થઈ શકતી નથી. આ રીતે શ્રી ગુસાંઇજી કરજ કરવાનો હેતુ પોતાના સેવકોને શિક્ષા આપવા સિવાય બીજો કંઈજ નહોતો.

હવે આપશ્રીએ બધા કરજદારોને વ્યાજ સાથે કરજ આપી દીધુ છે અને હવે કોઈ પણ જાતનું કરજ બાકી નથી રહ્યું એ સમાચાર જ્યારે શ્રી ગીરધરજીને મળ્યા ત્યારે શ્રી ગીરધરજી શ્રીગોકુલ પધાર્યા. તેમને તેડવા માટે આપશ્રી આગ્રા સુધી સામા ગયા, અને હેતથી શ્રી ગોકુલમાં પધરાવી લાવ્યા.

ચરિત્ર ૧૧ મું

કુરૂક્ષેત્રની યાત્રા

આપશ્રીએ શ્રી ગુસાંઈજીનું ઋણ ચુકવી દીધા પછી પોતાના પુત્રોને જનોઈ આપવાનો વિચાર કર્યો. સંવંત ૧૬૪૯ ના ચૈત્ર માસમાં શ્રી ગોપાલજીને તથા સંવંત ૧૬૫૦ ના વૈશાખ માસમાં શ્રી વિઠલનાથજીને ઉપવિત સંસ્કાર કર્યા. ત્યારબાદ આપશ્રી કુરૂક્ષેત્રની યાત્રાએ જવાનો વિચાર કર્યો. પોતાના સેવ્યસ્વરૂપની અને પોતાના કુટુંબજનોની તેમજ પોતાના સેવકોની રજા મેળવી આપશ્રીએ કુરુક્ષેત્રની યાત્રા તરફ પ્રયાણ કર્યું.

રસ્તામાં અનેક ગામોમાં મુકામ કરતા કરતા અને પોતાના

સુંદર, મનનીય વચનામૃતો દ્વારા સ્વજનોનો નિરોધ સિદ્ધ કરતાં કરતા આપશ્રી કુરૂક્ષેત્રની પાસે આવી પહોંચ્યા. મથુરદાસ નામનો એક સેવક આપશ્રીને પધરાવવા માટે સામો ગયો અને પછી આપશ્રીને પોતાને ત્યાં પધરાવી લાવ્યો.

અહીંયા આપશ્રી થોડાક દિવસો બીરાજ્યા અને એ દરમીયાન આપશ્રીએ ત્યાંના એક ઉમરાવને શરણે લીધો અને ગોપીકાન્ત નામનો એક વિદ્વાન પંડીત સાથે શાસ્ત્રાર્થ કર્યા અને તે પંડિતને ખુશ કરી દીધો. આ ઉપરાંત આપશ્રીએ બીજો અનેક જીવોને શરણે લઈ ત્યાંથી ચાલવાનો વિચાર કર્યો.

કુરૂક્ષેત્રથી પ્રેમોદિક તીર્થ અને સ્થાનેશ્વર થઇ આપશ્રી હરિદ્વાર પધાર્યા. અહીંયા પર્વત પાસે ગંગાજી વહે છે પરંતુ આપશ્રી પધાર્યા તે વખતે આ પ્રવાહ તુટેલો હતો. છેલ્લા ૧૩ વર્ષથી આ પ્રવાહ તુટેલો હતો પરંતુ જેવા આપશ્રી પધાર્યા કે તરત જ તે પ્રવાહ પહેલાંના જેવો જ બની ગયો અને છેક જંઘા સુધી પાણી આવ્યું. આ રીતે આપશ્રીના પ્રતાપ બળથી જ આ ૧૩ વર્ષથી તૂટેલો પ્રવાહ પહેલાના જેવો જ બની ગયો.

હરિદ્વારથી આપશ્રી ઋષીકેશ પધાર્યા. ત્યાંથી કુરૂક્ષેત્રમાં સંભલના વૈષ્ણવોને આપેલા વચન પ્રમાણે ત્યાંના વૈષ્ણવો સામે આવતા આપશ્રી સંભલ પધાર્યા. અહીં અનેક જીવોને શરણે લઈ આપશ્રી ત્યાંથી શ્રીગોકુલ પધાર્યા.

કુરૂક્ષેત્રની યાત્રા બાદ આપશ્રીએ પોતાના પ્રથમ પુત્રના લગ્ન ખૂબ જ ધામધુમથી કર્યા અને પછી પોતાના જન્મસ્થાન પ્રયાગમાં પધાર્યા. અહીં આપશ્રીને પોતાના મોટા ભાઈ શ્રીગોવિંદરાયજીના પુત્ર શ્રી ગોકુલોત્સવજીના વહુજી લીલામાં પધાર્યા તે સમાચાર મળ્યા. હવે આ ગોકુલોત્સવની જવાબદારી આપશ્રી માથે હતી અને એથી આપશ્રીએ શ્રીગોકુલોત્સવનું ફરીથી લગ્ન કરાવ્યું. ત્યાર બાદ શ્રીગોપાલજીના વહુજી પણ લીલામાં પધાર્યા. શ્રી ગોપાલ વિધુર થયા એટલે તેમનું ફરીથી લગ્ન કરાવ્યું અને તેજ વર્ષમાં એટલે સંવંત ૧૬૫૫માં આપશ્રીએ પોતાના દ્વિતીય પુત્ર શ્રીવિઠલરાયજીના પણ લગ્ન ખૂબ જ ધામધુમથી ઉજવ્યા.

આ રીતે બન્ને પુત્રોના લગ્નથી પરવારીને આપશ્રીએ શ્રીગોવર્ધન જવાનો વિચાર કર્યો અને પછી પોતાના સેવકોને સાથે લઇને અન્નકુટના ઉત્સવના દશબાર દિવસ પહેલાં આપશ્રી શ્રીગોવર્ધન પધાર્યા. ત્યાં આગળ આપશ્રીએ શ્રીગોવર્ધનનાથજીની ખૂબ જ પ્રેમપૂર્વક સેવા કરી પોતાનો મનોરથ પૂર્ણ કર્યો. અન્નકુટનો ઉત્સવ પણ આપશ્રીએ સારી રીતે ઉજવ્યો. આ રીતે આપશ્રી પોતાનું સર્વસ્વ જે શ્રીગોવર્ધનનાથજી છે તેની સેવા કરવા માટે જ ખાસ ઘણા દિવસો સુધી શ્રીગોવર્ધન બીરાજ્યા નત્ય નવા મનોરથ કરી વૈષ્ણવોને સુખ આપતા.

ચરિત્ર ૧૨ મું

માલાપ્રસંગ

આપશ્રીએ પોતાના સ્વરૂપબલથી વૈષ્ણવોના પ્રાણરૂપ માલાતિલકનું રક્ષણ કરી પુષ્ટિસંપ્રદાયનું નામ જગતમાં રોશન કર્યું છે. માલાતિલક એ તો વૈષ્ણવોના સૌભાગ્યના શૃંગાર છે એ સૌભાગ્યના પોતે રસિકવર હતા અને એથી આ માલાતિલકનું રક્ષણ કરી વૈષ્ણવોનું સૌભાગ્ય અખંડ રાખવું એ આપશ્રીની ફરજ થઇ પડી હતી. અને જાણે એના માટે જ આપશ્રીનું પ્રાગટય થયું હોય તેમ જણાતું હતું.

જહાંગીર બાદશાહનો એ સમય અને એ વખતે વૈષ્ણવ સંપ્રદાયનો કટ્ટર વિરોધી ચિદ્રુપ નામના એક સંન્યાસીએ માલા અને તિલક માટે ભયંકર વિરોધ કર્યો અને એ રીતે અનેક ભક્તજનોને દુઃખી કર્યા. ચિદ્રુપને વૈષ્ણવો પ્રત્યે ખૂબ જ રોષ હતો અને એટલા માટે તો તેણે પ્રતિજ્ઞા પણ કરી હતી કે જ્યાં સુધી વૈષ્ણવોના ડોકમાંથી માળા ઉતરાવું નહિ ત્યાં સુધી ઝંપીને બેસીશ નહિ.

જહાંગીરનો હુકમ

હવે આ ચિદ્રુપ નામનો સંન્યાસી આસુરી મંત્રના બળથી ઘણા જ ચમત્કારો કરતો અને અને એ રીતે લોકો ઉપર પોતાનો પ્રભાવ જમાવતો હતો. એક વખત તો તે સંન્યાસીએ જહાંગીર બાદશાહને ચમત્કાર વડે પોતાની ગુફામાં પુષ્કળ પ્રકાશ દેખાડયો અને આ

જોઈ બાદશાહ ઘણો ખુશ થયો અને તે સંન્યાસીને કંઇ માંગવા જણાવ્યું. બસ સંન્યાસીને આટલું જ જોઈતું હતું હવે બાદશાહની પાસે એવું માંગી લઉં કે જેથી મારૂં ધાર્યું થાય એમ વિચારી તેણે બાદશાહને જણાવ્યું કે, “ આપના રાજ્યમાં કોઇ પણ વૈષ્ણવ માલા પહેરે નહિ અને તિલક કરે નહિ એવો હુકમ કરો. ” હવે બાદશાહે તો સંન્યાસીને વચન આપી દીધું હતું કે તે માંગશે તે પ્રમાણે તેને મળશે. આથી બાદશાહ એ રૂષ્ટ સંન્યાસીનું કપટ સમજી શક્યા નહિ અને પોતાના રાજ્યમાં હુકમ ફેલાવી દીધો કે કોઇ પણ પ્રજાજને તુલશીની માલા ધારણ કરવી નહિ અને તિલક પણ કરવું નહિ.

જહાંગીરનો આ હુકમ ધીરે ધીરે રાજ્યના બધા ભાગોમાં ફેલાઇ ગયો અરે આસફખાન નામના જહાંગીરના એક મંત્રીએ આપશ્રીને આ હુકમ જણાવ્યો અને ત્યારબાદ આપશ્રીએ વિચાર કર્યો કે આ તો વૈષ્ણવ સંપ્રદાય ઉપર ભયંકર આફત આવી ગણાય, પરંતુ એ વખતે આપશ્રી મૌન રહ્યા અને કઈ રીતે એનો સામનો કરવો એ વિચારવા લાગ્યા.

હવે આ બાજુ તો પેલા ચિદ્રુપ સંન્યાસીએ તો પોતાનું ખુબ જોર જમાવવા માંડયું હતું અને લોકોને ત્રાસ આપતો હતો. ઉજ્જેનમાં તેણે બધા લોકોની માળા ઉતરાવી હતી પરંતુ ત્રિકમ ભટ્ટ તથા દેવાભાઈ નામના બે વૈષ્ણવોએ કોઇ પણ સંજોગોમાં માળા ઉતારી નહિ. આ દેવા ભાઇને તો આ માલાસંબંધી એ સંન્યાસી સાથે ખૂબ

જ રકઝક થઇ હતી પરંતુ તેમણે તો સાફસાફ હિંમતપુર્વક સંન્યાસીને જણાવી દીધું હતું કે :—

“ માલા કેમ ઉતારીયે જે આપી છે જગદીશ;
એવો કોણ તે માલા ઉતરાવે, માલા બાંધી શીશ.
શીશ બાંધી છે માલા, તે શીશ સાથે જાય;
પણ તમ કાયરથી ડરીને, માલા ઉતારૂ
એ કદી ન થાય. ”

આ રીતે આ દેવાભાઈ વૈષ્ણવે તો તે ચિદ્રુપને સાફસાફ સં ળાવી દીધું. પછી તો દેવાભાઈને મારી નંખાવવા માટે હાથી લાવવામાં આવ્યો પરંતુ જેને આપશ્રીનો પૂર્ણ આશરો હોય વળી ગભરાવવાની શી જરૂર હોય ! અને દેવાભાઈ તો નીડર હાથી સામે ઉભા રહ્યા પરંતુ હાથી એમની પાસે જઈ શકયો ન **ધર્મની ટેક રાખનારની આપશ્રી હમેશાં રક્ષા જ કરે** અને એ કારણથી દેવાભાઇ પોતાના ધર્મના ટેક ખાતર ગમે મુશ્કેલીઓમાં મુકાયા તે વખતે આપશ્રીએ જ તેમનું રક્ષણ કર્યું

હવે જહાંગીર બાદશાહના પિતા અકબરને શ્રીગુસાંઈજી ઘણો જ સારો સંબંધ હતો અને એથી અકબર બાદશાહ અવા વાર શ્રીગુસાંઈજીને મળવા જતા હતા. હવે આપશ્રી પણ જહાં બાદશાહ સાથે સારો સંબંધ રાખતા હતા અને એથી જ્યારે જ ગીર બાદશાહ ગુજરાતથી પાછા ફરતાં સીકરી મુકામ ઉપર આવ્યે વખતે આપશ્રી તેને મળવા માટે સીકરી પધાર્યા. અહીં બાદ

જ રકઝક થઇ હતી પરંતુ તેમણે તો સાફસાફ હિંમતપુર્વક એ સંન્યાસીને જણાવી દીધું હતું કે :—

"માલા કેમ ઉતારીયે જે આપી છે જગદીશ;
એવો કોણ તે માલા ઉતરાવે, માલા બાંધી શીશ.
શીશ બાંધી છે માલા, તે શીશ સાથે જાય;
પણ તમ કાયરથી ડરીને, માલા ઉતારૂ
એ કદી ન થાય."

આ રીતે આ દેવાભાઈ વૈષ્ણવે તો તે ચિદ્રુપને સાફસાફ સંભળાવી દીધું. પછી તો દેવાભાઈને મારી નંખાવવા માટે હાથી પણ લાવવામાં આવ્યો પરંતુ જેને આપશ્રીનો પૂર્ણ આશરો હોય તેને વળી ગભરાવવાની શી જરૂર હોય ! અને દેવાભાઈ તો નીડર બની હાથી સામે ઉભા રહ્યા પરંતુ હાથી એમની પાસે જઈ શકયો નહિ **ધર્મની ટેક રાખનારની આપશ્રી હમેશાં રક્ષા જ કરે છે** અને એ કારણથી દેવાભાઇ પોતાના ધર્મના ટેક ખાતર ગમે તેવી મુશ્કેલીઓમાં મુકાયા તે વખતે આપશ્રીએ જ તેમનું રક્ષણ કર્યું.

હવે જહાંગીર બાદશાહના પિતા અકબરને શ્રીગુસાંઈજી સા ઘણો જ સારો સંબંધ હતો અને એથી અકબર બાદશાહ અવારન વાર શ્રીગુસાંઈજીને મળવા જતા હતા. હવે આપશ્રી પણ જહાંગી બાદશાહ સાથે સારો સંબંધ રાખતા હતા અને એથી જ્યારે જહાં ગીર બાદશાહ ગુજરાતથી પાછા ફરતાં સીકરી મુકામ ઉપર આવ્યો વખતે આપશ્રી તેને મળવા માટે સીકરી પધાર્યા. અહીં બાદશા

આપશ્રીના દર્શન કરી પછી આપશ્રીને એકાંતમાં મળવા જણાવ્યું. જો કે આપશ્રીની સાથે વાતો કરતા બાદશાહે જણાવ્યું કે પેલા ચિદ્રુપ સંન્યાસી આપશ્રીને ખોટી રીતે હેરાન કરે છે પરંતુ તે પોતે તે સંન્યાસી સાથે વચનથી બંધાઈ ગયો હતો. ત્યારબાદ આપશ્રીને પછીથી મળવાનું જણાવી બાદશાહ આપશ્રીથી છુટા પડયા અને આપશ્રી પણ બાદશાહની રજા લઈને ત્યાંથી શ્રી ગોકુલ પધાર્યા.

હવે આ બાજુ પેલા સંન્યાસી ચિદ્રુપે મથુરા જઈને વૈષ્ણવોની માળા તિલક ઉતરાવવા માટે વિચાર કર્યો અને પછીથી તે મથુરા ભણી ચાલી નીકળ્યો. આ સમાચાર સાંભળીને બધા વૈષ્ણવો આપશ્રીને કહેવા લાગ્યા કે ચિદ્રુપ અહીં આવીને ઉપાધી કરશે અને આપણો સંપ્રદાય મુશ્કેલીમાં મુકાશે. ત્યારે આપશ્રીએ સૌને ધીરજ આપીને જણાવ્યું કે "તેનાથી કાંઇ પણ થઈ શકે તેમ નથી. જે પ્રભુએ આ માર્ગ સ્થાપ્યો છે તે તેનું જરૂર રક્ષણ કરશે. માટે કોઈએ પણ ગભરાવાની જરૂર નથી. ધીરજ અને **વિશ્વાસ રાખશો તો પ્રભુ સર્વ કંઇ સારૂ જ કરશે.**" આ પ્રમાણે આપશ્રીએ સુંદર વચનામૃતો દ્વારા પોતાના સેવકોને હિંમત આપી.

ચિદ્રુપની ધમકી

હવે ચિદ્રુપ સંન્યાસી મથુરામાં આવી પહોંચ્યો અને ત્યાંના સૂરજકુંડ ઉપર જઇને તે બેઠો. આ વખતે અનેક મથુરાવાસીઓ તેને મળવા માટે આવ્યા. ગામના ચોધરીઓ પણ મળવા માટે આવ્યા

અને એ બધાના ડોકમાં તુલસીની માળા જોઈને તે સંન્યાસીએ તે બધાને કહ્યું કે, “ બાદશાહનો હુકમ છે કે કોઇએ પણ માળા પહેરવી નહિ અને તમે કેમ માળા પહેરો છો ? માટે જલ્દીથી ઉતારી નાંખો ” આ સાંભળીને તે બધા લોકો ગભરાઇ ગયા અને કાંઇપણ બોલ્યા વગર ત્યાંથી ચાલી નીકળ્યા.

આપશ્રીનો ચિદ્રુપ સાથે વાર્તાલાપ

જ્યારે શ્રી ગોકુલનાથજીને ખબર પડી કે ચિદ્રુપ સંન્યાસી આ રીતે બધાને માળા ઉતારવા માટે ધમકી આપે છે એથી એક દિવસ તેને મળવા માટે આપશ્રી શ્રી ગીરધરજીને લઇને સૂરજકુંડ ઉપર પધાર્યા. હવે જે જે લોકો આ સંન્યાસીને મળવા જતા તે વખતે તે બધા પ્રથમ તે સન્યાસીને પગે લાગતા અને પછી તેની પાસે બેસી જતા પરંતુ આપશ્રી જેવા તેની પાસે ગયા તેવા જ તેને પગે લાગ્યા વગર જ તેની પાસે બેસી ગયા. આથી પેલા સન્યાસીને ગુસ્સો ચઢયો પરંતુ તે આપશ્રીને કંઇ કહી શકયો નહિ. ત્યારબાદ તે સન્યાસીએ આપશ્રીની પ્રસંશા કરતો હોય તે રીતે કહ્યું, “ આપ તો સારા ગ્રહસ્થ બ્રાહ્મણ છો અને પૂજાપાઠ કેમ કરતા નથી ? વળી તમારે તો રૂદ્રાક્ષની માળા ધારણ કરવી જોઈએ. એને બદલે તમે તો તુલસીની માળા ધારણ કરો છો તો એ તુલસીની માલા અંગે કોઈ પ્રમાણ છે ખરા ? ” આથી આપશ્રીએ જુદા જુદા શાસ્ત્રોનો આધાર લઇને તુલસીમાળાનું મહત્વ તે સન્યાસીને બતાવ્યું. સૌથી પ્રથમ આપશ્રીએ સ્કન્દ પુરાણનો શ્લો ટાંકીનેક જણાવ્યું કે :–

न वैष्णवसमं पात्र न दानं सुरभिसमं ।
न कालिंदीसमं तीर्थं न पत्रं तुलसीसमम् ॥

અર્થ :–વૈષ્ણવ સમાન બીજું કોઇ ઉત્તમ પાત્ર નથી અને ગૌદાન સમાન કોઈ દાન નથી. યમુનાજી સમાન કોઈ તીર્થ નથી અને તુલસી સમાન કોઇ પત્ર નથી.

ત્યારબાદ આપશ્રીએ પ્રહલાદ સંહિતાનો શ્લોક ટાંકીને જણાવ્યું કે :–

नैवेद्य केशवे माला तुलसी काष्ट संभवां ।
वहते यो नरः भक्त्या तस्य नैवास्तिपातकम् ॥

અર્થ :–ભગવાનની પ્રસાદી તુળસીની માળા જે પુરુષ પ્રીતિપૂર્વક પહેરે છે તેના શરીરમાં પાપ વાસ કરતો નથી. વળી સ્કન્દપુરાણમાં કહ્યું છે કે :–

तुलसीकाष्टमालां तु प्रेतराजस्यदूतकाः ।
द्रष्ट वा नश्यंति दूरेण वातोद्भुत यथोरजः ॥

જેવી રીતે વાયુથી રજ ઉડી જાય છે તેવી રીતે જ તુલસીકાષ્ટની માળા પહેરેલી જોઈને યમરાજના દૂતો દૂરથી જ નાશી જાય છે.

આ પ્રમાણે આપશ્રી તો અનેક જુદા જુદા શાસ્ત્રોમાંથી શ્લોકો ટાંકીને તુલસીમાલાનું મહત્વ તે સન્યાસીને સમજાવા માંડયા અને પછી સાફ સાફ જણાવી દીધું કે, “ શાસ્ત્રમાં જે વિધિ કહી છે

તે પ્રમાણે કરવું એ જ ઉચિત છે તે એને જે કરવા ના કહી છે તે સર્વથા ન કરવું." આ સાંભળી સંન્યાસી અભિમાનથી બોલી ઉઠયો કે, "આ તમારી બધી વાતો હું માનવા તૈયાર નથી. તમારે જો ગોકુળમાં રહેવું હોય તો હું કહું તે પ્રમાણે તમારે વર્તું પડશે. નહિતર આ બાબત અમારે બાદશાહને કહેવી પડશે અને બાદશાહ દ્વારા તમને એ માટે ફરજ પાડવી પડશે." આ રીતે આ સન્યાસી બોલ્યો પરંતુ આપશ્રીને માળા ઉતારવાનું કહી શકયો નહિ. આથી આપશ્રી તો બાદશાહ જે પ્રમાણે અમને કહેશે તે પ્રમાણે અમે ચાલીશું એમ તે સન્યાસીને જણાવીને ત્યાંથી ચાલી નીકળ્યા.

આપશ્રીનો બાદશાહ સાથે વાર્તાલાપ

હવે એક દિવસ બાદશાહ જહાંગીરે કાશ્મીર જવાનો વિચા કર્યો અને જ્યારે બાદશાહ કાશ્મીર જવા માટે તૈયાર થયા તે વખ આપશ્રી બાદશાહને આશિર્વાદ આપવા માટે પધાર્યા. બાદશા આપશ્રીને સન્માનપૂર્વક બેસાડયા અને આ વખતે બાદશા શ્રી ગોકુળનાથજીના કપાળમાં તિલક જોઇને બોલ્યો કે, 'તમે હ સુધી માલા નથી ઉતારી નથી? શું બાવાજીએ કહ્યું તે પ્રમાણે ત નથી કર્યું?" આથી આપશ્રીએ બાદશાહને બીલકુલ ગભરાયા વ જવાબ આપ્યો કે, "બાવાજી જે કાંઈ કહે છે તે શાસ્ત્રથી વિરૂ છે અને તેની વાત કેવલ ધર્મ વિરૂદ્ધ અને મનઃકલ્પિત છે વે શાસ્ત્ર પ્રમાણે જો તે કાંઈ કહે તો તે ઉપર કાંઈક વિચાર પણ થા પરંતુ શાસ્ત્રની વાતો તે જાણતો નથી. માળા તિલક ના કરવા

એવું કોઇ પણ જગ્યાએ તે શાસ્ત્રોમાં બતાવે તો તે પ્રમાણે અમે કરવા તૈયાર છીએ. પરંતુ શાસ્ત્ર વિરુદ્ધ તે જે કાંઇ કહેશે તે પ્રમાણે અમે નહિ કરીએ. બાકી જહાંપનાહ ખરી વાત આપ સમજવા માંગતા હો તો આપ જાણી લો કે આ રીતે આપને વચનમાં બાંધીને તે સંન્યાસી પોતાનું ધાર્યું આપની પાસે કરાવે છે" આ રીતે આપશ્રીએ જહાંગીર બાદશાહને સાફ સાફ જવાબ આપી દીધો આથી બાદશાહે આપશ્રીને તે સન્યાસી સાથે શાસ્ત્રની રીતે વાદ કરવાનું જણાવ્યું અને એ માટે આપશ્રી તૈયાર થઈ ગયા.

બાદશાહ અને આપશ્રીનું સંન્યાસી પાસે ગમન

ત્યારબાદ બીજા દિવસે આપશ્રી મથુરામાં રાવણકોટ આગળ જ્યાં બાદશાહનો મુકામ હતો ત્યાં પધાર્યા. આ વખતે આપશ્રીએ પોતાની સાથે માલા, તિલક, છાપા અને ભગવત પૂજન કરવા માટેના પ્રમાણવાળા પુસ્તકો પણ લીધા હતા. આ જોઇને બાદશાહ ખૂબ પ્રસન્ન થયા કે અને વિચારવા લાગ્યો કે આપશ્રીનો ધર્મ સાચો છે અને એટલા માટે તો તેનું પ્રતિપાદન કરવા માટે આ બધા પુસ્તકો સાથે લાવ્યા છે. ત્યારબાદ બાદશાહ આપશ્રીને લઇને તે સંન્યાસીની પાસે ગયો અને તે સંન્યાસીને આપશ્રી સાથે શાસ્ત્રની રીતે વાદ કરવાનું જણાવ્યું. ત્યારે સંન્યાસીએ મનમાં વિચાર કર્યો કે શાસ્ત્રની ચર્ચા કરીને આપણે એમને જીતી શકીશું નહિ આથી તેણે બાદશાહને કહી દીધુ કે, "મારે કાંઇ એમની સાથે વાદવિવાદ કરવો

આપશ્રીનું લખાણ

હવે બાદશાહે આસફખાન અને ઈતબારખાન નામના પોતાના ખાસ માનીતા સરદારોને બોલાવીને આ ઝગડો પતાવવા માટે જણાવ્યું. તેઓ બન્નેએ આપશ્રીને અને સંન્યાસીને ભેગા કરી રસ્તો કાઢવા પ્રયત્ન કર્યો પરંતુ એમાં સફળતા મળી નહિ. આથી બાદશાહે બન્ને સરદારોને કહ્યું કે, "હવે તમે શ્રી ગોકુલનાથજી પાસે એવું લખાવી લો કે પોતે સન્યાસી જે પ્રમાણે કહેશે તે પ્રમાણે કરશે." આથી આ સરદારોએ આપશ્રીને લખી આપવા જણાવ્યું અને આપશ્રીએ લખી આપ્યું કે, **"સંન્યાસી વેદશાસ્ત્ર પ્રમાણે જે કાંઇ કહેશે તે અમે કરીશું."** આ રીતે આપશ્રીએ લખી આપ્યા પછી પોતે બાદશાહની રજા મેળવી શ્રી ગોકુળ પાછા પધાર્યા **સ્વધર્મ સાચવી, માલાનું રક્ષણ કરી આપશ્રીને આનંદપૂર્વક પાછા પધારેલા જોઇ બધા વૈષ્ણવો ખુબ પ્રસન્ન થયા.** આ બાજુ બાદશાહ પોતાનો મુકામ ત્યાંથી ઉઠાવીને કાશ્મીર તરફ રવાના થયો.

બાદશાહનો ચિદ્રુપ પ્રત્યે અતિ અનુરાગ

મથુરાના મુકામ દરમિયાન ચિદ્રુપ પ્રત્યે બાદશાહનો અનુરાગ ખૂબ વધી ગયો હતો અને પોતે ચિદ્રુપની આજ્ઞા ઉથાપતો નહિ બાદશાહે એવો પણ હુકમ કરાવ્યો હતો કે સૌ કોઇએ ચિદ્રુપની આજ્ઞા પ્રમાણે વર્તવું. આથી જેઓ ઉદરપોષણ માટે માળા પહેરતા

હતા તેઓએ તો માળા ઉતારી નાંખી અને શ્રી ગુસાંઈજીના કેટલાંક બાળકો તો વ્રજ છોડી પરદેશ ચાલ્યા ગયા. આ રીતે ચિદ્રુપે પોતાની સત્તાનો પુરેપુરો જમાવ કરવા માંડયો તેણે વૃંદાવનના સ્વામીઓને પોતાની પાસે તેડાવી તેમની પાસે માળા ઉતરાવી. મથુરાની દુકાનોમાં કોઇપણ માણસ માલા વેચી શકે નહિ તેવો હુકમ કરાવ્યો. આથી ચારે બાજુ હાહાકાર થઈ ગયો અને લોકો તેના જુલમ અને ત્રાસથી ભયભીત બની ગયા. આ વખતે આ બધા જોરજુલમની વાત જયારે શ્રી ગોકુલનાથજીએ જાણી ત્યારે આપશ્રીએ સૌને ધીરજ રાખી ગોકુળ જઈને રહેવા જણાવ્યું.

આપશ્રીનો મક્કમ પ્રતિકાર

હવે બીજી બાજુ આ સંન્યાસીએ પોતાના માણસો દ્વારા જાણ્યું કે હજુ સુધી શ્રી ગોકુલનાથજીએ માળા ઉતારી નથી ત્યારે તે ખૂબ જ ગુસ્સે ભરાયો. આ તરફ આપશ્રીએ પોતાના સેવકોને એકાન્તમાં બોલાવીને આ અંગે અભિપ્રાય જાણી લીધો કે સૌ કોઈ માલા તિલકની બાબતમાં નમતું જોખશે નહિ. આથી **આપશ્રી તો ચિદ્રુપની એક એક વાતનો મક્કમપણે સામનો કરવા લાગ્યા** અને પછી તો ચિદ્રુપની પાસે જવાનું પણ બંધ કર્યું. આથી તે સંન્યાસીએ આપશ્રી ઉપર બળ વાપરવાનો વિચાર કર્યો તેણે એવો વિચાર કર્યો કે ગોકુલને લશ્કરથી ઘેરીને બળજબરીથી શ્રી ગોકુલનાથજીને અહીં તેડાવવા અને એ રીતે બળના જોરે આપશ્રીની માળા ઉતરાવવી પરંતુ તેના આવા દુષ્ટ ઈરાદાની જાણ થતા મહાવનનો સરદાર

ગદાધર વચમાં પડયો અને એ સંન્યાસીને આમ નહિ કરવા માટે ફરજ પાડી.

ત્યારબાદ બાદશાહે વંશગોપાળ નામના એક ફોજદારને આપશ્રીને સમજાવવા માટે જણાવ્યું અને એથી એ ફોજદાર આપશ્રીને આ બાબતમાં સમજાવવા માટે ગોકુળ ગયો. વંશગોપાળે આપશ્રીને સમજાવવા ઘણા કાલાવાલા કર્યા છતાં તેની એક પણ વાત આપશ્રીએ માની નહિ અને તેને પ્રસાદ આપી વિદાય કર્યો. આથી વંશગોપાળે તે સન્યાસીને જણાવી દીધુ કે શ્રી ગોકુળનાથજી કોઇ પણ પ્રકારે તમારી વાત માનવા તૈયાર નથી. આથી તે સન્યાસી વધારે ગુસ્સે ભરાયો અને વધારે ત્રાસ ફેલાવા માંડયો. આથી બધા વૈષ્ણવોની ધીરજ ખૂટવા માંડી અને કેટલાંક તો તે સન્યાસીને મારી નાંખીને આ પ્રકરણનો અંત લાવવાનું વિચાર્યું, પરંતુ આ વાત જયારે આપશ્રીએ જાણી ત્યારે આપશ્રીએ સર્વેને જણાવ્યું કે, "**ધર્મના રક્ષણ માટે જે કાંઈ દુઃખ કે આપત્તિ આવી પડે તે ધીરજ રાખીને સહન કરવાં જોઇએ અને એમાં જ આત્માનું કલ્યાણ છે. પ્રભુએ જે ધાર્યું હશે તે થશે. આપણાં કરતાં પ્રભુને વધારે ચિંતા છે. અહિત કરનારનું આપણે અહિત ઇચ્છવું નહિ. પ્રભુ ઉપર જ વિશ્વાસ રાખવો જોઇએ. તે સર્વ કાંઈ સારૂં કરશે.** આ રીતે આપશ્રીએ સૌને સમજાવીને મામલો શાંત કર્યો.

આપશ્રીની માળા ઉતરાવવા માટે ચિદ્રુપના એક એક પ્રયત્નો નિષ્ફળ જવા લાગ્યા તે વખતે તેની ધીરજ અણી ઉપર આવી પહોંચી.

તેણે ઘણા જ ધમપછાડા કરવા માંડયા. બાદશાહના કર્મચારીઓ તથા મથુરાના કેટલાક પ્રતિષ્ઠિત લોકોને આપશ્રીને સમજાવવા માટે તે સન્યાસીએ મોકલ્યા. તે બધાએ શ્રી ગોકુલનાથજી પાસે આવીને માળા ઉતારવા માટે જણાવ્યું. આ વખતે આપશ્રીએ એ બધાથી ગભરાયા વીના એ સૌને સાફ સાફ જણાવી દીધું કે, "**શાસ્ત્ર અને ધર્મ વિરુદ્ધ અમે કોઇની પણ વાત માનવા તૈયાર નથી. અરે સંન્યાસી તો શું પણ ખુદ બાદશાહ કહેશે તો પણ અમે માળા ઉતારવાના નથી.**" આથી એ બધા પાછા ગયા અને સંન્યાસીને તમામ વાત કહી. આ સાંભળીને તો સંન્યાસીના ક્રોધનો કોઈ પાર રહ્યો નહિ. આ રીતે કોઈ પણ બાબતમાં આપશ્રી સામે ફાવી શકતો નહિ.

યાદગાર દિવસ

હવે ફરી એકવાર નવી બાજી અજમાવવા માટે સંન્યાસીએ પ્રયત્ન કર્યો. તેણે શકદાર સારંગપાણી અને કીટવાલ ઉદેરામને ધમકાવીને જણાવ્યું કે કોઇપણ રીતે શ્રી ગોકુળનાથજીને તેડીને અહીં લઇ આવો આથી તે બન્ને અમલદારો આપશ્રી પાસે આવ્યા અને આપશ્રીને ખૂબ જ ભારપૂર્વક નમ્રતાથી સંન્યાસી પાસે આવવા જણાવ્યું. આથી આપશ્રી મથુરા જવા સંન્યાસી પાસે જવા માટે તૈયાર થયા.

શ્રી ગોકુલનાથજીને આ અમલદારો મથુરા લઈ જાય છે એ સમાચારથી ગોકુળમાં હાહાકાર મચી ગયો. અને આપશ્રી સૂર્યકુંડ

ઉપર બિરાજતા હતા ત્યાં વૈષ્ણવોના ટોળેટોળા આવવા લાગ્યા. આ
બધા વૈષ્ણવો મથુરાના રસ્તે ચાલી નીકળ્યાં. રસ્તામાં જો કોઇ તે
બધાને પૂછતું કે તેઓ બધા કયાં જાય છે તો તેઓ કહેતા કે, "જ્યાં
ધર્મ છે ત્યાં અમો જઇએ છીએ." આ યાદગાર દિવસ તે
સંવંત ૧૬૭૬ ના ફાગણ વદ ૧૪નો પવિત્ર દિવસ હતો.

હવે પેલા અમલદારો તો આપશ્રીને લઇને તે સંન્યાસી પાસે
આવી પહોંચ્યા અને સન્યાસીને જણાવ્યું કે શ્રી ગોકુલનાથજી આવી
પહોંચ્યા છે. આ સમાચાર જાણી તે સંન્યાસી અંદરથી ભયભીત
થતો હોય તેમ બોલ્યો, "તેમને અહીં શા માટે લાવ્યા છો ? મે
તેમને અહીં લાવવા માટે કયારે જણાવ્યું હતું ? તમો જ એમને
સમજાવીને માળા ઉતારવાનું કહો." આ સાંભળી તે અમલદારોએ
કહ્યું કે એ કામ માટે અમારૂં સામર્થ્ય નથી. આમ આ સંન્યાસી
તો આપશ્રીને કાંઇ કહી શકયો નહિ અને પેલા અમલદારો પણ કાંઇ
કહી શકયા નહિ. ત્યારબાદ તો આપશ્રી તે રાત્રે ચતુર્ભુજ ચોબાને
ત્યાં રાતવાસો રહ્યા.

આપશ્રીનો વધુ એક મક્કમ જવાબ

બીજી સવારે ફરી એની એ માળા ઉતારવાની ભાંજગડ શરૂ
થઈ. છેવટે સંન્યાસીએ કેટલાક કારભારી અને આગેવાન રહિશોને
આપશ્રીને માળા ઉતારવાની બાબતમાં સમજાવવા મોકલ્યા અને એ
બધાએ આપશ્રીને અનેક પ્રકારના પ્રલોભન અને ભય બતાવી
જણાવ્યું કે, "આપ શા માટે માળા ઉતારતા નથી ? હાલ

પૂરતું, એકવાર માળા ઉતારી નાંખો પછી તમારે ગોકુળ જઇને પહેરવી હોય તો પહેરી લેજો. આપ આપના બાળકો અને અન્ય સંબંધીઓ તેમજ બીજા વૈષ્ણવોના હિત ખાતર અત્યારે માળા ઉતારો અને આ ઝઘડાનો અંત લાવો." આ સાંભળી આપશ્રીએ તિરસ્કારપૂર્વક જણાવ્યું કે, "આ સર્વ કપટ અને પ્રપંચની વાતો અમે કોઇ રીતે સ્વીકારવાના નથી, અને હવે પછી આવી વાતો અમારી આગળ કરશો નહિ. નહિતર પછી આ સમગ્ર વાત અમારે બાદશાહને જણાવવી પડશે. ચિદ્રુપ પોતે ગમે તેટલા ધમપછાડા કરે છતાં અમે કોઇપણ રીતે માળા ઉતારવાના નથી. માળા તો અમારા શિર સાટે છે. તેનો ત્યાગ તો અમારાથી કદી પણ થઈ શકે નહિ. આ માળાના રક્ષણ અર્થે અમો અમારો પ્રાણ આપી દઇશું પરંતુ માળા તો હરગીઝ નહિ ઉતારીએ." આ રીતે આપશ્રીએ તો એ બધા આગેવાન રહીશોને સાફ સાફ સંભળાવી દીધું. આથી એ બધાએ સન્યાસીને જણાવી દીધું કે આ બાબતમાં શ્રી ગોકુલનાથજી ખૂબ જ મક્કમ છે. એટલે એ બાબતમાં કાંઈપણ થઈ શકે તેમ નથી.

આપશ્રી સંન્યાસીની ગુફામાં

હવે તે સંન્યાસીએ આપશ્રીને પોતાના ભાંજગડિયા દ્વારા પોતાની ગુફા પાસે તેડાવ્યા. આ વખતે આપશ્રીની સાથે લગભગ દસથી બાર હજાર વૈષ્ણવો આવ્યા હતા. આપશ્રી તે સંન્યાસીની પાસે

ગુફામાં પધાર્યા અને બધા વૈષ્ણવો ગુફાની બહાર ઉભા રહ્યા. આ વૈષ્ણવોની ભીડ જોઈને તે સંન્યાસીના સીપાઈઓ અને કારભારીઓએ તે બધા વૈષ્ણવોને શાંત રહેવા જણાવ્યું પરંતુ બધા વૈષ્ણવો તે સન્યાસી ઉપર ખૂબજ ગુસ્સે ભરાય હતા. એથી એમણે ઘણો જ શોરબકોર મચાવી દીધો. આ બધી ધમાલ સાંભળી તે સન્યાસી આપશ્રીને લઈને ગુફાની બહાર આવ્યો અને પછી ધમાલ વધી ના જાય એ માટે તે સન્યાસી આપશ્રીના વખાણ કરતો હોય તે રીતે આપશ્રીને કહેવા લાગ્યો "તમે તો બહુ સારા અને ઉદાર બ્રાહ્મણ છો અને આપે અહીં પધારવાની તસ્દી શા માટે લીધી ? આપ અહીં પધારવાના છો એ વાત મને અગાઉથી ખબર પડી હોત તો હું સારૂ સ્વાગત કરત. આપ માલા પહેરો કે ના પહેરો એની સાથે મારે કોઈ નિસ્બત નથી. એ સંબંધ તો બાદશાહ જાણે ને આપ જાણો," એવા અનેક પ્રપંચભરેલા વાક્યો તે સન્યાસી બોલવા લાગ્યો કે જેથી લોકો કાંઈક ઠંડા થયા. ત્યારપછી આપશ્રીએ તો ત્યાંથી જવા માટે તૈયારી કરી તે વખતે બધા વૈષ્ણવોએ આપશ્રીની જય બોલાવી. આ જયધ્વનિ સાંભળી તે સન્યાસીનું મોં ઉતરી ગયું અને તે ઝંખવાણો પડી ગયો. પછી ત્યાંથી ચાલીને આપશ્રી બધા વૈષ્ણવોની સાથે પોતાના મુકામે પધાર્યા.

મેજર અને પત્ર

આ રીતે આ સન્યાસી આપશ્રીની સામે અનેક વાર પાછો પડયો પરંતુ તે પોતાનો દૂરાગ્રહ હજુ છોડતો નથી. જ્યારે ચિદ્રુપનું આ રીતે શ્રીગોકુળનાથજી આગળ કંઇ ચાલ્યું નહિ ત્યારે તેણે પંચ

એક મેજર (દસ્તાવેજ) તૈયાર કરાવ્યું અને તેમા લખ્યું કે, **"શ્રી ગોકુલનાથજી સિવાય તમામ સ્વામીઓએ પોતાના સેવકો સાથે માળા ઉતારી દીધી છે. આ ઉપરાંત આ શ્રી ગોકુલનાથજી એ બાબતમાં કોઇનું પણ કહ્યું માનતા નથી અને માળા ઉતારતા નથી."** આ પ્રમાણે મેઝર તૈયાર કરાવ્યું અને જેઓ એ માળા ઉતારી હતી તે બધાની તેમાં સહી કરાવી અને પછી તેના ઉપર કાઝીની મહોર છાપ કરાવી તે મેઝર અને તેની સાથે એક પત્ર બાદશાહ ઉપર તે સન્યાસીએ મોકલી આપ્યા. આ મેઝર અને પત્ર બન્ને આસફખાન પાસે આવી પહોંચ્યા અને એ વાંચીને તે સમજી ગયો કે મામલો છેક જ બગડી ગયો. આસફખાનને તો ખાત્રી થઇ ચુકી હતી કે તે સંન્યાસી ઢોંગી ને તોફાની છે અને બાદશાહે આપેલા વચનનો તે અયોગ્ય લાભ લઈ રહ્યો છે. આથી આ મેઝર અને પત્ર તે આસફખાને બાદશાહને નહિ બતાવતા પોતાની પાસે દાબી રાખ્યા.

હવે એક દિવસ બાદશાહે સંન્યાસી તરફના સમાચાર પૂછ્યા તે વખતે આસફખાને મેઝર અને પત્ર બન્ને બાદશાહને દેખાડયા. એ વાંચી બાદશાહે આગ્રાના હાકેમ દ્વારા આપશ્રીને તેડાવવા અંગેનો પત્ર મોકલાવ્યો. આ ઉપરાંત આસફખાને પણ એક ખાનગી પત્ર લખી શ્રીગોકુલનાથજીને કાશ્મીર પધારવા માટે જણાવ્યું. આપશ્રી પાસે આ બન્ને પત્રો આવી પહોંચ્યા અને એ પત્રો વાંચી આપશ્રીએ કાશ્મીર બાદશાહ પાસે જવા વિચાર કર્યો· ત્યારબાદ આપશ્રીએ પોતાના સેવકોની રજા લઇને શુભ મુહુર્તમાં કાશ્મીર પધારવાનો નિશ્ચય કર્યો.

આપશ્રીનું કાશ્મીર તરફ પ્રયાણ

સંવંત ૧૬૭૭ ના અસાડ વદ ૯ના પવિત્ર દિવસે આપશ્રીએ કાશ્મીર તરફ પ્રયાણ કર્યું. શ્રી ગોકુલથી કાશ્મીર ૪૪૪ ગાઉ દુર હ છતાં આપશ્રી ૪૯મા દિવસે કાશ્મીર પહોંચ્યા હતા આપશ્રીની સાથે લગભગ બસો વૈષ્ણવો હતા અને કેટલાંક વાહનો પણ હતાં. આપ શ્રીની આ મુસાફરી ચોમાસામાં યોજાઈ હતી એ ખાસ નોંધવા જેવી બીના છે.

અદેખા દુશ્મનનો આપશ્રી ઉપર ખોટો આરોપ

હવે આપશ્રી તો પોતાના સેવકો સાથે કાશ્મીર તરફ જઈ રહ્યા છે એ વખતે કોઈ એક અદેખા દુશ્મને તે ચિદ્રુપ સંન્યાસીને જણાવ્યું કે શ્રીગોકુલનાથજીએ પૈસા આપીને કોઈ મારા દ્વારા તમને મારી નખાવવાનો પેંતરો રચ્યો છે. આ જાણીને તો ચિદ્રુપને જોઇતી વાત મળી ગઈ એને આટલું જ જોઈતું હતું. આથી તે સંન્યાસીએ હાકેમને બોલાવી પંચાયત નામું કરાવ્યું અને ત્યાં હાજર રહેલા સૌની તેમાં સહીઓ લીધી, પરંતુ શકદારે તેના ઉપર મહોર પાડવાની ના પાડી. આથી જો કે શકદારને પોતાની શકદારી ગુમાવવી પડી પરંતુ તેણે ખોટી મહોર તો ના જ મારી.

ત્યારબાદ આ પંચાયતનામુ બાદશાહને મોકલી આપવામાં આવ્યું અને જ્યારે બાદશાહે તે વાંચ્યું ત્યારે બાદશાહને એમ લાગ્યું કે "આ બધી વાત ખોટી લાગે છે. શ્રી ગોકુલનાથજી તો એક

ડીને પણ દુઃખ દે તેવા નથી તો પછી માણસને મારી ાંખવાની વાત તો ક્યાં રહી! સંન્યાસીની આ બધી ટપટ ખોટી લાગે છે." આમ આ પંચાયતનામુ વાંચી બાદ- હના મગજમાંથી સંન્યાસી પ્રત્યેનો રાગ ઓછો થવા માંડ્યો અને ની નજરમાં તે જૂઠો જણાવા માંડ્યો.

આપશ્રીનું કાશ્મીરમાં સ્વાગત

હવે આ બાજુ આપશ્રી પોતાના સેવકો સાથે કાશ્મીર પાસે ાવી પહોંચ્યા એ વખતે કાશ્મીરના વૈષ્ણવો આપશ્રીને પધરાવવા ામે ગયા. આપશ્રી માટે એક સુંદર મજાના બગીચામાં ઉતારાની વસ્થા થઈ. ત્યારબાદ આપશ્રી પધાર્યા છે તે સમાચાર આસફખાનને ણાવ્યા. આથી આસફખાન ઘણો જ પ્રસન્ન થયો. ત્યારબાદ આ માચાર બાદશાહને જણાવવામાં આવ્યા અને તેથી બાદશાહે આ ંગે આપશ્રી સાથે એક દિવસ વાતચીત કરવાનું નક્કી કર્યું.

આપશ્રી અને બાદશાહ વચ્ચે સંવાદ

સંવત ૧૬૭૭ ના આસો વદ ૨ ને રવિવારે બાદશાહે આપશ્રીને પોતાની પાસે બોલાવ્યા. આથી આપશ્રી બાદશાહની પાસે પધાર્યા અને સૌથી પ્રથમ આપશ્રીએ બાદશાહને નવ રૂપિયા, શ્રીફળ, પ્રસાદી બીડા અને પવિત્રા આપીને આશિર્વાદ આપ્યો. ત્યારબાદ બાદશાહે આપશ્રીના કુશળ સમાચાર પૂછ્યા અને પછી આપશ્રી અને બાદશાહ વચ્ચે નીચે પ્રમાણે વાતચીત થઈ.

બાદશાહ—ચિદ્રુપ સન્યાસીના કહેવા પ્રમાણે આપે હજુ માલા ઉતારી નથી ?

શ્રી ગોકુલનાથજી—કારણ કે એ સન્યાસીની વા બીલકુલ શાસ્ત્ર વિરોધી અને અયોગ્ય છે. આપ સારી સમજી શકો છો કે સૌ કોઇને પોતાનો ધર્મ પ્યારો હોય માળા પહેરવી એ અમારા ધર્મમાં મુખ્ય છે. તો આ માળાત્યાગમાં તો અમારો ધર્મ જાય તે અમે કંઈ સહન કરી શકીએ.

બાદશાહ—જો આપ માળા છોડવાના નહોતા તો તે દિ આવે લખી શા માટે આપ્યું ?

શ્રી ગોકુલનાથજી—અમે તો એમ લખી આપ્યું હતું સન્યાસી અમારા ધર્મ આને શાસ્ત્ર પ્રમાણે જે કાંઈ કહે તે અમા માનવું (આ વખતે આસફખાન વચમાં બોલી ઉઠે છે.)

આસફખાન—દીક્ષિતજી આપ તો બ્રાહ્મણ છો અને બ્રાહ્મણ તો જનોઇ મુખ્ય હોય. માળા કાંઇ મુખ્ય ના ગણાય. તે પછી આ માળા ઉતારવામાં આપને કયાં વાંધો આવ્યો જનોઈ ઉતારો તો તે વાંધો સમજી શકાય, પણ આમા ખોટું શું છે

શ્રી ગોકુલનાથજી—અમારા ધર્મમાં જનોઇ કરતાં માળાનું વધારે અગત્યનું સ્થાન છે. તે માટે શાસ્ત્રમાં અને પ્રમાણો છે. માટે અમે આ માળાનો ત્યાગ મરણાંતે પ નહિ કરીએ.

બાદશાહ—જ્યારે આપને માળા પહેરવાનો આટલો બધો આગ્રહ છે તો આપ સોનાની કે મોતીની માળા પહેરોને.

શ્રી ગોકુલનાથજી—સોનાની કે મોતીની માળા તો વળ શરીરની શોભા વધારવા માટે પહેરવામાં આવે છે જ્યારે અમારે એવી શોભા વધારવી નથી. અમારે તો અમારા ધર્મની જે તુલસીની માળા છે તેને જ અમે ચાહીએ છીએ.

બાદશાહ—ધર્મ પ્રમાણે તો તમે રુદ્રાક્ષની માળા પણ હેરી શકો.

શ્રી ગોકુલનાથજી—આપ જે કહો છો તે યોગ્ય છે પરંતુ ણવ ધર્મ અને શૈવ ધર્મમાં ઘણો ફેરફાર છે. શૈવધર્મવાળા દ્રાક્ષની માળા પહેરે છે જ્યારે અમારા વૈષ્ણવ સંપ્રદાયમાં ા તુલશીની માળા જ સૌ કોઇએ પહેરવી જોઇએ.

બાદશાહ—આ તમે જે કાંઇ કહો છો તે બધુ ખરું પરંતુ હું સન્યાસી સાથે વચનથી બંધાઇ ગયો હોવાથી આપને માલા તારવી પડશે. આ બાબતમાં તમારે વધારે હઠ કરવી જોઇએ નહિ.

શ્રી ગોકુલનાથજી—એ કદી ના બની શકે, કારણ માલા તો અમારા શિર સાટે છે. માલાને તો અમે અમારા ધર્મનું ચિન્હ માનીએ છીએ. તેથી તેનો ત્યાગ તો કોઈ પણ પ્રકારે મની શકશે નહિ.

બાદશાહ—જો આપનો આંટલો બધો આગ્રહ હોય તો એ માંથી એક વાત મંજુર રાખવી પડશે. કાંતો આપ મા ત્યાગ કરો અથવા આપ ગોકુળ ગામનો ત્યાગ કરો. બેમ જે પસંદ હોય તે કરો.

શ્રી ગોકુલનાથજી—જો આપનો એવો હુકમ હશે તો ધર્મને કારણે અમારા ઘરબારનો ત્યાગ કરી દઈશું કા કે અમે ઘર કરતા ધર્મને વધારે ચાહીએ છીએ.

બાદશાહ—તો આપ પછી કયાં જઇને રહેશો ?

શ્રી ગોકુલનાથજી—અમો અમારા દક્ષિણ દેશમાં જઇને ર

બાદશાહ—એ તો ઘણું દૂર છે.

શ્રી ગોકુલનાથજી—તો આપ આજ્ઞા કરો ત્યાં જઈએ.

બાદશાહ—હું આપના ઉપર પ્રસન્ન છું અને એથી છોડીને આપને જ્યાં જવું હોય તે માટે રજા આપું છું.

આપશ્રી ગોકુલ તરફ

ત્યારબાદ આપશ્રી કાશ્મીરથી ચાલી નીકળ્યા અને ગોકુળ પહોંચ્યા. ગોકુળના વૈષ્ણવોએ જાણ્યું કે ચિદ્રુપતો આપશ્રીની ના ઉતરાવી શકયો પરંતુ બાદશાહ પણ ના ઉતરાવી શકયો આ રીતે આપશ્રી માળાના રક્ષણઅર્થે જ્યારે વિજય મેળવીને પધાર્યા ત્યારે બધા વૈષ્ણવો ખૂબ જ આનંદમાં આવી ગયા.

હવે આપશ્રીએ તો બાદશાહ પાસે ગોકૂલ છોડવાનું કબૂલ કર્યું હતું પરંતુ તે છોડીને વારાણસી જવું કે સોરમજી જવું તે વાતનો નિશ્ચય નહોતો કર્યો. ત્યારબાદ આપશ્રીએ વિચાર કર્યો કે જો વારણસીમાં નિવાસ થાય તો ચિદ્રુપ વળી પાછો કનડગત કરે અને એથી આપશ્રીએ સોરમ જવાનું જ નક્કી કર્યું. આપશ્રી પોતાના થોડા સેવકોને લઇને માગસર સુદ ૬ ને સોમવારે સોરમ આવી પહોંચ્યા. સોરમથી દક્ષિણ તરફ અમરવન નામનું એક સ્થળ જોયું અને ત્યાં ગંગાજીના વચમાં એક મોટો કરાડો પડતો હતો તે કઢાવીને ત્યાં ગંગાઘટ બનાવ્યો અને તે ગંગાઘાટ પર આપશ્રી બીરાજ્યા. આ ઘાટને વૈષ્ણવો ગોકુલઘાટ અથવા વલ્લભઘાટને નામે ઓળખે છે. અહીં આપશ્રીએ શ્રી ઠાકોરજીની સેવા વગેરેનો ખાસ પ્રબન્ધ કરાવ્યો અને તે ઉપરાંત વૈષ્ણવો જલઘરીયા, ભીતરીયા વગેરેને રહેવાનો પણ પ્રબન્ધ કરાવી આપ્યો.

આપશ્રીનો સોરમમાં મુકામ

શ્રી ગોકુલનાથજી ગોકુલથી સોરમ પધાર્યા છે એ સમાચાર સાંભળીને આજુબાજુના અનેક વૈષ્ણવો અને જુદા જુદા રાજાઓ આપશ્રીના દર્શન કરવા માટે આવવા લાગ્યા. અરે ચોર લોકો પણ આપશ્રીના દર્શન કરવા આવતા અને પવિત્ર બની જતા અને આપશ્રીની સેવામાં લાગી જતા આમ આ સોરમ ગામમાં તો વૈભવ ખૂબ વધવા માંડયો અને આપશ્રી સોરમમાં બીરાજીને પોતાના સમસ્ત આશ્રિતજનોનું અનેક પ્રકારે પોષણ કરતા હતા.

આ તરફ ચિદ્રુપે આપશ્રીના વૈભવ અને સુખના સમાચાર સાંભળીને ઇર્ષ્યાથી આપશ્રીને કષ્ટ આપવાના ઈરાદાથી સોરમના હાકેમ ઉપર એક પત્ર લખીને જણાવ્યું કે, "શ્રીગોકુલમાથજી ત્યાં આવ્યા છે અને તેમને કોઈપણ જાતની સગવડ આપશો નહિ. અમારૂં કહ્યું તમે નહિ માનો તો પરિણામ સારૂ આવશે નહિ." આથી આ પત્રની વાત સોરમના હાકેમે આપશ્રીને કરી અને જણાવ્યું કે, "આપને કષ્ટ પડે તે માટે આપ અહીંથી બીજે જતા રહો." આ સાભળી તે હાકેમને સંભળાવી દીધું કે, "અમે કાંઈ એ સન્યાસીના કહેવાથી અહીં નથી આવ્યા પરંતુ બાદશાહના હુકમથી જ અમે અહીં આવ્યા છીએ. જો તમને તે સન્યાસીનો ભય હોય તો તેને લખી જણાવો કે મારા કહેવાથી શ્રીગોકુલનાથજી અહીંથી બીજે ક્યાંય જવાના નથી." આવો બહાદુરી ભરેલો આપશ્રીનો જવાબ સાંભળીને તો તે હાકેમ ખૂબ નવાઇ પામીને આપશ્રીની પાસેથી જતો રહ્યો અને તેણે ગામમાં જાહેર કરી દીધું કે કોઇએ પણ શ્રીગોકુલનાથજીને સીધુ સામ્રગી આપવા નહિ. હાકેમનો આવો હુકમ જાણીને કોઇ પણ માણસ આપશ્રીને સીધુસામ્રગી આપી શકતો નહિ પરંતુ એક વાણીયાએ હિમ્મત રાખીને આપશ્રીને જોઈતી તમામ સગવડો પુરી પાડવા માટે કમર કસી. તે વાણીયો દિવસે બધાને ઘેર જઈને સીધુ-સામગ્રી ઉઘરાવી લાવતો અને રાતે તે આપશ્રીને પહોંચાડી દેતો. આ રીતે કેટલાંક દિવસ ચાલ્યું. પછી આ વાત જ્યારે આગરાના હાકેમ લશ્કરખાને જાણી ત્યારે લશ્કરખાને સોરમના હાકેમને પત્રદ્વારા ઠપકો આપી જણાવ્યું કે, "શ્રીગોકુલ-

નાથજી બાદશાહના હુકમથી ત્યાં પધારેલા છે. માટે એમને કોઇપણ જાતની હેરાનગતી કરશો નહિ." આ પત્ર વાંચીને સોરમના હાકેમને સાચી પરિસ્થિતિનું ભાન થયું અને ત્યારબાદ તે આપશ્રીની માફી માંગવા લાગ્યો. આ રીતે આપશ્રીની મુશ્કેલી ઓછી થઇ ગઇ અને પછી તેઓ કોઈપણ જાતના ભય વીના નિશ્ચિંતપણે સોરમમાં રહેવા લાગ્યા.

શ્રી ગીરધરજીનો લીલાવાસ

હવે આ રીતે આનંદમાં આપશ્રી બીરાજતા હતા તે વખતે એક દિવસ શ્રીગીરધરજીના લીલામાં પધારવાના સમાચાર આપશ્રી પાસે આવ્યા. આથી આપશ્રીએ કુટુંબપરિવાર સાથે ગંગાજીમાં સ્નાન કર્યું અને ત્યારબાદ વહુજી અને બીજા બાળકોને સાથે લઇને આપશ્રી ગોકુળ પધાર્યા. હવે આપશ્રીએ બાદશાહને તો લખી આપ્યું હતું કે પોતે ગોકુળમાં ધરમાં નહિ રહે આથી આપશ્રી પોતાના ઘેર નહિ જતાં પુષ્પાવતી બાઈને ઘેર પધાર્યા. ઘણાં જ લાંબા સમયે આપશ્રી ગોકુળમાં પધાર્યા છે એ સમાચાર જાણીને ગોકુળના બધા જ વૈષ્ણવો આપશ્રીના દર્શન કરવા માટે આવ્યા. ત્યારબાદ આપશ્રી પાછા સોરમ પધાર્યા.

બાદશાહની પીડા અને નૂરજહાંનો ઉપદેશ

હવે પેલી બાજુ બાદશાહ જહાંગીર કાશ્મીરથી આગરે આવવા નીકળ્યો. આ વખતે રસ્તામાં બાદશાહના પેટમાં કંઈક પીડા ઉપડી

અને તેથી તે હેરાન થવા લાગ્યો. આથી બાદશાહે મથુરાના બ્રાહ્મણોને દાન આપવા માટે કેટલુંક સોનુ સારંગદેવ સાથે મથુરા મોકલાવ્યું. આ સોનામાંથી મોટા ભાગનું સોનું પેલા સન્યાસીએ પોતાની પાસે રાખી લીધું અને થોડુંક જ સોનું અન્ય બ્રાહ્મણોને વહેંચી આપ્યું. આ સમાચાર જ્યારે નૂરમહાલ (નૂરજહાં)ને મળ્યા ત્યારે તેણે બાદશાહને જણાવી દીધું કે, "આપે દાન કરવા માટે મોકલાવેલ સોનામાંથી તો પેલા દુષ્ટ સન્યાસીએ મોટા ભાગનું સોનું લઈ લીધું છે. તે તો મહા પાખંડી છે અને તેના કહ્યા મુજબ તમે ચાલો છો તે બીલકુલ યોગ્ય નથી. તેના કહ્યા પ્રમાણે ચાલીને આપે શ્રી ગોકુલનાથજીને ભયંકર અન્યાય કર્યો છે અને તેથી જ તમને આ પીડા થઇ શકે છે. આપણે કોઇને હેરાન કરીએ તો આપણે જ હેરાન થઇએ. માટે હવે તમે હુકમ કરાવીને શ્રી ગોકુલનાથજીને ગોકુલ તેડી મંગાવો." આ નુરમહાલની વાત સાંભળી બાદશાહને સાચી પરિસ્થિતિનું ભાન થયું અને આ રીતે કારણ વગર આપશ્રીને દુઃખ આપવા બદલ તે ઘણો જ પસ્તાવો કરવા લાગ્યો. બાદશાહને ખાત્રી થઇ ગઇ કે સન્યાસી અધર્મી અને જુઠો છે અને તેથી બાદશાહે નક્કી કર્યું કે આવા દુષ્ટ પુરુષનું મુખ કદી ના જોવું.

ત્યાર પછી બાદશાહ શેરગઢ આવી પહોંચ્યો. અહીં આગળ બાદશાહે કેટલાક વૈરાગીઓ પાસેથી નીચેનું એક પદ સાંભળ્યું.

"ફીર વ્રજવસો શ્રી ગોકુલનાથ" આ પદ સાંભળી

બાદશાહ ખુબ પ્રસન્ન થયો અને વિચારવા લાગ્યો કે, આપશ્રીનું માન ચારે બાજુ છે. અને મેં પેલા સન્યાસીના વ્યર્થ પ્રપંચમાં ફસાઇને તમને ખોટી રીતે હેરાન કર્યા." આ રીતે બાદશાહનો વિચાર પલટો એ આપશ્રીનો માલાતિલક અંગેનો વિજય જ બતાવે છે.

બાદશાહની માળા પહેરવા માટેની પરવાનગી

શેરગઢથી બાદશાહ મથુરા તરફ જવા નીકળ્યો. હવે આ સમાચાર મથુરાના લોકોએ જાણ્યા તે વખતે જે લોકોને સન્યાસીએ બળજબરીથી માળા ઉતરાવી હતી તે બધા અકુરઘાટ ઉપર આવ્યા અને બાદશાહની રાહ જોવા લાગ્યા. જ્યારે બાદશાહનું નાવ તે ઘાટ ઉપર આવ્યું ત્યારે બધા લોકોએ બાદશાહની જય બોલાવી અને પછી એ બધાએ બાદશાહને માળા ધારણ કરવા માટેની પરવાનગી આપવા જણાવ્યું. આથી બાદશાહે તેઓને ઈશારાથી માળા પહેરવાની આજ્ઞા આપી અને આપશ્રીના ખૂબ વખાણ કર્યા.

આ પ્રમાણે એ બધા લોકોને માળા પહેરવાનો હુકમ આપી બાદશાહનું નાવ આગળ ચાલ્યું. ત્યારબાદ વચમાં પેલા સન્યાસીનો મુકામ આવતા નાવ ચલાવનારે સૂરજકુંડ આગળ નાવ અટકાવ્યું. આથી બાદશાહે નાવ અટકાવવાનું કારણ પૂછ્યું. તે વખતે તેણે જવાબ આપ્યો કે, "અહીં સન્યાસીનો મુકામ છે. તેને મળવું હોય તો આપ જઈ આવો." આ સાંભળીને બાદશાહે મ્હોઢું બગાડીને જવાબ આપ્યો કે, "ના ના, એવા દુષ્ટ

માણસનું અમારે મ્હોઢું પણ જોવું નથી. એની માયાજાળ હવે હું જાણી ગયો છું માટે નાવ આગળ ચલાવો." આથી નાવ આગળ ગયું

જ્યારે ચિદ્રુપને ખબર પડી કે બાદશાહ મને મળ્યા વગર સીધા ચાલ્યા ગયા એથી એને ભયંકર અપમાન જેવું લાગ્યું. અને પછી તો હોળીના દિવસોમાં મથુરાજીના ચોબાઓ પણ તે સન્યાસીની મશ્કરી કરવા લાગ્યા. આથી ગભરાઈને તે સન્યાસી વારાણસી જતો રહ્યો. ત્યાર પછી બાદશાહ ગોકુલ આવી પહોંચ્યા. ગોકુલને ઉજ્જડ જોઇને પોતાના માણસોને પૂછ્યું કે, "ગોકુલ આમ સુનું સુનું કેમ લાગે છે?" આથી બાદશાહના માણસોએ જણાવ્યું કે, "શ્રી ગોકુલનાથજી વગર ગોકુલની આવી દશા થઈ ગઈ છે." આથી બાદશાહે હુકમ કર્યો કે, "શ્રી ગોકુલનાથજીને જેમ બને તેમ જલદીથી તેડી મંગાવો." આ વખતે આપશ્રીના ભાણેજ મધુસુદન ત્યાં હાજર હતા. એમને એક પત્ર લખીને આપ્યો. એ પત્રમાં આપશ્રીને શ્રી ગોકુળ પધારવા માટે જણાવ્યું હતું.

આ પત્ર લઇને મધુસુદન સોરમ તરફ જવા રવાના થયા. આ મધુસુદન પહોંચે પહેલા જ આપશ્રીને આ સમાચાર મળી ગયા હતા અને એથી આપશ્રી તથા સેવકો ખૂબ જ પ્રસન્ન થયા. ત્યાર પછી મધુસુદન પત્ર લઈને આવી પહોંચ્યા અને આપશ્રીને તે પત્ર આપીને જણાવ્યું કે, "બાદશાહના વિચારો હવે

સાવ ફરી ગયા છે અને અને તમારા ઉપર ખુબ જ ખુશ થઇને શ્રી ગોકુળ પધારવા માટે જણાવ્યું છે." ત્યારબાદ તે પત્ર આપશ્રીએ વાંચ્યો તો તેમાં બાદશાહે નીચે પ્રમાણે લખેલું હતું,

"મેં આપને ભયંકર અન્યાય કર્યો છે. પરંતુ હવે મને સમજાયું છે કે તમે તમારા ધર્મમાં બીલકુલ સાચા છો. તમે તમારા માલાતિલક ખાતર આટલા બધા કષ્ટો સહન કર્યાં અને છેવટે તમારો જ વિજય થયો છે. આપને જે કાંઇ મુશ્કેલીઓ પડી હોય તે માટે હું આપની પાસે ક્ષમા માગું છું. હવે આપ ખુશીથી શ્રી ગોકુલ પધારો."

ત્યારપછી આપશ્રીએ સોરમમાં દોલોત્સવ કર્યો અને ચૈત્ર વદ ૫ ને શુક્રવારના દિવસે આપશ્રી સોરમથી નીકળીને શ્રીગોકુળમાં પધાર્યા.

હવે આ રીતે શ્રી ગોકુલનાથજી માલાતિલકના રક્ષણ અર્થે વિજય મેળવીને શ્રી ગોકુળમાં પધાર્યા. તે વખતે બધા જ વૈષ્ણવો ખૂબ પ્રસન્ન થયા અને બધા ભેગા મળીને આપશ્રીનું સ્વાગત કર્યું. આપશ્રીના પધારવાથી શ્રીગોકુળ પહેલાના જેવું જ બની ગયું. ધર્મનો જય થયો અને અધર્મ તથા પાપનો નાશ થયો. સત્ય હતું તે સત્ય જ રહ્યું અને અસત્યનો અસ્ત થયો.